પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

ન્યુ રીનોવેટેડ A/c.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

# અબતક ®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૭-૩-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક: ૩૦૫
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

### નેપાળમાં જેન ઝી નું રાજ!!!

# ૩૫ વર્ષના બાલેન શાહ બનશે નેપાળના વડાપ્રધાન



## ડિજિટલ રણનીતિ અને યુવા જોશથી સોશિયલ મીડિયાના માધ્યમથી ઘર-ઘર સુધી પહોંચેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી નેપાળમાં આધુનિક વિકાસની નવી આશા ઊભી કરશે

**અબતક, કાઠમંડુ**

લોકશાહીની પાયાની વ્યાખ્યા એટલે ''લોકો દ્વારા, લોકો માટે અને લોકોનું શાસન''. પરંતુ આધુનિક યુગમાં આ વ્યાખ્યા હવે નવા આયામો સર કરી રહી છે. વિશ્વ આજે એક એવા વળાંક પર ઉભું છે જ્યાં પરંપરાગત રાજકારણના જૂના અને જર્જરિત કિલ્લાઓ ધરાશાયી થઈ રહ્યા છે. દાયકાઓથી ચાલી આવતી 'વોટ બેંક' અને સ્થાપિત હિતોની રાજનીતિની જગ્યાએ હવે ટેકનોલોજી, પારદર્શી શાસન અને યુવા જોશનું નવું સમીકરણ આકાર લઈ રહ્યું છે.

આ પરિવર્તનના મૂળમાં છે 'જેન ઝી' (Gen Z) - એક એવી પેઢી જે માહિતી અને

(અનુ. આઠમા પાને)

### રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી સ્થાપી ટીવી સ્ટાર બન્યાં કિંગમેકર



નેપાળના જાણીતા ટીવી પ્રેઝન્ટેટર રવિ લામિછાનેએ માત્ર ૪ વર્ષના ટૂંકા ગાળામાં 'રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી' દ્વારા દેશના રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. ટીવી પર ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવી લોકપ્રિય બનેલા રવિએ ૨૦૨૨માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને પરંપરાગત પક્ષો સામે મજબૂત વિકલ્પ ઊભો કર્યો. નાગરિકત્વ વિવાદ અને જેલવાસ જેવી અનેક કાયદાકીય મુશ્કેલીઓ છતાં, તેમણે યુવા પેઢી અને 'જનરેશન ઝેડ'નો ભરોસો જીત્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૫ના જનઆંદોલન બાદ તેમની લોકપ્રિયતા ચરમસીમાએ પહોંચી હતી. તેમણે કાઠમંડુના લોકપ્રિય મેયર બાલન શાહને પોતાની પાર્ટીમાં જોડીને મોટો રાજકીય દાવ ખેલ્યો છે. આ વ્યૂહાત્મક ગઠબંધન મુજબ, બાલન શાહ વડાપ્રધાન પદનો ચહેરો બન્યા છે, જ્યારે રવિ લામિછાને કિંગમેકરની ભૂમિકા ભજવી રહ્યા છે. આજે રવિ લામિછાને નેપાળના રાજકારણનું એવું કેન્દ્રબિંદુ બની ગયા છે, જેમના વગર સત્તાના સમીકરણો રચવા અશક્ય છે.

### અમે તમને મત આપ્યા છે, હવે કામ કરીને બતાવો: 'જેન ઝી'નો હુંકાર

૩૫ વર્ષીય બાલેન શાહ વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે નેપાળના જાગૃત યુવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, ''અમે તમને મત આપ્યા છે, હવે કામ કરીને બતાવો.'' સપ્ટેમ્બર ૨૦૨૫ના આંદોલનથી શરૂ થયેલી આ ક્રાંતિમાં યુવાનોએ ભ્રષ્ટાચાર, બેરોજગારી અને વંશવાદ સામે મોરચો માંડ્યો હતો. યુવા મતદારોનું કહેવું છે કે હવે માત્ર 'નેપાળને સ્વિટ્ઝરલેન્ડ બનાવી દેવા' જેવા પોલા વચનોથી કામ નહીં ચાલે. તેઓએ નવા નેતૃત્વ પાસે રોજગારીની તકો, મજબૂત આરોગ્ય સેવા અને શિક્ષણમાં તાત્કાલિક સુધારાની માંગ કરી છે, જેથી નેપાળના યુવાનોએ કામ માટે વિદેશ ન ભટકવું પડે. આ પેઢીએ સ્પષ્ટ કર્યું છે કે આ જીત કોઈ 'બ્લેન્ક ચેક' નથી; જો નવા નેતાઓ પરિણામ આપવામાં નિષ્ફળ જશે, તો આગામી સમયમાં જનતા તેમને પણ સત્તા પરથી ઉતારતા ખચકાશે નહીં.

# ઈરાન યુધ્ધ સમાપ્ત થવાના આરે?!! શાંતિદૂત બનશે ભારત

## વિદેશમંત્રી એસ. જયશંકર અને ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહેની દિલ્હીમાં થયેલી વાતચીતમાં ભારત મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવે તેવી શક્યતા

**અબતક, નવી દિલ્હી**

નવી દિલ્હીમાં આયોજિત 'રાયસીના ડાયલોગ ૨૦૨૬' દરમિયાન પશ્ચિમ એશિયાના તણાવપૂર્ણ માહોલ વચ્ચે એક આશાનું કિરણ દેખાયું છે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે ભારતની ધરતી પરથી આંતરરાષ્ટ્રીય સમુદાયને મહત્વનો સંદેશ આપ્યો છે, જે સૂચવે છે કે ભારત આ વિવાદમાં મધ્યસ્થી તરીકે મોટી ભૂમિકા ભજવી શકે છે.



ભારત એક એવો દેશ છે જેના સંબંધો ઈરાન, ઈઝરાયેલ, અમેરિકા અને તમામ અરબ દેશો સાથે સંતુલિત અને મજબૂત છે. આ જ કારણ છે કે જ્યારે પણ સંકટ આવે છે, ત્યારે તમામ પક્ષો ભારત તરફ આશાની નજરથી જુએ છે.

ઈરાની મંત્રીએ નવી દિલ્હીમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ટૂંકી પણ મહત્વની મુલાકાત કરી હતી. ભારતનો ઈરાન અને પશ્ચિમી દેશો બંને સાથે સંતુલિત સંબંધ હોવાથી, ભારત આ સંઘર્ષને રોકવા માટે 'શાંતિદૂત' તરીકે ઉભરી શકે છે તેવી ચર્ચાઓ તેજ બની છે.

ઈરાનના મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં 'ચેરી-પિકિંગ' (પોતાની મરજી મુજબ કાયદા પસંદ કરવા) બંધ થવું જોઈએ. તેમણે કહ્યું કે જો વિશ્વ શાંતિ ઈચ્છતું હોય તો નિયમોનું પાલન દરેક માટે સમાન હોવું જોઈએ.

આયાતુલ્લા અલી ખામેનેઈ પરના હુમલાને ઈરાને રાજદ્વારી મર્યાદાઓનું ઉલ્લંઘન ગણાવ્યું અને ચેતવણી આપી કે જો આવું ચાલશે તો કોઈ દેશ સુરક્ષિત રહેશે નહીં.ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે આક્રમણકારો સામે છેલ્લા શ્વાસ સુધી લડશે, પરંતુ જો ન્યાયપૂર્ણ રીતે કાયદાનું પાલન થાય તો શાંતિની શક્યતાઓ નકારી શકાય નહીં.

### બિનશરતી શરણાગતિ સ્વીકારો અથવા વિનાશ નિશ્ચિત: ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાની સૈન્ય લગભગ 'સફેદ થઈ ગયું' (Wiped out) છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો ઈરાન હાર સ્વીકારીને શરણાગતિ નહીં સ્વીકારે, તો તેની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવામાં આવશે. અમેરિકાએ આ ઓપરેશનને 'ઓપરેશન એપિક ફ્યુરી' નામ આપ્યું છે.

### અરબ મિત્ર દેશોની ધરતીનો ઉપયોગ કરી નિર્દોષો પર હુમલા કરવાનું બંધ કરો: ઈરાનના વિદેશમંત્રી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયાનક તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીનું તાજેતરનું નિવેદન યુદ્ધના અંતની આશા જન્માવી રહ્યું છે. ઈરાને અમેરિકા પર આકરા પ્રહારો કરવાની સાથે સાથે પોતાના પાડોશી અરબ દેશોને ''મિત્ર અને ભાઈ'' ગણાવ્યા છે. આ નિવેદન સૂચવે છે કે ઈરાન હવે સંઘર્ષ વધારવાને બદલે પ્રાદેશિક એકતા અને શાંતિ તરફ ડગલાં માંડી રહ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તેઓ અરબ દેશો સાથે સદીઓથી સ્નેહ અને મિત્રતાથી રહે છે. જ્યારે કોઈ દેશ પોતાના પાડોશીઓને 'મિત્ર' ગણાવે, ત્યારે તે સંકેત આપે છે કે તે મોટા પાયે પ્રાદેશિક યુદ્ધ ઈચ્છતું નથી.

# ન હોય, સોનું પણ ડિસ્કાઉન્ટમાં વેચાવા આવ્યું!



## કાર્ગો અને ફ્લાઈટ્સ રદ થતાં સોનાની ડિલિવરીમાં મુશ્કેલી, દુબઈમાં સંગ્રહખોરી અને વીમાના ખર્ચથી બચવા ટ્રેડરો ઔંસ દીઠ 30 ડોલર સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને તણાવની સ્થિતિને કારણે દુબઈમાં ફસાયેલું સોનું અત્યારે મોટા ડિસ્કાઉન્ટ પર વેચાઈ રહ્યું છે. ફ્લાઈટ્સ રદ થવાને કારણે અને યુએઈનો એરસ્પેસ આંશિક રીતે બંધ હોવાથી કાર્ગો ખસેડવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. અત્યારે ગ્રાહકો પણ ઊંચા શિપિંગ ચાર્જ અને વીમા ખર્ચ ચૂકવવા તૈયાર નથી, કારણ કે સમયસર ડિલિવરીની કોઈ ગેરંટી નથી. આથી, સંગ્રહખોરી અને વીમાનો વધારાનો ખર્ચ ટાળવા માટે ટ્રેડરો લંડન બેન્ચમાર્ક કરતા ઔંસ દીઠ ૩૦ સુધીનું મોટું ડિસ્કાઉન્ટ આપીને સોનું વેચવા મજબૂર બન્યા છે.

આ ભૌગોલિક રાજકીય તણાવ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવની સીધી અસર વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડી રહી છે. ઓગમોન્ટ એન્ટરપ્રાઈઝિસના રિસર્ચ હેડ રેનિષા ચૈનાનીના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ્સ રદ થવાને કારણે કાર્ગો

(અનુ. આઠમા પાને)

### ભારતમાં સોના-ચાંદીના ભાવમાં કડાકો નોંધાયો

એક તરફ દુબઈમાં સોનું ડિસ્કાઉન્ટમાં વેચાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ ભારતમાં સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં શુક્રવારે સોનાના ભાવમાં રૂ. ૧,૧૦૦ નો ઘટાડો નોંધાયો છે, જેના કારણે ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ. ૧.૬૪ લાખ પર આવી ગયો છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર ૯૯.૯ ટકા શુદ્ધતાવાળું સોનું લગભગ ૧ ટકા ઘટીને ૧,૬૪,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયું છે. આ સાથે બુલિયન માર્કેટમાં ચાંદી પણ ૬૦૦ રૂપિયા ઘટીને ૨,૭૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

### લોજિસ્ટિક્સ ખર્ચમાં ૭૦ ટકા સુધીનો તોતિંગ ઉછાળો

એમએમટીસી-પીએમપી ના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર સમિત ગુહાના જણાવ્યા અનુસાર નવા કોન્ટ્રાક્ટ માટે લોજિસ્ટિક્સ ખર્ચમાં ૬૦ થી ૭૦ ટકાનો ઉછાળો આવ્યો છે. એચડીએચસી સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીના જણાવ્યા મુજબ, યુએસ ડોલરની મજબૂતી અને ટ્રેઝરી યીલ્ડ વધવાને કારણે આ અઠવાડિયે સોના અને ચાંદી બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે. લેમન માર્કેટ્સ ડેસ્કના રિસર્ચ એનાલિસ્ટ ગૌરવ ગર્ગ અને એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદી પણ આ યુદ્ધની સ્થિતિ અને મેક્રોઇકોનોમિક આંકડાઓની બજાર પર થતી અસર પર નજર રાખી રહ્યા છે.



# ફળકથન   સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ   અ,લ,ઈ

ખાનગી શૈક્ષણિક સંસ્થાના માલિક માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના અને સંયોગ. ફેબ્રીક ક્ષેત્રે, પોલી ક્લોથ્સ તથા રેડીમેડ ગાર્મેન્ટ્સ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે, આ સપ્તાહ આંશિક પ્રતિકૂળ અથવા સરેરાશ રહે તેવી સંભાવના. પ્લાસ્ટિક મટીરીયલ્સના ઉત્પાદક માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના તથા વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ.સરકારી કર્મચારી માટે આ સરેરાશ તથા વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. પરિવાર સાથે હળવા વિખવાદ થવાના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ ૧૩ તથા ૧૪ માર્ચ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ   બ,વ,ઉ

ઉચ્ચસ્થ શનિ એવમ વાયુ તત્વની રાશિના બલિષ્ઠ શનિવાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. ઉતાવળ પર કાબુ રાખી, અધૂરા કામ પૂરા કરવા. જૂની ઉઘરાણી પાકવાના સંયોગ શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી કર્મચારી, પોલીસ કર્મી માટે આ સપ્તાહ હળવું લાભકારી તથા દોડધામ વાળું નીવડશે સાથોસાથ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગા-સ્નેહી સાથે નાની ગેરસમજ થઈ જવાની શક્યતા. મિત્ર તરફથી હળવો સહકાર મળશે. યુવાવર્ગ માટે થોડો પરિશ્રમ વાળું સપ્તાહ. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૩ તથા ૧૪ માર્ચ સામાન્ય જણાશે.

### મિથુન   ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન નિરાંત તથા માનસિક શાંતિ વળવાની સંભાવના. દરેક પ્રકારના નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારીના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. પરિશ્રમ વાળા કોઈ પણ એકમના જાતકો બહુ લાભ થવાની સંભાવના. જૂની ઉઘરાણી કે લેણી રકમ પાકવાની સંભાવના, તેમજ ટલ્લે ચડી ગયેલાં ધંધા વ્યવસાયના કામકાજનો નિવેડો આવશે તેવી પૂર્ણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તેમજ નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. કેવળ ૧૨ માર્ચનો દિવસ સાવ મધ્યમ જણાશે.

### કર્ક   ડ,હ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ રહે તેવી સંભાવના, હજુ પણ આવા જાતકે વિવાદ-વિખવાદ ન સર્જાય તેના માટે ખાસ સંભાળ લેવી. નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. તથા કઠિન પરિશ્રમ વાળા વ્યાપાર-ધંધાના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે હળવા આર્થિક લાભ સાથે આ સપ્તાહ ચડાવઉતાર વાળું નીવડશે. કુટુંબીજન કે સગા વચ્ચે હળવી અણસમજ થવા સંભાવના, પરંતુ સાથ સહકાર અકબંધ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. કેવળ, ૧૧ માર્ચનો દિવસ જ સાવ સામાન્ય અથવા સરેરાશ રહેશે.

### સિંહ   મ,ટ

સિંહ રાશિના સર્વ જાતક માટે આ સપ્તાહ ધરપત વાળું તેમજ બહુ લાભદાયક નીવડશે. ધંધા એવમ વ્યવસાયના હેતુસર સ્થળાંતર એવમ પ્રવાસ થવાની પૂરી સંભાવના. આ સપ્તાહે જૂની ઉઘરાણી પાકશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક એવમ નાના વ્યાપારી જાતક તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે સાથોસાથ પ્રમોશનના સંયોગ પણ જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ લાભદાયક એવમ સાનુકૂળ નીવડશે. સગા તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કેવળ, ૧૩ માર્ચ સાવ સાધારણ રહેશે.

### કન્યા   પ,ઠ,ણ

સખત પરિશ્રમ કરનાર જાતક, કારીગર વર્ગ તથા તમામ શ્રેણીના શિલ્પી માટે આ સપ્તાહ કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન આવકના નવા નવા સ્રોત મળવાની પૂરી શક્યતા એવમ સંયોગ. જૂના કરજ કે લોનમાંથી મુક્ત થવાના તથા પડતર ઉઘરાણી પાકવાની પૂરી શક્યતા. ઉતાવળિયા ભાવકે થોડી ધીરજ રાખવી. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયી પરંતુ દોડ ધામ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. ૧૨ તથા ૧૪ માર્ચ સામાન્ય રહેશે.

### તુલા   ર,ત

ટલ્લે ચડી ગયેલા અગત્યના કામકાજ આ સપ્તાહે આગળ વધશે. ગૃહ/કુટીર ઉદ્યોગ એકમના જાતક તથા હસ્તકલા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે સાથે નવી તક સાંપડવાની શક્યતા. આ સિવાયના ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ તથા દેશ-વિદેશ વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી અથવા સાનુકૂળ નીવડે તેવી સંભાવના. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. મોસાળ પક્ષ સાથે હળવા મતભેદ થવાની સંભાવના. ગૃહિણી તથા મહિલા-કર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે.૧૦ તથા ૧૪ માર્ચ સાવ સામાન્ય જણાશે.

### વૃશ્ચિક   ન,ય

આ સપ્તાહ દરમિયાન નવા કામકાજ હાથમાં ન લેવાં, અગત્યના નિર્ણય લેવાના જ હોય તો શકય હોય તો આ એક સપ્તાહ માટે મુલતવી રાખવા. લાલચ, તથા ઉતાવળ પર ખાસ નિયંત્રણ રાખવું. નાના ગૃહોદ્યોગ એકમના જાતક તથા નાના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભદાયક નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી, ફેરી કરતા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, સાથે, આ સપ્તાહ માટે નોકરીમાં વિશેષ કાળજી રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ૧૩ તથા ૧૪ માર્ચ સાવ સામાન્ય રહેશે.

### ધન   ભ,ફ,ધ,ઢ

કેમિકલ્સ એકમના જાતક તથા વિલાયતી ફાર્માસ્યુટીક્લ્સ એકમના જાતક માટે આ સપ્તાહ અતિ ભાગદોડ વાળું તથા આંશિક લાભદાયક નીવડશે. ઓટોમોબાઈલ્સ સ્પેરપાર્ટ્સના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. આ સિવાયના, અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. નાના વ્યાપારી તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી તથા છાત્ર માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૧ તથા ૧૩ માર્ચ અર્ધ-સાધારણ નીવડશે.

### મકર   ખ,જ

શેર બજાર તથા અવૈધ શેર સટ્ટા બજારના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી તથા દોડધામ વાળું જણાશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયી રહેશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ યથાવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવુ લાભદાયક નીવડશે. ૮ માર્ચ મધ્યમ રહેશે.

### કુંભ   ગ,શ,ષ

સર્વિસ બિઝનેસ એવમ વિવિધ પ્રકારની કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. વીજળી તથા અગ્નિ, કોલસો, તથા પ્રવાહી જ્વલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ, દોડધામવાળું એવમ આંશિક લાભદાયી નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્ર ના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૮ તથા ૧૦ માર્ચ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન   દ,ચ,ઝ,થ

સેલેબલ જાતક એવમ પ્રસિદ્ધ કે વરેણ્ય વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહે તેવી સંભાવના. આથી વિશેષ કાળજી રાખવી. આડા અવળા સંબંધ કે વહિવટ વાળા જાતકે વિશેષ રૂપે સંભાળવું, આ સિવાયના તમામ જાતક માટે આ સપ્તાહ બહુ ધરપત વાળું એવમ બરકત વાળું નીવડશે, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહે બઢતીના સંયોગ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગાંસ્નેહીઓ તરફથી સાથ સહકાર અકબંધ. મહિલા કર્મી માટે લાભદાયી સપ્તાહ. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૧૧ માર્ચ પ્રતિકૂળ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).


---

### મંચ પર વખાણ અને જીવનમાં અવગણના

# એક દિવસના ફૂલ નહીં, આખું વર્ષ માનની હકદાર મહિલા: કાલે વિશ્વ મહિલા દિવસ

## એક લિંગ સમાન વિશ્વની કલ્પના કરો, જ્યાં એક એવી દુનિયા જે પૂર્વગ્રહ, રૂઢિપ્રયોગો અને ભેદભાવથી મુક્ત હોય, વૈવિધ્યસભર, ન્યાયી અને સમાવેશી હોય, અને જ્યાં તફાવતનું મૂલ્ય અને ઉજવણી થાય: આ દિવસ મહિલાઓના અધિકારોની લડત માટેનું કેન્દ્ર બિંદુ છે

કાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ એવા સમયે આવે છે, જ્યારે ન્યાય પ્રણાલીઓ દબાણ હેઠળ છે. સંઘર્ષ, દમન અને રાજકીય તણાવ કાયદાના શાસનને નબળો પાડી રહ્યા છે. પરિણામે સ્ત્રીઓ અને છોકરીઓને પુરુષો જેટલા કાનૂની અધિકારો માત્ર ૬૪ ટકા છે. સ્ત્રીઓને દૂર કરવામાં આવે છે, તેમના પર વિશ્વાસ કરવામાં આવતો નથી, તેમને ફરીથી બદનામ કરવામાં આવે છે, અથવા કાનૂની સહાયથી વંચિત રાખવામાં આવે છે. સમાનતા ક્યારેય આવતી નથી. મહિલાઓ અને છોકરીઓ સંપૂર્ણ કાનૂની રક્ષણ વિના જીવી રહી છે.




એક લિંગ સમાન વિશ્વની કલ્પના કરો. એક એવી દુનિયા જે પૂર્વગ્રહ, રૂઢિપ્રયોગો અને ભેદભાવથી મુક્ત હોય. એક એવી દુનિયા જે વૈવિધ્યસભર, ન્યાયી અને સમાવેશી હોય. એક એવી દુનિયા જ્યાં તફાવતનું મૂલ્ય અને ઉજવણી થાય. સાથે મળીને આપણે લિંગ સમાનતા બનાવી શકીએ છીએ.

ઈતિહાસના આ મહત્વપૂર્ણ ક્ષણમાં, આપણને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આબોહવા પરિવર્તન, આર્થિક અસુરક્ષા, આરોગ્યસંભાળ અસમાનતાઓ અને લોકશાહી ભાગીદારી માટેના જોખમોને નેશનલ વિમેન્સ હિસ્ટ્રી એલાયન્સ કહે છે.

દુનિયાભરમાં મહિલા દિવસ કાલે ઉજવાશે. આ દિવસ મહિલાઓના અધિકારોની લડત માટેનું કેન્દ્ર બિંદુ છે. આજે સમગ્ર વિશ્વમાં મહિલા વિકાસના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. વિશિષ્ટ સિદ્ધી હાંસલ કરનારનું બહુમાન પણ કરાય છે. આ દિવસનું મહત્વ તેના સંદર્ભેનો જાગરૂકતા દિવસ છે. મહિલા અને બાલિકાને પડતી મુશ્કેલી પરત્વે સમગ દુનિયાનું ધ્યાન કેન્દ્રીત કરવાનો દિવસ છે. વિશ્વમાં ૨૮ ફેબ્રુઆરી ૧૯૦૯ ના રોજ અમેરિકામાં પ્રથમવાર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાદમાં ૧લી માર્ચ પછી ૮ માર્ચે આ દિવસ ઉજવાય છે. અમુક દેશોમાં તા. ૧ થી ૮ મી માર્ચે આ દિવસ ઉજવણી કરાય છે. દાન, જ્ઞાન, સંસાધનો, માળખાગત સુવિધાઓ, દશ્યતા, હિમાયત, શિક્ષણ, તાલીમ, માર્ગદર્શન અથવા સમય દ્વારા, મહિલાઓના વિકાસમાં યોગદાન આપવાથી વધુ સહાયક અને એકબીજા સાથે જોડાયેલ વિશ્વ બનાવવામાં મદદ મળે છે. આ મુદ્દાઓ ખૂબ જ ગહન રીતે જોડાયેલા છે -અને સ્ત્રીઓ, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની, ઘણીવાર તેમની અસરોનો સૌથી વધુ તીવ્ર અનુભવ કરે છે. આજના વિશ્વમાં મહિલાઓની સ્થિતિ ઘણી પડકારભરી અને આશાસ્પદ બંને છે. એક તરફ, ઘણા દેશોમાં મહિલાઓ શિક્ષણ, રોજગાર અને નેતૃત્વમાં આગળ વધી રહી છે, જેમ કે ભારતમાં પણ મહિલા ઉદ્યોગપતિઓ અને વૈજ્ઞાનિકોની સંખ્યા વધી છે. પરંતુ બીજી તરફ, ઘણા વિસ્તારોમાં લિંગભેદ, હિંસા, આર્થિક અસમાનતા અને રાજકીય અધિકારોની અભાવ જેવી સમસ્યાઓ હજુ પણ ચાલુ છે,

ખાસ કરીને ગરીબી અને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં આ સંદર્ભમાં, મહિલા દિવસ (૮ માર્ચ) વિશ્વભરમાં મહિલાઓના અધિકારો, સમાનતા અને સશક્તિકરણની ઉજવણી કરવા માટે ઉજવાય છે. આ દિવસ ૧૯૧૧થી શરૂ થયો હતો અને આજે તે મહિલાઓને પ્રોત્સાહન આપવા, તેમના યોગદાનને ઓળખવા અને સમાજમાં સમાન તકોની માંગ કરવાનું પ્લેટફોર્મ બન્યો છે. આ દિવસ દ્વારા વિશ્વભરના લોકો મહિલાઓની સ્થિતિ સુધારવા માટે જાગૃતિ ફેલાવે છે અને ભવિષ્યમાં વધુ પ્રગતિની આશા જગાડે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ માટે બે મુખ્ય થીમ જાહેર કરી છે, જે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સત્તાવાર સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવી છે, જેમાં ''અધિકાર. ન્યાય. કાર્ય. તમામ મહિલાઓ અને છોકરીઓ માટે'' રાખવામાં આવી છે. આ થીમ મહિલાઓના કાનૂની અધિકારો અને ન્યાય પ્રણાલી પર ભાર મૂકે છે. તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિશ્વભરની મહિલાઓને માત્ર કાગળ પર જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ સમાન ન્યાય અને સુરક્ષા મળે. બીજી

''આપો અને મેળવો'' છે, જેનો હેતુ ઉદારતા અને સહયોગની ભાવના પર આધારિત છે. જ્યારે આપણે મહિલાઓને તક, શિક્ષણ અને સમર્થન આપીએ છીએ, ત્યારે આખો સમાજ પ્રગતિ કરે છે. આ અભિયાન લોકોને સ્ત્રી સશક્તિકરણ માટે ફાળો આપવા અને એકબીજાને મદદ કરવા પ્રોત્સાહિત કરે છે. એક દિવસની વધામણી નહીં, દરરોજ મહિલાને માન જોઈએ. આજે પણ દેશમાં બળાત્કાર, જાતીય સતામણી, દહેજ, બાળલગ્ન, સ્ત્રીભ્રુણ હત્યા, ઘરેલું હિંસા, દેહ વ્યાપાર જેવી વિવિધ ઘટનાઓ બને છે: આજની ભારતીય મહિલાઓનું સરેરાશ આયુષ્ય અન્ય દેશોની સરખામણીએ ઓછું છે. ગ્રામિણ ક્ષેત્રોની ઘણી મહિલાઓ-છોકરીઓ પોષણ ભેદભાવનો ભોગ બનતા તેનામાં લોહીનું ઓછું પ્રમાણ સાથે કુપોષણનો ભોગ બને છે. આ બધી સમસ્યાઓ વચ્ચે પણ છેલ્લા બે દશકામાં મહિલાઓના ઉત્થાન અને વિકાસ બાબતે સારી પ્રગતિ જોવા મળી.આજે પણ વિશ્વમાં મહિલાઓના અધિકારોનું હનન થતું જોવા મળે છે. તો તેના વિકાસ કાર્યોના માર્ગને નજર અંદાજ કરાય છે. આજે પણ ૨૧મી સદીમાં મહિલાઓ ઉપર હિંસા અને અત્યાચારો થતા જોવા મળે છે. જે દુ:ખદ છે. આજના દિવસ સાથે વરસના બધા દિવસોમાં મહિલાઓના અધિકારીનું રક્ષણ કરવાનું સૌની ફરજ છે. આજે ઉજવણીનો હેતુ તેમના પ્રત્યે સન્માન, પ્રશંસા અને તેના પ્રત્યે પ્રેમ-હુંફ, લાગણી, વ્યકત કરવાનો દિવસ છે. આજે મહિલાઓ આર્થિક રીતે પગભર થઈને પુરૂષ સમોવડી બની છે. તો સમાજના વિવિધ ક્ષેત્રો સાથે કોર્પોરેટ ક્ષેત્રમાં મહિલાઓ અગ્રેસર છે. ઘરેલું મહિલાઓને પડતી મુશ્કેલી પણ એટલી જ ગંભીર જોવા મળે છે. મહિલા શકિતને સમાજની મુખ્ય ધારામાં લાવવાની જરૂર છે. આજના દિવસે મહિલા ઉત્કર્ષ સાથે તેના સંર્વાગી વિકાસ બાબતે સૌએ કટિબધ્ધ થવાની જરૂર છે. સમાજમાં દબાયેલી કચડાયેલી અને પીડિત મહિલાઓના ઉત્થાન અને વિમુકિત કરણની વૈશ્વિક યોજનાઓ બનાવવી પડશે. સમાજ દેશ કે વિશ્વનો સાચો વિકાસ જ મહિલાઓનો વિકાસ છે. છેલ્લા દોઢ કે બે દાયકાઓથી આ દિવસની ઉજવણીની અસરો જોવા મળી છે. પણ આપણ હજી મહિલા સશકિત કરણ બાબતે ઘણું કરવાની જરૂર છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૮.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ પાંચમ, સ્વાતિ નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.

**મિથુન** (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.

**કર્ક** (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.

**સિંહ** (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.

**તુલા** (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક** (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.


**મકર** (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદમાં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.

**કુંભ** (ગ,સ,શ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

## દરિયો હજી કેટલો કાટમાળ માંગે છે?

યુદ્ધ પહેલા જ અત્રે લખ્યું હતું કે દરિયો કાટમાળ માંગે છે એ મુજબ ઈરાનના ૩૦ ઉપરાંત જહાજો તોડી પડાયા છે અને હજુ પણ યુદ્ધ તીવ્રતાથી ચાલુ છે જે વિષે અત્રે લખી ચુક્યો છું તો બીજી વાત ગ્રહણ પહેલા રાજનીતિ વિષે પણ લખી હતી કે ઘણા દિગ્ગજ નેતાઓ પદ છોડશે એ મુજબ બિહારમાં નીતીશકુમારે ગાદી છોડી છે અને અનેક રાજકીય બદલાવો પણ આ સમયમાં જોવા મળશે. ગ્રહણની અસર વિષે સેંકડો મિત્રો પૂછે છે તો અત્રે જણાવી દઉં કે ગ્રહણ પછી પણ એક માસ તેની અસર જોવા મળે છે વળી હાલમાં કુંભ રાશિમાં ચાર ગ્રહોની યુતિ ચાલી રહી છે જે ઘટનાક્રમને તેજ બનાવી રહી છે અને અનેક ક્ષેત્રોમાં ઉથલપાથલ જોવા મળી રહી છે તો યુદ્ધની અસર સામાન્ય નાગરિક પણ અનુભવી રહ્યા છે પરંતુ ભારતવર્ષમાં વિશેષ તકલીફ જોવા નહિ મળે અને સમગ્ર વિશ્વ સમુદાય આ ઘટનાક્રમથી આહત છે જે હજારો જિંદગી તબાહ કરનાર યુદ્ધ આગળ ના જ વધવું જોઈએ પરંતુ ગ્રહમાન મુજબ બધા પક્ષના હિતમાં એ છે કે ઘાતક હથિયારોનો પ્રયોગ ટાળવો જોઈએ કેમ કે યુદ્ધ આગળ વધે તો ડર્ટી ગેઈમ અને ડર્ટી બોમ્બ સુધી વાત જઈ શકે જે ટાળવા જેવી બાબત છે અને અમેરિકા ધારે તેટલી જલ્દી ઈરાન હાર સ્વીકારે તેમ પણ ગ્રહો સંકેત આપતા નથી વળી બુધ પણ આહત થતા હોય આર્થિક ક્ષેત્રે આયાત નિકાસ અને વ્યાપાર બધું ડિસ્ટર્બ થાય છે જે વિષે પણ મેં અત્રે જણાવેલું!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૭-૦૩-૨૦૨૬ શનિવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૮-૦૩-૨૦૨૬ રવિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૯-૦૩-૨૦૨૬ સોમવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## સૂડોકુ -૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | | ૪ | ૨ |
| | | | | | | | | |
| | | ૯ | ૪ | | ૧ | ૬ | ૮ | |
| ૫ | ૯ | ૪ | ૭ | | ૩ | ૨ | | |
| ૧ | ૬ | | ૨ | ૪ | | | ૭ | |
| | | ૭ | ૬ | | | | ૫ | |
| ૪ | | ૧ | ૫ | | ૯ | | | |
| | ૩ | ૬ | | | ૪ | ૫ | | ૯ |
| ૯ | | | | ૬ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૪ | ૩ | ૭ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૯ | ૫ | ૮ | ૨ | ૬ | ૪ | ૩ | ૧ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૩ | ૯ | ૨ | ૬ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૯ | ૬ | ૫ | ૪ | ૮ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૮ | ૬ | ૨ |
| ૮ | ૩ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૯ | ૧ |

---

## અબતક પંચાગ

### તા. ૮-૩ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨   **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ પાંચમ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** ધ્રુવ   **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૦૩   **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

તંત્રી લેખ

# બદલાતા વિશ્વમાં યુધ્ધ નહીં, શાંતિ જ છે સમયની માંગ

ઈરાન અને અમેરિકા વચ્ચેનો વધી રહેલો ટકરાવ માત્ર દ્વિપક્ષીય સંઘર્ષ નથી, પરંતુ તે ઉભરતી નવી વૈશ્વિક વ્યવસ્થાની કસોટી છે. વિશ્વ અત્યારે એક એવા પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે જ્યાં સત્તાના જૂના સમીકરણો તૂટી રહ્યા છે અને નવી વ્યવસ્થા હજુ સ્થિર થઈ નથી. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો વર્તમાન તણાવ માત્ર પશ્ચિમ એશિયા પૂરતો સીમિત રહેવાનો નથી. જ્યારે મહાસત્તાઓ સીધા કે પ્રોક્સી યુદ્ધમાં ઉતરે છે, ત્યારે તેની અસર સીમાઓ ઓળંગીને સમગ્ર માનવજાત પર પડે છે.

કોઈપણ મોટા સંઘર્ષનો સૌથી મોટો ફટકો ઉર્જા બજારને પડે છે. જો હોર્મુઝની સામુદ્રધુની મારફતે થતો ગ્લોબલ ઓઈલ સપ્લાય ખોરવાય, તો ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે. ભારત જેવા ઉર્જા-આયાતકાર દેશ માટે આ બેવડો પડકાર છે. એક તરફ મોંઘવારીનો માર અને બીજી તરફ આર્થિક વિકાસ પર બ્રેક. ક્રૂડ ઓઈલ મોંઘુ થવાથી ટ્રાન્સપોર્ટેશન, ખાતર, વીજળી અને મેન્યુફેક્ચરિંગ ખર્ચ વધે છે, જેનો સીધો બોજ સામાન્ય નાગરિક પર પડે છે. ગ્લોબલ ફાઈનાન્શિયલ માર્કેટ પહેલેથી જ અસ્થિર છે, ત્યારે લાંબુ યુદ્ધ રોકાણ અને આર્થિક વિકાસને વધુ ધીમો પાડી શકે છે.

યુદ્ધની આ પરિસ્થિતિ ભારત માટે સામાજિક અને વ્યૂહાત્મક રીતે પણ ગંભીર છે. મિડલ ઈસ્ટમાં અંદાજે ૯૦ લાખ ભારતીયો વસે છે. યુદ્ધ ફાટી નીકળે તો તેમની સુરક્ષા જોખમાશે અને તેમના દ્વારા દેશમાં આવતા અબજો ડોલરના રેમિટન્સ પર સીધી અસર પડશે. આ ઉપરાંત, રાતા સમુદ્ર અને અખાતી દેશોમાં તણાવ વધવાથી શિપિંગ ખર્ચમાં વધારો થશે, જે ભારતની નિકાસ અને અર્થવ્યવસ્થા પર દબાણ વધારશે. આવા સમયે ભારતે પોતાના નાગરિકોની સુરક્ષા અને અર્થતંત્રને બચાવવા માટે અત્યંત સાવચેતીપૂર્વક કદમ ઉઠાવવા પડશે.

આવા સંવેદનશીલ સમયે, ભારત માત્ર એક પ્રભાવિત રાષ્ટ્ર નથી, પરંતુ એક સક્ષમ મધ્યસ્થી અને સંતુલનકર્તા બની શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપનાવવામાં આવેલી 'બહુ-જોડાણ' અને 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' ની નીતિ આ સમયમાં નિર્ણાયક સાબિત થઈ રહી છે. ભારત પાસે અમેરિકા અને યુરોપ સાથે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી છે, ઈરાન સાથે ઐતિહાસિક સંબંધો છે, અને ઈઝરાયેલ સાથે ઊંડો સંરક્ષણ સહયોગ છે. આ સંતુલન ભારતને શાંતિની પહેલ માટે એક વિશ્વસનીય મંચ પૂરો પાડે છે. વર્તમાન સમયમાં ભારત બ્રિક્સ (**BRICS**) નું અધ્યક્ષપદ પણ સંભાળી રહ્યું છે, જેમાં ઈરાન પણ હવે સભ્ય છે. આ મંચનો ઉપયોગ કરીને ભારત 'ગ્લોબલ સાઉથ' નો અવાજ બનીને યુદ્ધવિરામ અને બહુપક્ષીય સંવાદ માટે દબાણ કરી શકે છે.

# ધોરાજીમાં સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાયેલા હિન્દુ સંમેલનમાં જનમેદની ઉમટી

## સંતો-મહંતોના સાનિધ્યમાં પરિવાર પ્રબોધન, પર્યાવરણ રક્ષણ અને વ્યસનમુક્તિના સંકલ્પ સાથે રામ મંદિર વસ્તીનું પ્રેરણાદાયી આયોજન





**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે ધોરાજીના વિવિધ વિસ્તારોમાં હિન્દુ સંમેલનોની શૃંખલા યોજાઈ રહી છે, જેના મુખ્ય ભાગરૂપે ગત રવિવારે ધોરાજીની કે.ઓ. શાહ કોલેજ ખાતે શ્રી રામ મંદિર વસ્તીનું વિશાળ હિન્દુ સંમેલન સંપન્ન થયું હતું. આ સંમેલનમાં અંદાજે ૫૦૦થી વધુ બહેનો અને ૩૦૦થી વધુ ભાઈઓ સહિત વિશાળ જનસમુદાયે ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આશીર્વાદ પાઠવવા માટે ધોરાજી હવેલીના પૂજ્યપાદ ૧૦૮ અભિષેક કુમાર બાવા તથા સુપેડી મુરલી મનોહર મંદિરના મહંત રવિદાસ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે વિસ્તારની સેવાભાવી સંસ્થાઓ જેવી કે શ્રીકૃષ્ણ ગૌશાળા, નિજાનંદ પરિવાર, શ્રી રામ મંદિર યુવક મંડળ અને સ્પોર્ટ્સ ફાઉન્ડેશનનું મહાનુભવોના હસ્તે વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

સંમેલનમાં વકતાઓ દ્વારા પ્રેરક ઉદબોધનો કરવામાં આવ્યા હતા, જેમાં કિશોરભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન સાથે મહાનુભવોનો પરિચય આપ્યો હતો. પરિવાર પ્રબોધન વિષય પર વિરલબેન પારેખે માતા-પિતા અને બાળકો વચ્ચેના સંવાદ પર ભાર મૂકી સંસ્કૃતિના જતનની વાત કરી હતી. ગોંડલ જિલ્લા કાર્યવાહ વિજયભાઈ રાબડીયાએ પર્યાવરણ રક્ષણ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને કાપડની થેલી અપનાવવા વ્યવહારુ ઉદાહરણો સાથે હાકલ કરી હતી. આ ઉપરાંત, પૂર્વ એરફોર્સ કર્મચારી રમેશભાઈ રોકડે સ્વદેશી ભાવના અને ડો. સુરેશભાઈ પટેલે વ્યસનમુક્તિ દ્વારા સ્વાસ્થ્યપ્રદ જીવન જીવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ પી.સી. ગુંદણીયા, ઉપાધ્યક્ષ કિશોરભાઈ રાઠોડ, રાજુભાઈ યાદવ અને મહામંત્રી કે.સી. રાબડીયા સહિતના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ધારીઃ ખેડુતોને પ્રાકૃતિક ખેતી તરીકે ઓછા ખર્ચે ઉત્પાદન વધારવા કરાયા તાલીમ બધ્ધ

## નાના ચરખા, પાણીયાદેવ ગામે ખેડુતોને પ્રાકૃતિક ખેતી અંગે નિષ્ણાંતોએ આપ્યું માર્ગદર્શન



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલી દ્વારા જિલ્લાના ધારી તાલુકામાં પ્રાકૃતિક કૃષિ અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યું છે. ધારી તાલુકાના નાના ચરખા અને પાણિયાદેવ ખાતે ખેડૂતો માટે એક દિવસીય વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્કેટીંગ મેનેજર રાજભાઈ અકબરી, બી.ટી.એમ, નિતિન સાવલિયા, એગ્રી આસિસ્ટન્ટ તેજસ સભાડ ઉપસ્થિત રહ્યા હતા.

તે પ્રાકૃતિક ખેતીનું મહત્વ, તેના લાભો તેમજ ખેડૂતની આવક વધારવામાં તેની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તાલીમ દરમિયાન, અકબરી દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભો, વિવિધ પાકોની નવી અને સુધારેલી જાતો, ખેતી પદ્ધતિ, પોષણ વ્યવસ્થાપન તથા ઉત્પાદન ખર્ચ ઘટાડવાના ઉપાયો અંગે અને પ્રાકૃતિક કૃષિના માર્કેટીંગ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સાવલિયાભાઈએ પાણિયાદેવ ગામના ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, દશપર્ણી અર્ક, નીમાસ્ત્ર જેવી ઈનપુટ્સની તૈયારી અને ઉપયોગ અંગે સીધી માહિતી આપવામાં આવી હતી.આ તાલીમોથી પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળશે અને ખેડૂતોને ખર્ચ ઘટાડતી તથા પર્યાવરણ મિત્ર ખેતી તરફ આગળ વધવાની પ્રેરણા મળશે.

# અમરેલીના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર ઝોન સ્કેટીંગ સ્પર્ધામાં મેદાન માર્યું

## વિદ્યાસભાના ૬ ખેલાડીઓએ મેડલો પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

રાજકોટ ખાતે આયોજિત ૧૨મી ઓપન સૌરાષ્ટ્ર ઝોન સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં અમરેલીના ગજેરા કેમ્પસની વિદ્યાસભા સ્કૂલના ૬ ખેલાડીઓએ મેદાન મારી મેડલ મેળવ્યા છે.

રાજકોટ ખાતે ૧ માર્ચના રોજ યોજાયેલી સ્પર્ધામાં સૌરાષ્ટ્રની વિવિધ શાળાઓના શ્રેષ્ઠ સ્કેટીંગ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. અમરેલી વિદ્યાસભાના ખેલાડીઓએ ઝડપ અને કૌશલ્યથી અમરેલીનું ગૌરવ વધાર્યું છે. જેમાં રામાનુજ દર્શિલે લોંગ રેસમાં રજત પદક, ધડુક રાજીવી લોંગ રેસ, શોર્ટ રેસ અને નોન સ્ટોપ રેસ મળી ત્રણેયમાં કાંસ્ય પદક જીત્યા છે. જ્યારે પ્રજાપતિ મોહિત લોંગ રેસ, શોર્ટ રેસ અને નોન સ્ટોપ રેસમાં કુલ ત્રણ કાંસ્ય પદક હાંસલ કર્યા છે. તેમજ સાઉ કૃતાર્થ લોંગ રેસ અને નોન સ્ટોપ રેસમાં બે કાંસ્ય પદક બુટાણી વેદાંત નોનસ્ટોપ રેસમાં કાંસ્ય પદક વિજેતા બન્યા છે.અને પીલુકીયા જેનીએ પણ નોન સ્ટોપ રેસમાં કાંસ્ય પદક મેળવી સફળતા મેળવી છે.

વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ કોચ શુભમભાઈ રાઠોડ અને ટ્રેનર વિવેકભાઈ ગોસ્વામીની સખત મહેનત અને તાલીમ રહેલી છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીધામઃ પૂર્વ ઝોનમાં સેવા સેતુમાં ૫૪૦ અરજીઓનો સ્થળ પર જ નિકાલ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરકારની સૂચના અનુસાર ગાંધીધામ મહાનગરપાલિકાના પૂર્વ ઝોન વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમના ૧૧માં તબક્કાનો પ્રથમ કાર્યક્રમ તા. ૦૫/૦૩/૨૦૨૬ના રોજ ડીસી-૨, ગુરૂકુલ પાસે આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોલ ખાતે ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તેજસભાઈ શેઠ, પૂર્વ ચેરમેન અજયકુમાર સિંહ અને શાસકપક્ષના નેતા ભરતભાઈ મીરાણી સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વહીવટી તંત્ર તરફથી ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલભાઈ દેસાઈ અને સંજયકુમાર રામાનુજની આગેવાનીમાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. નાગરિકોને પોતાની સરકારી કામગીરી માટે લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળે અને ત્વરિત લાભ પ્રાપ્ત થાય તે હેતુથી આ કાર્યક્રમમાં વિવિધ કચેરીઓને લગતી કુલ ૫૪૦ અરજીઓ સ્વીકારવામાં આવી હતી. તંત્રની સક્રિયતાને કારણે આ તમામ ૫૪૦ અરજીઓનો કાર્યક્રમ દરમિયાન જ સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો, જેનાથી અરજદારોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

# ખંભાળિયામાં ૨૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત - લોકાર્પણ કરતા સાંસદ પુનમબેન માડમ

## સલાયા ગેટ, પોરગેટ, દ્વારકા ગેટ, નવડેરા હેરીટેજના સ્થળોને ડેવલપ કરવાના તેમજ સી.સી.રોડના કામ સહિતના અનેક વિકાસ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ખંભાળીયા નગરપાલિકા દ્વારા સરકારની જુદી-જુદી યોજનાઓ હેઠળ રૂા.૫.૦૩ કરોડના ત્રણ કામોનું લોકાર્પણ તથા રૂા.૧૬.૩૦ કરોડના બે કામોનું ખાતમુહૂર્ત સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્ય મુળુભાઈ બેરાના હસ્તે કરાયું હતું. નોંધનીય છે કે ૩.૫૦ કરોડના ખર્ચે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આગવી ઓળખ ઘટક હેઠળના સલાયા ગેટ, પોરગેટ, દ્વારકા ગેટ, નવડેરા હેરીટેજના સ્થળોને ડેવલપ કરવાના કામ, ૭૨.૮૬ લાખના ખર્ચે સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. વર્ષ : ૨૦૨૩-૨૪ યોગ કેન્દ્ર ઉપર મહિલાઓ માટે જીમ બનાવવાના કામ, ૮૦.૧૯ લાખના ખર્ચે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. વર્ષ : ૨૦૨૪-૨૫ નગર ગેટથી મિલન ચાર રસ્તા સુધી સી.સી. રોડ બનાવવાના કામનું લોકાર્પણ કરવામાં આવેલ. ઉપરાંત રૂા.૫ કરોડના ખર્ચે આઈકોનીક રસ્તાઓ (ગૌરવપથ)ની ગ્રાન્ટ વેલકમ ગેટ પાસે આઈ.ટી.આઈ.થી સર્વિસ સ્ટેશન સુધી આઈકોનીક રોડ ડેવલપ કરવાના કામનું ખાતમુહૂર્ત કરાયું હતુ. વધુમાં હિન્દુ સ્મશાનમાં સી.સી. રોડ, બેન્ચીસ, લાઈટીંગ તથા અન્ય સીવીલ વર્કના કામો, ખામનાથ પુલથી કણઝાર હોટેલ સુધી સી.સી. રોડ અને રોડ ડીવાઈડરનું કામ, ટાઉનહોલ પુલથી ખામનાથ પુલ સુધી સી.સી. રોડ અને ફુટપાથ બનાવવાનું કામ, રેલવે સ્ટેશનથી તેલી નદી સુધી બંને સાઈડ સ્ટ્રોમવોટર ડ્રેનેજ બનાવવાનું કામ, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી-૮૮) વર્ષ ૨૦૨૫-૨૬ જોધપુર ગેટથી નગરગેટ સુધી બંને સાઈડ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તથા સી.સી. રોડના કામ, ધોરીવાવ પાસે તીરૂપતિ સોસાયટીમાં ફેન્સીલ વોલ, જુનો કુવો રીપેરીંગ તથા અન્ય કામો, તેલી નદી પાસે એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટનું કામ, નગરપાલિકા બગીચામાં બાળકો માટે ટોયટ્રેન તથા અન્ય કામો, આ સિવાય જુદા-જુદા કામો મળીને કુલ રૂા.૧૧.૩૦ કરોડના કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું.

# સુરેન્દ્રનગર મનપાના કોન્ટ્રાકટ બેઈઝ સફાઈ કામદારોની હડતાલઃ સફાઈ કામગીરી ઠપ્પ

## અનિયમિત પગાર-કામની કલાકમાં વધારો-અપુરતા પગાર અને અણછાતા વર્તન સામે સફાઈ કર્મચારીઓનો વિરોધ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના કોન્ટ્રાકટ બેઈઝ ૩૦૦ જેટલા સફાઈ કામદારો પડત્તર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે હડતાલ પર ઉતરી જતા શહેરના અનેક જગ્યાએ સફાઈ કામગીરી ઠપ્પ થઈ જતા ઠેરઠેર કચરાના ગંજ ખડકાય જવા પામ્યા છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં છેલ્લા ૧૫ વર્ષ કરતા પણ વધુ સમયથી ૩૦૦થી વધુ સફાઈ કામદારો કોન્ટ્રાકટ બેઈઝ પર ફરજ બજાવે છે અને મનપાની હદમાં આવતા તમામ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરી રહ્યા છે. જેમાં મનપા તંત્ર દ્વારા તાજેતરમાં સફાઈ કામદારોની કામની કલાકોમાં એક કલાકનો વધારો કરી હાલ પ્રતિદિન ૦૯ કલાકની કામગીરી કરવામાં આવી છે. તેમજ અનિયમિત પગાર અને લઘુતમ વેતન મુજબ પગાર ચૂકવવામાં આવતો નથી જેના કારણે અનેક સફાઈ કામદારોને પરિવારનું ગુજરાન ચલાવવામાં હાલાકી પડી રહી છે. આ તમામ પ્રશ્નો અંગે અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી ત્યારે મનપામાં ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ સફાઈ કામદારોએ હડતાળ પર ઉતરી તમામ પ્રશ્નોનો ઉકેલ નહી આવે ત્યાં સુધી હડતાળ પર ઉતરી સફાઈ કામદારો દ્વારા પટ્ટાવાળા તેમજ સુપરવાઈઝર દ્વારા તો છડાઈભર્યું વર્તન કરતા હોવાનો અને જો કોઈ સફાઈ કામદાર બીમાર હોય અથવા કામ પર ન આવે તો નોકરીમાંથી છૂટા કરવાની ધમકી આપતા હોવાનો પણ આક્ષેપ સામે હડતાલ પર ઉતરી જતા શહેરમાં ઠેરઠેર કચરાના ગંજ ખડકાયા છે.

# ઉપલેટાઃ માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્રની મુલાકાત લેતા અમેરિકાના સામાજીક અગ્રણીઓ



તસવીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી અનેક દિન દુખીઓની સેવા કરતી સંસ્થા શ્રી માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્રની વિવિધ સેવાઓ થી આજુબાજુનો વિસ્તાર ખૂબ જ પરિચિત છે સાથે સાથે આ સંસ્થાની સેવાની સુવાસ દેશ વિદેશમાં ફેલાયેલી છે. આ સંસ્થાને વિદેશ રહેતા ઘણા સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા અવારનવાર યોગદાન મળતું રહે છે.

સંસ્થાના સંસ્થાપક લાલજીભાઈ રાઠોડ અને સર્વે ટ્રસ્ટની મંડળ ડો.અર્જુન બાબરીયા તેમજ સંજયભાઈ માકડીયા દ્વારા એવું નક્કી કરેલું છે કે જે કોઈ સહયોગ મળે એ સહયોગ સંસ્થાના વિવિધ પ્રવૃત્તિઓમાં વાપરી નાખવું. આ સંસ્થાએ ક્યારેય પણ બેંક બેલેન્સ વધે નહીં અને જે નિમિતનું દાન આવે તે નિમિતમા વાપરવાનું જેથી કરીને લોકોનું દાન તાત્કાલિક વપરાઈ જાય.આજરોજ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની મુલાકાત માટે જામજોધપુર નગરપાલિકાના માજી પ્રમુખ નરેન્દ્રભાઈ કડીવાર તેમજ જામજોધપુરનું એક સેવા જગતમાં ખૂબ જ મોટું નામ એવા અમુ ભાઈ વૈષ્નાણી, દિલીપભાઈ ભૂત ભાયાવદરના સામાજિક અગ્રણી કિશોરભાઈ મારસોણીયા તેમજ જામજોધપુર ગામમાં અનેક પ્રકારની સેવાઓમાં જેમનું નામ છે એવા ખેરાજભાઈ ખાટ જેવો દ્વારા દર મહિને મેડિકલ કેમ્પો દર વર્ષે ઉપલેટા ના નિરાધાર વૃદ્ધોને પરિવારોને તેમજ જામજોધપુરના પરિવારોને મીઠાઈ ફરસાણ વિતરણ કરવું તેમજ અનેક પ્રકારની સેવાઓ ઘણી સ્કૂલોમાં બાળકોને દરરોજ દૂધ આપવું જેવી વિવિધ સેવાઓ સાથે સાથે ઉપલેટાની માનવ સેવા ટ્રસ્ટને આ મુલાકાત વખતે રૂપિયા ત્રણ લાખનો રસોડાના શેડ બાંધકામ પેટે યોગદાન આપેલ છે.

ખેરાજભાઈ ખાંટ અમેરિકા તેમજ જામજોધપુર પંથકમાં નિસ્વાર્થ સેવા ભાવમાં એક આગળ પડતું નામ છે તેમને ઈશ્વરે આપેલી સંપત્તિ અમેરિકાથી પણ આવીને આપણા દેશના જરૂરિયાતમંદ લોકોને માટે હંમેશા વાપરે છે ખેરાજભાઈની આ વખતની મુલાકાત વખતે ઉપલેટા શહેરની અન્ય સામાજિક સંસ્થાઓની પણ તેઓ મુલાકાત લીધી હતી.આ મુલાકાત વખતે સંસ્થા દ્વારા ખેરાજભાઈ ખાંટનું સન્માન માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર ના મુખ્ય દાતા ડો. અર્જુન સાહેબ બાબરીયા તેમજ સંજયભાઈ માકડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત વખતે માનવસેવા ટ્રસ્ટ વતી લાલજીભાઈ રાઠોડ સંજયભાઈ માકડીયા, કેશુભાઈ સીણોજીયા, શાન્તીલાલ ગજેરા કિસાન મંડપ સર્વિસ ગ્રુપ, સી.ડી પટેલ, અર્જુન સોલંકી અમુભાઈ વાઢેર, મનિષભાઈ વસોયા જીવ સાર્થક ગ્રુપ, ટીવી રીપોર્ટર અરશીભાઈ આહીર, જગદીશભાઈ બારૈયા, વરિષ્ઠ પત્રકાર અને માનવતા વાદી અભિગમ ધરાવતા ભરતભાઈ રાણપરીયા ખાસ હાજર રહ્યા હતા.

# માણાવદર: બે વ્યક્તિને રૂ.૨૬ લાખનો ચૂનો ચોપડનાર વેપારીને બે-બે વર્ષની કેદ

## ચાર ચેક રિટર્નના કેસમાં બંને ફરિયાદીને રૂ.૨૬ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ

**અબતક જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર અને જાંબુડાના બે રહેવાસીઓ પાસેથી ખોળ કપાસિયા સ્ટોક કરવા લીધેલા કુલ રૂપિયા ૨૬ પરત કરવા આપેલા ચાર ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપી વેપારીને બંને કેસમાં બે બે વર્ષની સજા અને કુલ રૂપિયા ૩૮ લાખ વળતર તરીકે ફરિયાદીઓને ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, માણાવદર તાલુકાના વેળવા ગામે રહેતા મહેશભાઈ રાણાભાઈ મરંઢે માણાવદરના માધવ ટ્રેડર્સવાળા રજનીશભાઈ સામતભાઈ ડાંગરને ખોળ કપાસીયાનો સ્ટોક કરવા માટે હાથ ઉછીના રૂ.૨૧ લાખ તથા જાંબુડા ગામના રહીશ સુરેશભાઈ રાયમલભાઈ બરારીયાએ પણ રજનીશભાઈને કપાસીયાનો સ્ટોક કરવા માટે હાથ ઉછીના રૂ.૫



લાખ આપેલ હતા. અને તેઓને કાયદેસરની રકમ પરત માંગતા રજનીશભાઈએ મહેશભાઈને રૂ.૭ લાખનો એક એવા અલગ-અલગ ત્રણ ચેકો અને સુરેશભાઈને રૂ.૫ લાખનો એમ ચાર ચેક આપ્યા હતા. જે ચેકો મહેશભાઈ તથા સુરેશભાઈએ બેંક ખાતામાં જમા કરાવવા રજુ કરતા લખનારના ખાતામાં અપુરતા નાણા હોવાના કારણે ચેક રિટર્ન થયેલ. ત્યારબાદ મહેશભાઈ તથા સુરેશભાઈએ તેમના વકિલ મારફતે લીગલ નોટિસ ફટકાર્યા બાદ મહેશભાઈ તથા સુરેશભાઈએ માણાવદર કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. જે કામે ફરીયાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ, ચેકો, રિટર્ન મેમો, વિગેરે તથા ફરીયાદ પક્ષે થયેલ જુબાનીઓ તથા ફરીયાદપક્ષના વકિલ મયુર આર. શીંગાળાની ધારદાર અને કાનુની પ્રશ્નોની દલીલોને ધ્યાને લઈ માણાવદર કોર્ટે મહેશભાઈને આપવામાં આપેલ ત્રણ ચેકોની કુલ રકમ રૂ.૨૧ લાખના ચેકોમાં આરોપી રજનીશભાઈને બે વર્ષની સાદી કેદ તથા કુલ રૂ.૨૮ લાખ વળતર પેટે ચુકવવા હુકમ કરેલ તેમજ ફરીયાદી સુરેશભાઈને રજનીશભાઈએ આપેલ રૂ.૫ લાખના ચેકના ડબલ રૂ. ૧૦ લાખ વળતર પેટે ચુકવવા તેમજ બે વર્ષની કેદની સજાનો હુકમ માણાવદરના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.)એ હુકમ ફરમાવેલ છે. આ કામે બંને ફરીયાદીઓના વકીલ તરીકે મયુર આર. શીંગાળા રોકાયા હતા.

# બાબરાના મોટા દેવળીયા ગામે કારમાંથી રૂ.૫.૩૫ લાખના દારૂ સાથે રાજસ્થાની બેલડી ઝડપાઈ

## ફોર વ્હીલ અને ૩૭૮ બોટલ શરાબ મળી રૂ.૯.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક અપ્પુ જોશી, બાબરા**



બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે સ્થાનિક પોલીસે દરોડો પાણી કારમાંથી રૂપિયા ૫.૩૫ લાખના વિદેશી દારૂ સાથે રાજસ્થાની બેલડીને ઝડપી લીધી છે પોલીસે વાહન અને ૩૭૮ બોટલ શરાબ મળી ૯.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ અમરેલી જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસપી સંજય ખેરાતે આપેલી સૂચનાને પગલે બાબરા પોલીસ મથકના પીઆઈ એમ આર શેઠ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે બાબરા પંથકમાં રાજસ્થાનના કલ્યાણસી સિસોદિયા અને નરેશ શાહુ નામના બંને શકશો જીજે ૩૬ એફ ૩૬૪૭ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ડિલિવરી કરવા આવતા હોવાની મળેલી બાતમીના આધારે એએસઆઈ કિરણભાઈ સોલંકી હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ વાઘેલા રાજેશભાઈ રાઠોડ સહિતના સ્ટાફ દ્વારા દેવળીયા ગામ પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની કાર પુરપાટ ઝડપે આવતા તેને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૫. ૩૫ લાખની કિંમતના ૩૭૮ બોટલ વિદેશી દારૂ સાથે કલ્યાણસી સિસોદિયા અને નરેશ શાહુ એ ધરપકડ કરી વાહન અને દારૂ મળી રૂપિયા ૯.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા અને કોને મોકલાવ્યો તેમજ કોને પહોંચાડવાનો હતો તે મુદ્દે પોલીસે બંને સક્ષોની વિશેષ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં લાંચના ગુનામાં આરોપીઓને નિર્દોષ છોડવાના સેશન્સ કોર્ટના હુકમને હાઈકોર્ટની બહાલી

## તલાટી-કમ-મંત્રી અને રેકર્ડ-ક્લાર્ક લાંચ રૂશ્વત વિરોધી શાખાના હાથે રૂ.૭૦૦ની લાંચ લેતા ઝડપાયા 'તા

**અબતક, રાજકોટ**

મોરબીના તલાટી-કમ-મંત્રી જી.ટી.દેવડા અને રેકર્ડ-ક્લાર્ક આઈ.સી.ઈન્દરિયા લાંચ રૂશ્વત વિરોધી શાખાના હાથે વર્ષ ૧૯૮૭માં રૂ. ૭૦૦ ની લાંચ લેતા ઝડપાયા હતા. જે કેસની ટ્રાયલ મોરબી સેશન્સ કોર્ટમા ચાલી જતા વર્ષ ૨૦૦૮માં બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરવાનો હુકમ કરેલો હતો.આ હુકમ સામે નારાજ થઈ સરકાર પક્ષ દ્વારા સેશન્સ કોર્ટના હુકમને હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો.કરવામાં આવેલ અપીલમા હાઈકોર્ટે નીચેની કોર્ટના આદેશ કાયમ રાખી આરોપીને નિર્દોષ છોડી મુકવાના હુકમને બહાલ રાખ્યો હતો. જે અપીલ ચાલવા પર આવતા સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા દલીલ કરવામાં આવેલ હતી કે લાંચની રકમ રંગે હાથ પકડવામાં આવેલ છે. સેસન્સ કોર્ટે આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના કરેલ હુકમ ભૂલ ભરેલો છે. આરોપીઓ તરફે એવી દલીલ કરવામાં આવેલ હતી કે કેસમાં સક્ષીઓ અને ફરિયાદીનો પુરાવો એક-બીજાથી વિપરીત છે. ડીમાન્ડ જ સાબિત થતી ન હોય ફક્ત રીકવરીના આધારે સજા કરવાનો



હુકમ કરી શકાય નહિ. વિશેષમાં તલાટી-કમ-મંત્રી નું કામ ફક્ત નોંધ પડવાનું હોય છે અને નોંધ પ્રમાણિત કરવાનું તલાટીના કાર્યક્ષેત્રમાં જ નથી અને નોંધ પાડવાનું કામ તરત જ કરી દેવામાં આવેલ છે અને આ કેસમાં એક જ ઓફિસર દ્વારા ફરિયાદ લેવાયેલ છે, ટ્રેપ ગોઠવેલ છે અને તપાસ કરનાર અધિકારી પણ એ જ છે જે ગેરકાયદે છે અને આ રીતે સેસન્શ કોર્ટ દ્વારા આપવામાં આવેલો હુકમ યોગ્ય હોય તેમાં હસ્તક્ષેપ કરવા યોગ્ય નથી તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદો સાથે રજૂઆત કરવામાં આવેલ હતી.અપીલની સુનાવણીના અંતે હાઈકોર્ટે સેશન્સ કોર્ટનો આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ માન્ય રાખ્યો છે. આ કેસમાં અરજદાર તરફે રાજકોટના એડવોકેટ અલ્પેશ પોકીયા, અમિત ગડારા અને હાઈકોર્ટમાં એડવોકેટ અપૂર્વ જાની રોકાયેલ હતા.

# લખતર નજીક કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત

## કાર પલટી જઈ ગટરમાં ખાબકતા દોડધામ મચી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



લખતર હાઈવે પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતોના બનાવો અવારનવાર સામે આવી રહ્યા છે.ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં લખતરના કડુ નજીક એક કાર ગટરમાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો જેમાં સદનસીબે કારમાં સવાર બે વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરથી વિરમગામ તરફ જઈ રહેલી એક કાર લખતરના કડુ ગામ પાસે પહોચતા ડ્રાઈવરે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ફિલ્મી ઢબે ગટરમાં ખાબકી હતી. જેમાં કારમાં સવાર કાર ચાલક સહિત અન્ય એક વ્યક્તિનો આબાદ બચાવ થતા જાનહાનિ ટળી હતી. આ અકસ્માતને પગલે ગ્રામજનો અકસ્માત સ્થળે એકત્ર થઈ ગયા હતા. જ્યારે અકસ્માતમા કારને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું અને ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

# થાન: ચોરીના ગુનામાં વોન્ટેડ તસ્કર ૧૩ વર્ષે ઝડપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર એસ.ઓ.જી. પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત થાન પોલીસ મથકના ચોરીના ગુન્હામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જ્યશ્રદ્ધ પોલીસે અલગ અલગ ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. જેમાં હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સની મદદથી થાન પોલીસ મથકના વર્ષ ૨૦૧૩ માં નોંધાયેલ ચોરીના ગુન્હામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપી યોગેશભાઈ ભરતભાઈ પિત્રોડા રહે. થાન વાળાને થાન-ચોટીલા રોડ પર આવેલ પેટ્રોલ પંપ પાસેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ઝડપાયેલ આરોપીને થાન પોલીસ મથકે સોંપવામાં આવ્યો

# જમીન-મકાનના ધંધાર્થી સહિતનાને રૂ.૧૩.૫૯ કરોડનો ચૂનો ચોપડનાર ઉપલેટાનો નવનીત ઝડપાયો

## શેર બજાર અને જમીનમાં રોકાણના નામે અમદાવાદના નવ લોકોને શીશામાં ઉતારનાર કિશન રાડિયાની મદદગારી કરનાર શખ્સને રાજકોટ રૂરલ એલસીબી ટીમે દબોચ્યો



**અબતક, રાજકોટ**

અમદાવાદના ઘાટલોડિયાના જમીન-મકાનના ધંધાર્થી સહીત નવ લોકો સાથે શેરબજાર અને જમીનમાં રોકાણના નામે રૂ. ૧૩.૫૯ કરોડની ઠગાઈ આચરવાના ગુનામાં ઉપલેટાના નવનીત રબારાની રાજકોટ રૂરલ એલસીબીએ ધરપકડ કરી હતી. ૧૦ માસથી ફરાર શખ્સને દબોચી ગ્રામ્ય પોલિસે અમદાવાદ પોલિસના હવાલે કર્યો હતો.

રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઈ વી વી ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઈ એચસી ગોહિલ, કે એમ ચાવડા અને આર વી ભીમાણી તેમજ પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ પી એન ભરવાડના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમો ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એલસીબી શાખાના હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરુ અને મનદીપસિંહ જાડેજાને ટેકનીકલ સોર્સ મારફતે મળેલી હકીકતના આધારે અમદાવાદ શહેરના સોલા હાઈકોર્ટ પોલીસ મથકમાં નોંધાયેલા રૂ. ૧૩.૫૯ કરોડની છેતરપિંડીના ગુનામાં છેલ્લા ૧૦ માસથી ફરાર આરોપી નવનીત રમેશભાઈ રબારા (કોલકી ગામ, ઉપલેટા) ની ધરપકડ કરી સોલા હાઈકોર્ટ પોલીસના હવાલે કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના ઘાટલોડીયામાં રહેતા ૪૧ વર્ષીય જમીન મકાનના ધંધાર્થી વિજયકુમાર ચિનુભાઈ પટેલ તેમના પિતરાઈ જગદીશભાઈ સહીત નવ લોકોને શેરબજાર અને જમીનમાં રોકાણ કરી આકર્ષક વળતરની લાલચ આપી કિશન જયસુખભાઈ રાડિયા(હાલ રહે. ગોતા, અમદાવાદ મૂળ રહે. કોલકી, ઉપલેટા)એ રૂ. ૧૩,૫૯,૦૫,૫૭૮ ની ઠગાઈ આચરી હતી. જે નાણાં પૈકી જગદીશભાઈ પાસે કિશન રાડિયાએ રૂ. ૫,૯૮,૯૨,૨૮૦ જમીનમાં રોકાણ કરવા પેટે નવનીતના નામે ઉપલેટા ખાતે આંગડિયા મારફતે મોકલાવેલ હતા. જે ગુનામાં રૂરલ એલસીબીએ ૧૦ મહિનાથી ફરાર આરોપી નવનીત રબારાને ઝડપી સોલા હાઈકોર્ટ પોલીસના હવાલે કર્યો હતો.

આ કામગીરી રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, કે એમ ચાવડા, આર વી ભીમાણી, પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ પી એન ભરવાડ, એએસઆઈ અનિલભાઈ બડકોદીયા, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરુ, રમણીકભાઈ મણવર, ધર્મેશભાઈ ચાવડા, અર્જુનભાઈ ડવેરા, અરવિંદસિંહ જાડેજા, રસિકભાઈ જમોડ, મનદીપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારા, શક્તિસિંહ ઝાલા, ઈશિતભાઈ માણાવદરીયા, નિકુંજભાઈ સુતરીયા, શક્તિસિંહ જાડેજા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ અબ્દુલભાઈ શેખ દ્વારા કરવામાં આવી હતી.

# અંજાર: હેરોઈન સાથે ઝડપાયેલા શખ્સની હોટલમાંથી વીજ ચોરી ઝડપાઈ

## પોલીસ અને વીજ કર્મીએ ગેરકાયદે વીજ જોડાણ કાપી નાખ્યું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારના વરસાણા ગામ ખાતેથી માદક પદાર્થ હેરોઈનના જથ્થા સાથે પકડાયેલ આરોપીના કબ્જાની હોટેલ(ધાબા)નુ ગેર કાયદેસર વીજ કનેક્શન કાપી શિક્ષાત્મક કાર્યવાહી કરતી અંજાર પોલીસ અંજારના વરસાણા ગામ પાસે હેરોઈનના જથ્થા સાથે પકડાયેલા આરોપી પ્રકાશકુમાર હરીંગારામ બિશ્નોઈ વિરુદ્ધ પોલીસે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે. પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચનાથી અંજાર પોલીસ અને પીજીવીસીએલની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી આરોપીની હોટેલ (ધાબા) પર દરોડો પાડયો હતો. તપાસ દરમિયાન હોટેલમાં ગેરકાયદે વીજ કનેક્શન મળી આવતા તંત્ર દ્વારા જોડાણ કાપી નાખવામાં આવ્યું છે. પોલીસ દ્વારા ઈલેક્ટ્રિક સાધનો જપ્ત કરી આરોપીને ૧૦,૦૦૦નો



દંડ ફટકારવાની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાઈ છે. આ કામગીરી અંજાર પીઆઈ એ.આર. ગોહિલ, પીએસઆઈ જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તથા પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# ગોંડલના ઉમરાળા રોડ પર અજાણ્યા મોટરસાયકલની ઠોકરે આધેડનું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલના ઉમરાળા રોડ પરથી પસાર થઈ રહેલા ૫૦ વર્ષીય આધેડને અજાણ્યા મોટરસાયકલ ચાલકે હડફેટે લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં આધેડને સિવિલ હોસ્પિટલ ખસેડતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના ઉમરાળા રોડ વિસ્તારમાં રહેતા કાલીરામ મૂળીયા (ઉંમર વર્ષ ૫૦) ગત તા.૪ માર્ચના રોજ ઉમરાળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને અડફેટે લેતા કાલીરામભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં તેમનું મોત નીપજ્યું છે. બનાવને પગલે મૃતકના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો છે. હાલ ગોંડલ પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડાલ: આઠ માસથી નાસતો ફરતો શખ્સ મહારાષ્ટ્રથી ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

વડાલી પોલીસ સ્ટેશનમાં અમરત વણઝારા વિરુદ્ધ ગુનો નોંધાયો હતો ગુનો નોંધાયા બાદ તે ધરપકડથી બચવા માટે છેલ્લા આઠ મહિનાથી મહારાષ્ટ્રમાં આશ્રય લઈ રહ્યો હતો ત્યારે વડાલી પોલીસ અને તેમની સર્વેલન્સ ટીમ દ્વારા આરોપીની સતત શોધખોળ કરવામાં આવી રહી હતી તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી અમરત વણઝારા પોતાના વતન મેઘ ગામે ઘરે આવ્યો છે. બાતમી મળતા જ વડાલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કુલદીપસિંહ જાડેજા સહિતના સ્ટાફે તાત્કાલિક



મેઘ ગામે દરોડો પાડી આરોપીને તેના નિવાસસ્થાનેથી ઝડપી લીધો હતો પોલીસે હાલમાં આરોપીની અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલના ગુંદાળા ગામે સગીરાનું મોઢું દબાવી, છાતીના ભાગે હાથ ફેરવી જાતીય હુમલો

## મારે તારી સાથે ધુળેટી રમવી છે કહી નજીકમાં જ રહેતા હવસખોરે બળજબરીપૂર્વક શારીરિક અડપલાં કર્યા'તા: ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી રામસેવક માંઝીને દબોચ્યો

**અબતક, રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામે રહેતી ૧૫ વર્ષીય સગીરા પર નજીકમાં જ રહેતા શખ્સ જાતીય હુમલો કર્યો હતો. ધુળેટી પર્વે ઘરમાં ઘસી જઈ હવસખોરે સગીરાની મરજી વિરુદ્ધ મોઢું દબાવી છાતીના ભાગે હાથ ફેરવી વિખોડીયા ભરી નિર્લજ્જ હુમલો કર્યો હતો. જે બાબતે માઠું લાગી આવતા સગીરાએ અગાસી પરથી મોતની છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મામલે સગીરાની માતાની ફરિયાદ પરથી ગુનો નોંધી ગોંડલ તાલુકા પોલિસે આરોપીની ધરપકડ કરી હતી. પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલના ગુંદાળા ગામે રહેતી મૂળ બિહારના

### બનાવ બાદ ૧૫ વર્ષીય કિશોરીએ અગાસી પરથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કર્યો'તો: હાલ સારવાર હેઠળ

નાલંદા જિલ્લાની ૩૮ વર્ષ પરિણીતાએ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રામસેવક ફુલચંદ માંઝી (રહે હાલ. ગુંદાળા ગામ, ગુજરાત હાઈસ્પિનિંગ મિલ કોલોની, ગોંડલ)નું નામ આપતા પોલીસે બીએનએસની કલમ ૧૧૫(૨), ૭૫ તથા પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણી અહીં તેના પતિ, પુત્રી સહિતના પરિવારજનો સાથે રહે છે અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૪-૩-૨૦૨૬ ના ધુળેટીના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યા આસપાસ પરિણીતા અને તેનો પરિવાર ક્વાર્ટર ખાતે હાજર હતો અને જમવા બેઠો હતો. ત્યારે પરિણીતાની ૧૫ વર્ષીય સગીર પુત્રી અન્ય રૂમમાં પોતાના વાળ ઓળાવતી હતી. ત્યારે તેમના રહેણાંકની નજીકમાં જ રહેતો રામસેવક માંઝી ફરિયાદીના ક્વાર્ટર ખાતે ઘસી આવ્યો હતો. આરોપી પરિણીતાની સગીર પુત્રી પાસે જઈ 'મારે તારી સાથે હોળી રમવી છે, તને કલર લગાવો છે' તેમ કહ્યું હતું. પરંતુ સગીર પુત્રીએ આરોપી સાથે ધુળેટી રમવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે સગીરાની મરજી વિરુદ્ધ તેને પકડી લઈ મોઢું દબાવી દીધું હતું. બાદમાં તેણીના મોઢા પર રંગ લગાવી છાતીના ભાગે હાથ ફેરવ્યો હતો. હવસખોરે બાદમાં સગીરાની છાતી દબાવી નખના વિખોડિયા ભરી ઈજા પહોંચાડી હતી. જે બાદ સગીરાએ રાડારાડી કરતા આરોપી રામસેવક માંઝી ત્યાંથી નાસી ગયો હતો.

જે બાદ કિશોરીએ તેના રહેણાંકની અગાસીએથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બનાવને પગલે પરિણીતાએ તાત્કાલિક ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીઆઈ વી એમ ડોડીયાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ગણતરીની કલાકોમાં જ આરોપી રામસેવક ફુલચંદ માંઝી (ઉવ ૨૦) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# લોધિકાના મોટાવડા પાસે હિટ એન્ડ રન, કારે બાઈકને અડફેટે લેતા વૃદ્ધનું મોત


**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના મોટાવડા ગામ પાસે ગત રાત્રિના હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. લગ્ન પ્રસંગમાં હાજરી આપી મોટરસાયકલ પર પરત ફરી રહેલા બે વૃદ્ધોને અજાણ્યા ફોરવીલ ચાલકે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ૬૫ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વૃદ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે સુવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, લોધિકા તાલુકાના મોટાવાડા ગામમાં રહેતા અરવિંદભાઈ વાઘજીભાઈ પાંભર (ઉં.વ. ૬૫) અને શિવાભાઈ નરસિહભાઈ પાંભર (ઉં.વ. ૭૦) ગઈકાલે રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાની આસપાસ લગ્ન પ્રસંગ પતાવીને મોટરસાયકલ પર સવાર થઈ પરત ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન ખીરસરા અને મોટાવાડા ગામ વચ્ચે પુરપાટ ઝડપે આવતા અજાણ્યા ફોરવીલર ચાલકે મોટરસાયકલને અડફેટે લીધા હતા. અકસ્માતમાં બંને વૃદ્ધોને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી બંનેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબે અરવિંદભાઈ પાંભર મૃત જાહેર કર્યા હતા. જ્યારે શિવાભાઈની સારવાર ચાલી રહી છે.બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતા જ મેટોડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે પહોંચ્યો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સિરામિક ઉદ્યોગ પર સંકટના વાદળો : શ્રમીકોના ચૂલા ઠરવા નહીં દેવાનો ઉદ્યોગકારોનો અભિગમ

## મધ્યપૂર્વ યુદ્ધની અસરને લઈને ગેસ સપ્લાય ખોરવાતા અનેકો સિરામિક ફેક્ટરીઓ બંધ થતા ઉદ્યોગકારો ઉદાર મને શ્રમિકોને પગાર અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપી સહાય

### ગેસની અછતથી કરોડોનું ટર્નઓવર ઠપ્પ : અભય પટેલ



સનક્યુરો સીરામીક પ્રાઈવેટ લિમિટેડના અભય પટેલે જણાવ્યું હતું કે, યુદ્ધના કારણે પ્રોપેઈન ગેસની અછત સર્જાતા ફેક્ટરી બંધ કરવાની ફરજ પડી છે. જેના લીધે મહિને ૪ થી ૫ કરોડનું ટર્નઓવર અત્યારે શૂન્ય થઈ ગયું છે. આમ છતાં, ફેક્ટરીના ૧૫૦ શ્રમિકોને છૂટા કરવાને બદલે કંપની દ્વારા તેમની જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.



**અબતક, ઋષિ મહેતા**
**મોરબી**

મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે મોરબીના સિરામિક ઉદ્યોગ સુધી પહોંચી છે. ગલ્ફ દેશોમાંથી આવતો નેચરલ ગેસ અને પ્રોપેન ગેસનો પુરવઠો ખોરવાતા મોરબીની અનેક સિરામિક ફેક્ટરીઓ બંધ થવા લાગી છે. જોકે ઉદ્યોગકારો દ્વારા હાલ શ્રમિકોને જીવન જરૂરી ચીજવસ્તુઓ અને પગાર આપીને સહાય કરવામાં આવી રહી છે.

મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે તેની આર્થિક અસર હવે ગુજરાતના મોરબી સુધી પહોંચી છે. વિશ્વભરમાં જાણીતા મોરબીના સિરામિક ઉદ્યોગ માટે નેચરલ ગેસ અને પ્રોપેન ગેસ મહત્વપૂર્ણ ઈંધણ છે, જેનો મોટાભાગનો પુરવઠો ગલ્ફ દેશોમાંથી આયાત કરવામાં આવે છે. પરંતુ યુદ્ધને પગલે આ ગેસના પુરવઠામાં ખલેલ પડતા મોરબીની અનેક સિરામિક ફેક્ટરીઓ ધીમે ધીમે બંધ થવા લાગી છે. મોરબીનો સિરામિક ઉદ્યોગ સંપૂર્ણપણે ગેસ પર આધારિત હોવાથી ગેસ વગર ઉત્પાદન ચાલુ રાખવું શક્ય નથી. હાલ ઘણા યુનિટમાં ઉપલબ્ધ ગેસનો સ્ટોક સમાપ્ત થતો જતા એક પછી એક ફેક્ટરીઓ બંધ કરવાની નોબત આવી રહી છે. ઉદ્યોગકારોનું કહેવું છે કે જો આગામી ૧૫મી તારીખ સુધી પરિસ્થિતિમાં કોઈ સુધારો નહીં આવે તો મોરબીના મોટાભાગના સિરામિક યુનિટ સંપૂર્ણ રીતે બંધ થઈ શકે છે, જેના કારણે હજારો શ્રમિકો અને વેપાર ઉપર ગંભીર અસર પડી શકે છે.

હાલમાં બંધ થયેલી કેટલાક યુનિટના શ્રમિકો સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે તેઓ બહારના રાજ્યોમાંથી મોરબીમાં મજૂરી કરવા આવ્યા છે. ફેક્ટરીઓ બંધ થવાને કારણે ચિંતાનો માહોલ છે. જોકે સિરામિક ફેક્ટરીના માલિકોએ ઉદારતા દાખવી શ્રમિકોને રહેવાની વ્યવસ્થા, જીવન જરૂરી ચીજવસ્તુઓ અને પગાર આપવામાં મદદ કરી છે. શ્રમિકોએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહી શકે તેવી નથી અને જો યુદ્ધ વહેલી તકે સમાપ્ત થાય તો ઉદ્યોગ અને શ્રમિક બંને માટે રાહતદાયક સાબિત થશે.

### ગેસ કટોકટી વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી રાહતની ખાતરી: પ્રમુખ મનોજભાઈ એરવાડિયા



સિરામિક એસોસિએશન પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ જણાવ્યું કે, યુદ્ધના લીધે પ્રોપેઈન ગેસની અછત સર્જાતા ૧૦૦ જેટલા યુનિટ્સ બંધ થયા છે અને જો સ્થિતિ નહીં સુધરે તો એક અઠવાડિયામાં ૪૦૦ યુનિટ્સ ઠપ્પ થઈ શકે છે. ગુજરાત ગેસના વપરાશકારો પર પણ ૧૫ તારીખ સુધીમાં અસર થવાની ભીતિ છે, જેનાથી એક્સપોર્ટને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ ગંભીર સ્થિતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા સાથે વાત કરી મોરબીના ઉદ્યોગને શક્ય તમામ રાહત આપવાની ખાતરી આપી છે.

### માલિકનો સપોર્ટ છે, પણ ગેસ વગર કામ અટકી ગયું છે : મિત બાણુગારીયા



ફેક્ટરીમાં છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત વાયરમેન મિત બાણુગારીયાએ જણાવ્યું હતું કે, ગેસની ગંભીર કટોકટીને લીધે અત્યારે તમામ પ્લાન્ટમાં શટડાઉન લેવાની ફરજ પડી છે. આ સ્થિતિને કારણે લાખો લોકોની રોજગારી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. જોકે કારખાનાના માલિકો તરફથી અત્યાર સુધી સારો સપોર્ટ મળી રહ્યો છે, પરંતુ ગેસની અછત જો લાંબો સમય ચાલશે તો સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે તેમ છે.

### ફેક્ટરી ફરી ધમધમતી થવાની રાહ : શ્રમિક અમર પાસવાન



શ્રમિક અમર પાસવાને જણાવ્યું હતું કે, ગેસની અછતને લીધે સર્જાયેલી સ્થિતિ અત્યંત ગંભીર છે, જેની સીધી અસર અમારા જેવા મજૂરો પર પડી રહી છે. અત્યારે અમારી એક જ ઈચ્છા છે કે વહેલી તકે ગેસનો પુરવઠો મળી રહે અને ફેક્ટરી ફરી ધમધમતી થાય જેથી અમારું કામકાજ રાબેતા મુજબ શરૂ થઈ શકે.

---

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

# મહાપાલિકા આયોજીત આરોગ્ય કેમ્પનો મહિલાઓએ બહોળી સંખ્યામાં લીધો લાભ

**અબતક, ઋષિ મહેતા**
**મોરબી**



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મોરબી મહાનગરપાલિકા દ્વારા એમએમસી ફોર વુમન અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે તાજેતરમાં મોરબી શહેરના વિવિધ વિસ્તારોમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે મહિલા આરોગ્ય તપાસ અને જાગૃતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન મોરબી મહાનગરપાલિકા હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી સ્ટાફ દ્વારા મહિલાઓને ગર્ભાશયના મુખના કેન્સર તેમજ સ્તન કેન્સરના લક્ષણો અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી, જેથી સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળી શકે. ઉપરાંત મહિલાઓની હીમોગ્લોબીન, બ્લડપ્રેશર અને બ્લડ સુગરની વિનામૂલ્યે તપાસ કરી જરૂરી સારવાર પણ આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન એનેમિયા, ડાયાબિટીસ જેવી બીમારીઓથી બચવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં શહેરની બહોળી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ સ્વાસ્થ્ય તપાસ કરાવી હતી.

# રફાળેશ્વર ગામે જમવાના પૈસાના મામલે મિત્રોના હાથે યુવકની હત્યા

## નળીયા અને ટાઈલ્સથી હુમલો, સારવાર દરમિયાન યુવકનું મોત, બે સામે ખૂન અને એટ્રોસિટીનો ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના રફાળેશ્વર ગામે જમવાના પૈસાની લેતીદેતી બાબતે થયેલી માથાકૂટમાં મિત્રોએ જ મિત્ર પર હુમલો કરતા ૩૩ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. બનાવ મામલે પોલીસે બે આરોપીઓ સામે હત્યા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી તાલુકાના રફાળેશ્વર ગામે જમવાના પૈસાની લેતીદેતી મામલે થયેલી માથાકૂટે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં મિત્રોના હાથે મિત્રની હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ અંગે પોલીસે બે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ હત્યા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. સમગ્ર હત્યાના બનાવ અંગે ફરિયાદી મૃતકની માતા દયાબેન જગદીશભાઈ ચૌહાણ ઉવ.૫૫ રહે. રફાળેશ્વર ગામે આંબેડકરનગર તા.જી.મોરબી વાળાનો પુત્ર ભરત ઉર્ફે જે.ડી ઉવ.૩૩ ધુળેટીના તહેવારના દિવસે તા.૪ માર્ચે સાંજે પોતાના મિત્રો ગોપાલ રણછોડભાઈ ઝાપડા અને પ્રદીપભાઈ કોળી સાથે રફાળેશ્વર સ્થિત કૈલાશ નળીયાના કારખાનાના ગ્રાઉન્ડમાં બેઠા હતા અને જમવાનો કાર્યક્રમ બનાવતા હતા. આ દરમિયાન જમવાના પૈસા બાબતે ત્રણેય વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં આરોપી ગોપાલે નળીયા વડે ખભાના ભાગે જ્યારે પ્રદીપે ટાઈલ્સના તીક્ષ્ણ ટુકડા વડે પેટના ભાગે ભરત ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત ભરત ઘરે પહોંચી ગયો હતો અને પછી તેની તબિયત બગડતા પરિવારજનોએ તેને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ભરત ઉર્ફે જે.ડી.નું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકની માતા દયાબેન ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે આરોપી ગોપાલ રણછોડભાઈ ઝાપડા અને પ્રદીપભાઈ કોળી બન્ને રહે.મોરબી વાળા વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૧૦૩(૧), ૫૪ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# આંદરણા ગામે શિક્ષણ જગતને શર્મસાર કિસ્સો, શિક્ષક ક્લાસમાં દારૂ પીતો પકડાયો

## વિદ્યાર્થીઓ સામે કેફી પ્રવાહી પી અને નશામાં ગેરવર્તનનો આરોપ, શિક્ષક વિરૂધ્ધ ગુનો નોંધ્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના આંદરણા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક ચાલુ ક્લાસ દરમિયાન દારૂ પીતો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ઘટના સમયે શિક્ષક પોલીસ આવે તે પહેલા સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ત્યારે સરકારી શિક્ષકની બેગમાંથી વિદેશી દારૂની અડધી બોટલ મળી આવતા પોલીસ દ્વારા બોટલ કબ્જે લઈ, ફરાર આરોપી શિક્ષકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી તાલુકાના આંદરણા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણ જગતને શર્મસાર કરતો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. શાળામાં ફરજ બજાવતા સરકારી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓની સામે જ દારૂ પીવામાં આવતો હોવાનો આરોપ લાગતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અંગે આંદરણા ગામના સમાજસેવક નીતેશભાઈ મનજીભાઈ ચાવડાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગઈકાલ તા. ૬ માર્ચના રોજ ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રાજુભાઈ ખીમજીભાઈ પરમાર રહે. હાલ ચરાડવા કે.ટી.મિલ સામે મૂળરહે. બજાણા તા.પાટડી જી.સુરેન્દ્રનગર વાળો ચાલુ ક્લાસ દરમિયાન વિદ્યાર્થીઓ સામે જ કેફી પ્રવાહી પીતો હોવાની માહિતી મળી હતી. જેથી ફરિયાદી નીતેશભાઈ ચાવડા તાત્કાલિક શાળાએ પહોંચ્યા હતા. ત્યાં સરકારી શાળાના શિક્ષક રાજુભાઈ પરમાર ચિક્કાર દારૂના નશામાં હોવાનું અને વિદ્યાર્થીઓ સામે ગેરવર્તન કરતા હોવાનું જોયું હતું. જે બાદમાં ગામના નિવૃત આર્મીમેન અનિલભાઈ સંઘાણીએ ૧૧૨ પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. પોલીસ પહોંચે તે પહેલા જ આરોપી શિક્ષક રાજુભાઈ પરમાર શાળામાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ શિક્ષકની બેગની તપાસ કરતા તેમાથી વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. હાલ પોલીસે ફરાર આરોપી શિક્ષક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જુના સાદુળકા ગામે મંદિરમાં આભૂષણો અને રોકડ મળી રૂ.૫૦ હજારની ચોરી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના જુના સાદુળકા ગામે આવેલ શકિત માતાજીના મંદિરમાં અજાણ્યા ચોરે રાત્રિના સમયે તાળા તોડી માતાજીના ચાંદીના છતર, આભૂષણો તથા દાનપેટીની રોકડ મળી કુલ રૂ.૫૦ હજારની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

મોરબી તાલુકાના જુના સાદુળકા ગામે રહેતા ફરિયાદી કનુભા રઘુભા ઝાલા ઉવ.૭૦ જે શક્તિ માતાજી મંદિર તથા શિવાલય ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવા આપે છે, તેમના જણાવ્યા મુજબ તા.૦૪ ફેબ્રુઆરીના રોજ રાત્રે આશરે નવ વાગ્યાથી બીજા દિવસે તા.૦૫ ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે આશરે સાડા ચાર વાગ્યા દરમિયાન શક્તિ માતાજીના મંદિરમાં ચોરીની ઘટના બનેલ હતી. જેમાં અજાણ્યા ચોર ઈસમોએ મંદિરના દરવાજાના તાળા નકુચા તોડી મંદિરમાં પ્રવેશ કરીને એક મોટું ચાંદીનું છતર આશરે ૫૦૦ ગ્રામ તથા નાના દસ ચાંદીના છતર મળીને કુલ આશરે ૭૫૦ ગ્રામ ચાંદીના આભૂષણો કિ.રૂ.૪૮ હજાર તેમજ દાનપેટીની અંદાજે રૂ.૨૦૦૦ રોકડ રકમ મળી કુલ રૂ.૫૦ હજારની માલમત્તાની ચોરી કરીને લઈ ગયા હતા. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર સામે બી.એન.એસ. કલમ ૩૩૧(૪) અને ૩૦૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ટીંબડી ગામે પુત્રને બાથરૂમમાં પુરવાના મામલે સમજાવવા ગયેલી માતા ઉપર હુમલો

## સાત વર્ષનો માસુમ તોફાન કરતો હોવાથી બાથરૂમમાં પુર્યો'તોઃ દંપતી સહિત ચાર સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના ટીંબડી ગામે સાત વર્ષના બાળકને બાથરૂમમાં પુરવાના મુદ્દે સમજાવવા ગયેલી માતા ઉપર સામે રહેતા પડોશી પરિવારના ચાર લોકોએ હુમલો કર્યો હતો. મોરબી તાલુકાના ટીંબડી ગામે પાયલબેન જીગ્નેશભાઈ સાધુ સંતોષ પાંડે, તેમની પત્ની રાણીબેન પાંડે, તેમની બે દીકરીઓ નિક્કીબેન અને એંજલબેન રહે.શ્રીહરી સોસાયટી ટીંબડી ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, પાયલબેનના સાત વર્ષનો પુત્ર રૂદ્ર તોફાન કરતો હોય જેથી આરોપી નિક્કીબેને તેને બાથરૂમમાં પુરી દીધો હતો. આ બાબતે બીજા દિવસે પાયલબેન આરોપી સંતોષભાઈ પાંડેને સમજાવવા ગયા હતા ત્યારે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન સંતોષભાઈએ લાકડી વડે હુમલો કર્યો હતો જ્યારે તેમની પત્ની રાણીબેને ઢીકાપાટુ માર્યા હતા. ત્યારબાદ નિકીબેન અને એંજલબેને ફરિયાદીના વાળ પકડી માર માર્યો હતો. હુમલામાં પાયલબેનના માથામાં ઈજા થતા તેમને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટાંકા લેવા પડ્યા હતા. હાલ પાયલબેનની ફરિયાદને આધારે તાલુકા પોલીસે ચારેય આરોપીઓ સામે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૫૪ તેમજ જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

# ગોર ખીજડીયાની શાળામાં બાળકોને વિજ્ઞાન - અંધશ્રધ્ધા વચ્ચે ભેદની અપાય સમજણ

## જાદુગર ડોલર ચુડાસમાએ વિવિધ કરતબો પાછળનું વિજ્ઞાન સમજાવ્યું

**અબતક, ઋષિ મહેતા**




આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના યુગમાં પણ સમાજના કેટલાક વિસ્તારોમાં અંધશ્રદ્ધાનો અંધકાર હજુ યથાવત જોવા મળે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભોળી જનતાને 'ચમત્કાર'ના નામે છેતરતા ઢોંગી તત્વો સામે જાગૃતિ લાવવા માટે મોરબી નજીક ગોર ખીજડીયા ગામની શાળામાં નિર્શિવ ફાઉન્ડેશન દ્વારા એક અનોખો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જાણીતા જાદુગર ડોલર ચુડાસમાએ વિવિધ કરતબોનું જીવંત પ્રદર્શન કર્યું હતું. સામાન્ય રીતે ધૂતારા અને ઢોંગી બાવાઓ દ્વારા ચમત્કારના નામે દર્શાવવામાં આવતા કરતબો જેમ કે મોઢામાં સળગતા કોલસા કે દેતવા મૂકવા, મૂર્તિને દૂધ પીવડાવવું, હથેળીમાં દીવા પ્રગટાવવા અને ધૂપ પર પાણી છાંટી તેને સળગાવી દેવો જેવા પ્રયોગો બતાવી તેની પાછળ રહેલું કેમિકલ સાયન્સ અને હાથચાલાકીનું રહસ્ય વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નિર્શિવ ફાઉન્ડેશનના ફાઉન્ડર રોહન રાંકજા, આરતી રોહન, શ્રુતિ રાંકજા અને ભક્તિ મારવણીયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સી.આર.સી. શિરીષભાઈ રાંકજાએ પણ હાજરી આપી સંસ્થાની આ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય પંકજભાઈ ઠોરીયાના માર્ગદર્શન હેઠળ અશ્વિનભાઈ કાવર, સંજયભાઈ પડસુંબીયા, દર્શનાબેન સરડવા, સરસ્વતીબેન તારપરા, રમેશભાઈ હુંબલ, ભરતભાઈ કાંજીયા અને સરોજબેન સરડવાએ જહેમત ઉઠાવી હતી.

# રિલીફ રોડનો ૬.૬૮ કરોડના ખર્ચે થશે સર્વાંગી વિકાસ

## રિલીફ રોડ માત્ર વાહનની અવર જવર માટે નહી શહેરીજનોને આનંદ આરામ આપનાર બનશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરને આધુનિક, સુવ્યવસ્થિત અને નાગરિકમિત્ર શહેરી માળખું પ્રદાન કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા રિલીફ રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે એક મહત્વાકાંક્ષી શહેરી વિકાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શહેરના મુખ્ય રિલીફ રોડને આધુનિક અર્બન ડિઝાઈનના ધોરણો અનુસાર વિકસાવી તેને માત્ર વાહનવ્યવહાર માટેનો માર્ગ ન રાખી એક લોકકેન્દ્રિત, હરિયાળું અને જીવંત શહેરી જાહેર સ્થાન તરીકે વિકસાવવાનો આયોજન કરવામાં આવ્યું છે.

આશરે ૮૫૦ મીટર લંબાઈ અને ૨૨ મીટર પહોળાઈ ધરાવતા આ મુખ્ય માર્ગના વિકાસ માટે અંદાજે રૂ. ૬.૬૮ કરોડના ખર્ચે આધુનિકીકરણ તથા સૌંદર્યવર્ધન કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા શહેરના શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઓળખ મળશે તેમજ નાગરિકોને વધુ સુવિધાસભર અને આકર્ષક જાહેર સ્થળો ઉપલબ્ધ થશે. પ્રોજેક્ટની અનોખી વિશેષતા રૂપે માર્ગના મધ્યભાગમાં આશરે ૧૦ મીટર પહોળો ડિઝાઈન કરાયેલ મિડિયન સ્પેસ વિકસાવવામાં આવશે. આ મિડિયન માત્ર ટ્રાફિક વિભાજન પૂરતું મર્યાદિત ન રહી એક બહુપયોગી અર્બન સ્પેસ તરીકે વિકસાવવામાં આવશે, જેમાં પોકેટ ગાર્ડન, પાર્કિંગ સુવિધા તેમજ વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ફેસ્ટિવ એરિયા વિકસાવવામાં આવશે. જેના પરિણામે આ વિસ્તાર શહેરના નાગરિકો માટે એક આકર્ષક મિલનસ્થળ તરીકે પણ વિકસિત થશે. આ ઉપરાંત પ્રોજેક્ટ અંતર્ગત માર્ગની બંને બાજુ વિશાળ અને સુવિધાસભર ફૂટપાથ, પેવર બ્લોક ફ્લોરિંગ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન, સુવ્યવસ્થિત વૃક્ષારોપણ, ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટિંગ, આધુનિક બેઠક વ્યવસ્થા (સીટિંગ એરિયા), ડસ્ટબિન, દિશાસૂચક સાઈનેજ તથા ઝેબ્રા ક્રોસિંગ જેવી આધુનિક શહેરી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સાથે સાથે વાહન પાર્કિંગ માટે સુવ્યવસ્થિત જગ્યાઓ તથા નાગરિકોને આરામદાયક જાહેર સ્થળો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.આ વિકાસકાર્ય પૂર્ણ થતાં રિલીફ રોડ માત્ર ટ્રાફિક માટેનો માર્ગ ન રહી નાગરિકમિત્ર, સલામત અને આકર્ષક અર્બન કોરિડોર તરીકે વિકસિત થશે. પગપાળા ચાલનારાઓ માટે સલામત માર્ગ, રાત્રિ દરમિયાન ઉત્તમ પ્રકાશ વ્યવસ્થા, હરિયાળીનો વધારો તથા શહેરના શહેરી સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થશે. રિલીફ રોડનું આ બ્યુટીફીકેશન પ્રોજેક્ટ મોરબી શહેરના આધુનિક અને સ્થિર શહેરી વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે

# મેવાસાની આરડીસી બેંકમાં ત્રાટકનાર તસ્કર બેલડી ઝબ્બેઃ જૂનાગઢના ચાર શખ્સોની શોધખોળ

## પીઠડીયા ટોલનાકે સિંગ-દાળીયા વેંચી પેટીયું રળતા યુવકના ઘરમાંથી થયેલ ચોરીનો ભેદ પણ ઉકેલાયોઃ રૂરલ એલસીબીની કામગીરી

**અબતક, રાજકોટ**

વિરપુર નજીક મેવાસા ગામની આરડીસી બેંકની બ્રાન્ચમાં ત્રાટકી ચોરીનો પ્રયાસ કરનાર બેલડીજે રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી હતી. જ્યારે જૂનાગઢના ચાર શખ્સોની શોધખોળ યથાવત રખાઈ છે. ઉપરાંત

પીઠડીયા ટોલનાકા પર સિંગ દાળીયા વેંચતા યુવકના ઘરમાંથી થયેલ ચોરીનો ભેદ પણ ઉકેલાયો હતો.

બનાવ અંગે અગાઉ વિરપુર નજીક આવેલ મેવાસા ગામની આરડીસી બેંકની શાખામાં ચોરીનો પ્રયાસ થતાં ચકચાર મચી ગઈ હતી. મોડી રાતે ડિસમિસ, લોખંડના સળીયા સાથે ઘુસેલો તસ્કર સીસીટીવી કેમેરામાં સ્પ્રે છાંટી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, સદનસીબે બેંકનું સાયરન વાગતાં તસ્કરો નાસી છૂટ્યા હતા અને લોકોની મરણમૂડી બચી ગઈ હતી.



જ્યારે એકાદ વર્ષ પહેલાં પીઠડીયા ટોલનાકામાં પાણી અને સિંગ વેંચતા યુવાનના ઘરમાં તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૧.૬૩ લાખના દાગીનાની ચોરી કરી નાસી છૂટતાં વિરપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

જે બનાવની ગંભીરતા જોઈ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા અનડિટેકટ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સૂચનાથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા અને પી.એન.ભરવાડ ટીમ પીઠડીયા ટોલ પ્લાઝા પાસે થયેલ ઘરફોડ ચોરી તથા મેવાસા ગામે આરડીસી બેંકમાં થયેલ ચોરીના પ્રયાસના ચોરીનો ગુનો ડિટેકટ કરવાં હ્યુમન તથા ટેકનીકલ સોર્સથી તપાસ કરતા હતા દરમ્યાન ટીમને ખાનગી રાહે મળેલ બાતમીના આધારે આ બન્ને ચોરીમાં સંડોવાયેલ બે આરોપીઓ જેમાં સદામહુશેન ઉર્ફે સોયબ સલીમભાઈ શેખા (રહે-ગોંડલ, રોમા ટોકીઝ પાછળ) અને અશ્વીન શામજી ચાવડા (રહે.પીઠડીયા ટોલ પ્લાઝા પાસે. ૧૦૦ વારીયા પ્લોટ) ને વિરપુર પાસે નેશનલ હાઈવે પાસેથી પકડી પાડી વિરપુર પોલીસ મથકમાં નોંધાયેલ બન્ને ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે આ ચોરીના ગુનામાં તેની સાથે રહેલ અન્ય સાગરીત કીરીટ અનીલ સાંગાણી, રોહીત દેવીપુજક, મૌલીક દેવીપુજક અને જાહીર કુરેશી (રહે.તમામ જુનાગઢ) ના નામ ખૂલતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.

# ભચાઉના લીસ્ટેડ ત્રણ બુટલેગર સામે ગુજશીટોક હેઠળ કાર્યવાહી

## ગુનાહિત પ્રવૃત્તિ રોકવા એસ.પી. સાગર બાગમાર દ્વારા પગલાથી ગુનેગારોમાં ફફડાટ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ કાઈમ એક્ટ ૨૦૧૫ (G.C.T.O.C) એક્ટ હેઠળ લિસ્ટેડ બુટલેગર ગુન્હેગારોની ટોળકી વિરૂધ્ધ કાર્યવાહી કરી છે. પૂર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા સંગઠિત ગુનાખોરી ડામવા માટે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ભચાઉના નામચીન બુટલેગરો અશોકસિંહ ઉર્ફે મામા બાલુભા જાડેજા, ભગીરથસિંહ ઉર્ફે ભગી દુર્ગાસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે શિવમ નરેન્દ્રસિંહ જાડેજા સામે ગુજસીટોક (G.C.T.O.C) એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. અશોકસિંહ વિરુદ્ધ અગાઉ ૧૪ તો ભગીરથસિંહ તથા ધર્મેન્દ્રસિંહ વિરુદ્ધ ૧૨-૧૨ પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે. રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને એસપી સાગર બાગમારની સૂચનાથી, આ ટોળકી દ્વારા આચરવામાં આવતી સંગઠિત પ્રવૃત્તિઓને રોકવા માટે આ કડક કાનૂની પગલું લેવામાં આવ્યું છે.

# જૂનાગઢના ડુંગરપુર ગામે બે દિવસમાં બે મકાનમાં હાથફેરો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે આજથી લગભગ સવા બે માસ પૂર્વે બે દિવસમાં બે ઘરફોડ ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા, પોલીસે આ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ આદરી છે.

જૂનાગઢના ડુંગરપુર ગામમાં રહેતા પ્રદીપભાઈ પરબતભાઈ મઘોડીયાના રૂમમાં ગત તા. ૧૯/૧૨/૨૫ માં રોજ સવારના ૧૦:૩૦ થી ૧૧:૪૫ દરમ્યાન અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી, રૂમમા રહેલ કબાટની તીજોરીમાથી સોના ચાંદીના દાગીના કિ. રૂ.૭૨૦૦૦ ભરેલ કાળા કલરના પર્સની ચોરી કરી લઇ ગયાની જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ છે.

જ્યારે તા. ૨૦/૧૨/૨૫ સાજના આશરે ૬ થી તા. ૨૧/૧૨/૨૫ સાંજના આશરે ૬ વાગ્યાના સમયગાળા દરમ્યાન કોઈપણ વખતે ડુગરપુર ગામ સુભાષનગર-૩ માં આવેલ અમુભાઈના મકાનમા ભાડે રહેતા સુરેશભાઈ મંગાભાઈ ચાંડપાના મકાનનું તાળુ તોડી કોઈ, અજાણ્યા ઈસમે મકાનમાં પ્રવેશ કરી રૂમમા રાખેલ ગલામાં રાખેલા આશરે રૂ. ૧૩૭૦૦ ની ચોરી કરી લઇ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસે બંને ફરિયાદ લઈ, અજાણ્યા ચોર ઈસમ સામે ગુન્હો નોંધી, આ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ આદરી છે.

# જેતપુરઃ ભાદર નદીના રેલવે પુલ પર દુર્ઘટના ટળી

## ટ્રેન આવી જતા યુવક બાઈક ટ્રેક પર મુકી નાશી છૂટ્યોઃ સેલ્ફી કે વિડીયો કોલ પર યુવક વાત કરતો હતો ત્યારે ટ્રેન ધસી આવીઃ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, કરણ બારોટ, જેતપુર**

જેતપુર રેલ્વે સ્ટેશનથી ૫૦૦ મીટર દૂર ભાદર નદીના પુલ પર રેલ્વે ટ્રેક પર અજાણ્યો યુવકે બાઈક ટ્રેક પર આડું રાખી મોબાઈલ હાથમાં પકડીને ઉભો હતો. તે સમયે પૂના વેરાવળ ટ્રેન આવી પહોચતા તે યુવક બાઈક છોડી નાશી જતા બાઈકનો ટ્રેન હેઠળ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતથી ટ્રેન અડધો કલાક ઉભી રહી હતી. સ્પેરપાર્ટ વગેરે કબ્જે કર્યા હતાં. અને તે સ્પેરપાર્ટ જેતલસર જંકશન રેલ્વે સ્ટેશને લઈ જઈ ત્યાં રેલ્વે પોલીસને સોંપ્યા હતાં. અકસ્માત નજરે જોનાર ચંદુભાઈ નામના વ્યક્તિએ અકસ્માત અંગે જણાવેલ કે, અજાણ્યો યુવક હાથમાં મોબાઈલ પકડી ટ્રેક પર બાઈક આડું રાખેલ ત્યારે સેલ્ફી લેતો હોય કે કોઈ સાથે વિડીયો કોલ પર વાત કરતો હોય તેવું લાગતું હતું અને જેવી ટ્રેન આવતા તે બાઈક મૂકી નાશી ગયો હતો.




ગંભીર ઘટનાની જાણ થતા જૂનાગઢ જંકશનથી ગાયત્રી પટેલ રેલ્વે પીઆઈ પોતાના સ્ટાફ સાથે પહોંચી ગયા હતાં. તપાસ હાથ ધરી હતી. બાદ ભાવનગર ડિવિઝનમાંથી રેલ્વે પોલીસના આસીસ્ટન્ટ કમાન્ડેટ એલ બી સિંહ સ્થળ પર પહોંચી તપાસનું નિરીક્ષણ કર્યું હતું. અજાણ્યા યુવાન સામે ગુન્હો નોંધ્યો છે. બાઈકના ચેસીસ નંબર તેમજ નંબર પ્લેટ જે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે તેના પરથી બાઈકના માલીકનું નામ શોધવાનું તેમજ રેલ્વે ટ્રેકની આજુ બાજુ સીસીટીવી કેમેરાના ફૂટેજ પરથી આરોપીને શોધવાની કામગીરી હાથ ધરાઈ છે.

# સાવરકુંડલામાં કેમ સામે જુએ છે કહી બે પક્ષ વચ્ચે મારામારીઃ ચાર ઘવાયા

## નમાજ પઢી ઘરે જતા યુવક સાથે બઘડાટી બોલીઃ સામ-સામે આઠ સામે ફરિયાદ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

શહેરની બીડીકામદાર સોસાયટી વિસ્તારમાં ગઈકાલે સાંજના સમયે બે જૂથો વચ્ચે મામલો બિચક્યો હતો. મસ્જિદે નમાઝ પઢીને પરત ફરી રહેલા યુવાનો વચ્ચે સામે જોવા જેવી નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો, જેમાં લોખંડની પાઈપ અને પંચ જેવા હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી છે.

સાવરકુડલા બોડીકામદાર સોસાયટીમાં રહેતા રિઝવાનભાઈ મહમદભાઈ જાંખરા (ઉ.વ. ૨૭) અને તેમના મિત્ર નમાઝ પઢીને રોશની પાનના ગલ્લે પહોંચ્યા ત્યારે સાદિક અયુબભાઈ ચૌહાણ ત્યાંથી પસાર થતા હતા. સાદિક તેમની સામે જોતો હોય, કેમ સામે જો છો? પૂછતા સાદિક ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી ખિસ્સામાંથી પંચ કાઢી મારી દઈ ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ઈમરાન ચૌહાણ, રાજુ ગોરી અને રસુલભાઈ લોખંડની પાઈપ સાથે ધસી આવ્યા હતા. ઈમરાને પાઈપનો ફટકો મારી ઢીંકાપાટુનો માર મારી, હવે સામા બોલશો તો મારી નાખીશું તેવી ધમકી આપી હતી.

સામા પક્ષે પણ સાદિકભાઈ અયુબભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૯) એ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ નમાઝ પઢીને ઘરે જતા હતા ત્યારે હસન જીરૂકાએ તેમને ઉભા રાખી તુ કેમ અમારી સામે જો છો? કહી ગળચી પકડી ઢીંકાપાટુનો માર માર્યો હતો. અને રીઝવાન જાંખરા લોખંડની પાઈપ વડે સાદિકને વાંસામાં માર્યો હતો સાથે ફરદીન જીરૂકા અને ફૈજાન જાંખરા પાઈપ અને ઈંટ લઈ મારવા દોડ્યા હતા. રિઝવાને છરી બતાવી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે બાબતે ફરિયાદ થતા , હસન કાસમભાઈ જીરૂકા, રિજવાન મહમદભાઈ જાંખરા, ફરદીભાઈ જીરૂકા, ફૈજાન જાંખરા, સાદિક ચૌહાણ, ઈમરાન રસુલભાઈ ચૌહાણ, રાજુ ગોરી, રસુલભાઈ મળી કુલ ૮ લોકો વિરુદ્ધ ગુન્હો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિંછીયાના વેપારીને ભત્રીજીના પૂર્વ પ્રેમીની ખૂનની ધમકી

## પૂર્વ પ્રેમિકા તેના પરિવાર સાથે રહેતી હોય તે વાતનો ખાર રાખી પરિણીત શખ્સેં ઘરે ઘસી જઈ ધમકાવ્યાઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વિંછીયામાં રહેતા પ્રૌઢ વેપારી ગામમાં જ રહેતા શખસે ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેમના ઘરે જઈ વેપારીના પિતાને પણ ધમકી આપી હતી. આરોપી વેપારીની ભત્રીજીને અગાઉ ભગાડી ગયો હોય હાલ આ દીકરી કાકાના પરિવાર સાથે રહેતી હોય જે આરોપીને પસંદ ન હોવાથી ધમકી આપી હતી.

વિંછીયામાં સત્યજીત સોસાયટીમાં રહેતા વેપારી રાજેશભાઈ મનહરભાઈ શાહ(ઉ.વ.૫૦) દ્વારા વિંછીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે સાગર નટુભાઈ વાલાણીનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૫/૩ ના તે વિંછીયા મેઈન બજારે આવેલી પોતાની દુકાને હતા ત્યારે સાગર નટુભાઈ વાલાણીનો ફોન આવ્યો હતો અને ધમકી આપી હતી કે હેતવીનો કબજો મને પાછો સોપી દો નહીંતર હું તમને જોઈ લઈશ. તેમ કહી ગાળો આપી હતી ત્યારબાદ ઘરે આવી ફરિયાદીના પિતા મનહરભાઈને પણ મારી નાખવાની ધમકી આપી હતી તેમજ આ સાગર અવારનવાર ફોન કરી ધમકી આપતો હોય અંતે આ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ત્રણ મહિના પહેલા વેપારીના ભાઈ જયેશભાઈની દીકરી હેતવીને સાગર ભગાડી ગયો હતો જે અંગે પોલીસ સ્ટેશનમાં ગુમસુધા નોંધ કરાવી હતી. બાદમાં દીકરી પરત આવી ગઈ હતી અને ફરિયાદીના પરિવાર સાથે રહેવા તૈયાર થઈ ગઈ હતી. આ દરમિયાન તેણે કહ્યું હતું કે, સાગર પોતે પરિણીત જ છે અને તને બાળક પણ છે. બાદમાં હેતવી કાકા સાથે રહેતી હોય જે વાત સાગરને પસંદ ન પડતા આ વાતનો ખાર રાખી ધમકી આપી હતી.

# ગોંડલ યાર્ડના વૃદ્ધ વેપારી સાથે ઈ-ચલણની એપીકે ફાઈલ મોકલી રૂ.૫.૯૫ લાખની ઠગાઈ

## વેપારીએ આરટીઓ ચલણની ફાઈલ ખોલતા જ સાયબર ગઠીયાઓએ મોબાઈલ એક્સેસ મેળવી લીધુંઃ સાત ટ્રાન્ઝેકશન મારફતે નાણાંની ઉઠાંતરી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડના ૬૦ વર્ષીય વૃદ્ધ વેપારીને આરટીઓ ઈ-ચલણની એપીકે ફાઈલ મોકલી રૂ. ૫. ૯૫ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરી લેવાઈ હતી. વૃદ્ધના મોબાઈલનું એક્સેસ મેળવી સાયબર ફ્રોડ આચરવા મામલે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો

બનાવ અંગે ગોંડલના ભોજપરા શેરી નં. ૨૪/૧૫ માં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ વેપારી ભરતભાઈ પોપટભાઈ આહયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું નવા માર્કેટીંગ યાર્ડ ખાતે શ્રી જયદેવ ટ્રેડર્સ નામની પેઢી ધરાવી વેપાર કરૂ છું. મારે સંતાનમાં બે દિકરા કૃતિક અને મેઘનીલ છે. હું મારા સગા-વ્હાલા તથા મિત્રો સાથે સંપર્કમાં રહેવા વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવી એપ્લીકેશનનો ઉપયોગ કરું છે.

વૃદ્ધ વેપારીએ જણાવ્યું હતું કે, ગત તા. ૨૪/૦૧/૨૦૨૬ ના રોજ મારા વોટસએપ નંબર ૯૮૭૯૩૩૯૪૬૧ પર કોઈ અજાણ્યા મોબાઈલ નંબર ૯૬૯૨૧૨૫૭૫૭ ઉપરથી એક આરટીઓ ઈ-ચલણની એપીકે ફાઈલ આવેલ હતી. જેથી મેં આ ફાઈલ ખોલી જોતા તેમા એક ડાયલોગ બોકસ ખુલ્યું હતું. જેમાં ઈંગ્લીશમાં 'મધર્સ નેમ' ભરવા માટે જણાવતા હોય મને ફાઈલ શંકાસ્પદ લાગતા મે આ ફાયલ મારા મોબાઈલમાંથી ડીલેટ કરી નાખેલ હતી. ત્યારબાદ સાંજના આઠ વાગ્યે મારા સંબધી જયેશભાઈ ઈશ્વરલાલનો મારા દિકરાને મેઘનીલને જાણ કરેલ કે, તમારા પિતાને મોબાઈલ નંબરમાં ફોન કરુ છું તો ફોન કોઈ બીજી વ્યક્તિ હિન્દી ભાષામાં વાત કરતી હતી. જેથી હું અને મારો દિકરો સાથે હોય તેણે મને વાત કરેલ હતી. ત્યારબાદ મેં મારો મોબાઈલ ફોન મારા મિત્રના દિકરા શુભમને ચેક કરવા આપતા તેણે કહેલ કે, તમારા મોબાઈલ ફોનમાં કોલ ફોર્વર્ડીંગ ચાલુ થઈ ગયેલ હતુ જે બંધ કરતા મારો મોબાઈલ ફોન બરોબર થઈ ગયેલ હતો.

ત્યારબાદ તા.૩૧/૦૧/૨૦૨૬ ના સાંજના સવા છ વાગ્યાં આસપાસ મારા મોબાઈલ નંબર પર મારા કોટક બેંકના ત્રણ અલગ અલગ એકાઉન્ટમાંથી પૈસા ડેબિટ થયાનો મેસેજ આવતા મારી સાથે સાયબર ફ્રોડ થયો હોવાની શંકા જતા મે કોટક બેંકના કર્મચારીને મારૂ એકાઉન્ટ ફ્રીજ કરવા માટે કોલ કરેલ હતો. ત્યા સુધીમાં સેવિંગ, કરન્ટ અને સીસી એકાઉન્ટમાંથી સાત કટકે રૂ.૫૦૦૦૦, રૂ.૫૦૦૦૦, રૂ.૧,૯૯,૦૦૦, રૂ. ૧,૯૭,૮૮૧, રૂ.૧૯,૯૯૯.૯૭, રૂ.૫૦૦૦૦ અને રૂ. ૨૮,૫૦૦ એમ મળી કુલ રૂ.૫,૯૫,૩૮૦.૯૭. ઉપડી ગયેલ હતા. જેથી વૃદ્ધ વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર પર ફોન કરી ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે રેન્જ સાયબર ક્રાઈમ પોલિસની ટીમે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ધોરાજી નજીક છોટા હાથી પલ્ટી જતા પ્રોઢનું મોત

## પતરા ખાલી કરવા જતી વેળાએ અકસ્માત સર્જાયો, ત્રણ લોકો ઘવાયા

**અબતક, રાજકોટ**

ધોરાજીથી જૂનાગઢ રોડ પર પતરા ભરેલું છોટા હાથી વાહન પલટી ખાઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં એક પ્રોઢનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ યુવાનોને નાની-મોટી ઈજાઓ પહોંચતા ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા લક્ષ્મણભાઈ જેઠાભાઈ ગોહિલ (ઉં.વ. ૪૫) ગત તા. ૧ માર્ચના રોજ તેમના ભત્રીજા દીપેશભાઈ બચુભાઈ ગોહેલ (ઉં.વ. ૨૨), કિશોરભાઈ લાલાભાઈ પરમાર (ઉં.વ. ૪૨) અને ડ્રાઈવર રિજવાન ડિશાભાઈ (ઉં.વ. ૩૨) સાથે છોટા હાથી ગાડીમાં પતરા ખાલી કરવા જૂનાગઢ જઈ રહ્યા હતા. આ દરમિયાન ધોરાજીથી જૂનાગઢ રોડ પર બે કિલોમીટર દૂર પુલ પાસે અચાનક ગાડી પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ચારેય વ્યક્તિઓને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન આજે લક્ષ્મણભાઈ ગોહિલનું મોત નીપજ્યું હતું.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક લક્ષ્મણભાઈ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં વચેટ અને અપરણીત હતા. બનાવને લઈ ગોહિલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટના અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં એસઆરપી મેન પર સાળાનો લાકડી વડે હુમલો, ખૂનની ધમકી

## બનેવી અને પિતાએ મળી માર મારી બોલેરોમાં તોડફોડ કર્યાની સાળાની વળતી ફરિયાદ

**અબતક, રાજકોટ**

ગોંડલમાં એસઆરપી કેમ્પમાં રહેતા એસઆરપીમેનને સાળાએ લાકડી વડે માર મારી ખૂનની ધમકી આપી હતી. સામા પક્ષે સાળાએ બનેવી અને પિતાએ મળી માર મારી બોલેરોમાં તોડફોડ કર્યાની વળતી ફરિયાદ નોંધાવી છે.

ગોંડલમાં એસઆરપી કેમ્પ આઠ ગોકુલધામમાં રહેતા પરેશભાઈ જાદવભાઈ બાબરીયા(ઉ.વ.૪૬) દ્વારા ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલમાં રઘુવીર સોસાયટીમાં રહેતા પોતાના સાળા કમલેશ રમેશભાઈ કુકાવાનું નામ આપ્યું છે. પરેશભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ એસઆરપી ગ્રુપ-૮ માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે.

ગઈ તા. ૫/૩/૨૦૨૬ ના રાત્રીના ૧૦:૩૦ વાગ્યા આસપાસ ફરિયાદી તથા તેના પત્ની અને બાળકો ઘરે હતા દરમિયાન તેમના સાળા કમલેશનો ફોન આવ્યો હતો અને કહ્યુ હતું કે, તમે ક્યાં છો જેથી ફરિયાદીએ કહ્યું હતું કે હું ઘરે છું જેથી કમલેશે કહ્યું હતું કે હું આવું છું આ સાંભળી ફરિયાદીએ તેને કહ્યુ હતુ કે તું પીધેલો છો અત્યારે ન આવતો તેમ વાત કરતા કમલેશે ફોન મૂકી દીધો હતો અને થોડીવારમાં કમલેશ બોલેરો ગાડી લઈને અહીં આવી ગાળો બોલતો હતો. જેથી ફરિયાદી તેના સાળા કમલેશને સમજાવવા માટે ગયા હતા પરંતુ કમલેશ ગાળો આપવા લાગ્યો હતો અને કહેતો હતો કે, આજે તો તમને મારી નાખવા છે તેમ કહી ઝપાઝપી કરવા લાગલ અને ગાડીમાંથી લાકડી કાઢી લાકડી વડે હુમલો કરી દીધો હતો. દેકારો થતા અહીં અન્ય માણસો એકત્ર થઈ જતા ફરિયાદીને વધુ મારમાંથી બચાવ્યા હતા તેમના હાથમાં ઈજા પહોંચી હોય જેથી તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

એસઆરપીમેને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેમના સસરા રમેશભાઈએ પુત્ર કમલેશ વિરુધ્ધ અગાઉ અરજી કરી હોય જેનો ખાર રાખી કમલેશ અહીં તેમના ઘરે આવી માથાકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગેની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોધ્યો છે.

સામાપક્ષે કમલેશ રમેશભાઈ કુકાવા (ઉ.વ. ૩૭ રહે. કોટડા સાંગાણી રોડ રઘુવીર સોસાયટી, મારૂતિધામ, ગોંડલ) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તારીખ ૫/૩ ના રાત્રીના આશરે ૮:૩૦ વાગ્યે તે ઘરે હતો ત્યારે બનેવી પરેશ જાદવભાઈ બાબરીયાને ફોન કર્યો હતો અને મળવા માટે કહેતા બનેવીએ ઘર પાસે બોલાવ્યો હતો. યુવાન બોલેરો લઈ અને ગયો હતો બાદમાં બનેવીએ આવી કહ્યુ હતું કે આજ પછી અમારા ઘરે આવતો નહીં અમારે તારી સાથે કોઈ જાતનો સંબંધ રાખવો નથી. તેમ કહી બનેવી બોલાચાલી કરવા લાગ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. બોલેરો ગાડીમાં લાકડી હોય તે લાકડી લઈ બનેવી પરેશભાઈએ તેના વડે આડેધડ માર મારવા લાગ્યા હતા અને કહેતા હતા આજે તો તને મારી જ નાખવો છે. દરમિયાન અહીં લોકો એકત્ર થતાં બનેવી અહીંથી જતા રહ્યા હતા અને યુવાન બોલેરો લઈ જતો રહ્યો હતો. દરમિયાન યુવાનના પિતા રમેશભાઈ શામજીભાઈ કુકવા આવી ગયા હતા અને તેણે કમલેશને જોઈ વાહનમાંથી લાકડી કાઢી લાકડી વડે બોલેરોનો આગળનો કાચ ફોડી નાખ્યો હતો લાકડી વડે પુત્રને માર મારવા લાગ્યા હતા. જેથી આ અંગે યુવાને બનેવી અને તેના પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# પડધરીના સરપદડમાં ભત્રીજાઓના ઝઘડામાં વચ્ચે પડેલા કાકી પર લાકડીથી હુમલો

## ભત્રીજા અને કાકી બંનેને હુમલામાં માથે શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે સિવિલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના સરપદડ ગામમાં ગઈકાલે રાત્રે ભત્રીજાઓના આપસી ઝઘડામાં વચ્ચે પડી સમાધાન કરાવવા ગયેલા કાકી પર લાકડી વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં મહિલા સહિત બે વ્યક્તિઓને ઈજા પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સરપદડ ગામમાં રહેતા ભારતીબેન રાજુભાઈ દેત્રોજા (ઉં.વ. ૨૫) ગઈકાલે રાત્રે આઠ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. તે સમયે તેમના ભત્રીજાઓ અશ્વિનભાઈ, વિશાલભાઈ અને ભરતભાઈ કોઈ અગમ્ય કારણોસર અંદરોઅંદર ઝઘડો કરી રહ્યા હતા.

પરિવારમાં શાંતિ જળવાય તે હેતુથી ભારતીબેન આ ઝઘડામાં વચ્ચે પડ્યા હતા અને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઉશ્કેરાયેલા શખ્સોએ ભારતીબેન પર લાકડી વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં તેમને માથા અને શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલામાં ઘવાયેલા ભારતીબેનને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. સામા પક્ષે વિશાલભાઈ ભરતભાઈ ડાભી (ઉં.વ. ૧૭) ને પણ ઈજા પહોંચતા તેને પણ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત ભારતીબેનના પતિ ભંગારનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમને સંતાનમાં બે દીકરીઓ છે. આ બનાવ અંગેની જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તોના નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

# જામનગરના ધુતારપર ગામે વાડીમાંથી હાઈ પ્રોફાઈલ જુગારધામ પકડાયું

## ખેડૂત મહિલા સહિત જામનગર-જેતપુર-મોરબી પંથકના છ પત્તાપ્રેમીઓની ધરપકડ: રૂ.૯.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તાલુકાના ધુતારપર ગામમાં આવેલી એક વાડીમાંથી હાઈ પ્રોફાઈલ જુગારધામ પંચકોસી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે પકડી પાડ્યું છે, અને જુગાર રમવા માટે આવેલી એક મહિલા અને વાડી માલિક તેમજ મોરબી જેતપુર પંથકના જુગારીયા તત્વોની પોલીસે અટકાયત કરી લઈ બનાવના સ્થળેથી રૂપિયા પોણા પાંચ લાખની રોકડ રકમ, કાર અને મોબાઈલ સહિત રૂપિયા ૯.૮૮ લાખની માલમતા કબજે કરી છે.

આ દરોડા ની વિગત એવી છે કે જામનગર તાલુકાના ધુતારપર ગામમાં રહેતા અને ખેતીવાડી ધરાવતા કુમનભાઈ વિઠ્ઠલભાઈ ભંડેરી નામના ખેડૂત કે જેઓ પોતાની વાડીમાં બહારથી કેટલાક જુગારીયા તત્વોને આશ્રય આપી પંથક માંથી બોલાવીને જુગારધામ ચલાવી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમી પંચકોશી એ. ડિવિઝનના પીઆઈ એમ.એન. શેખ અને તેઓના સ્ટાફના નિર્મળસિંહ જાડેજા તેમજ કાસમભાઈ બ્લોચ વગેરેને મળી હતી. જે બાતમી ના આધારે જિલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી ગઈકાલે રાત્રે ઉપરોક્ત પોલીસ ટુકડીએ દરોડો પાડ્યો હતો.

જે દરોડા દરમિયાન વાડીમાં આવેલી ઓરડીમાંથી એક મહિલા અને પાંચ પુરુષો ગંજી પાના વડે રોન પોલીસ નામનો જુગાર રમી રહેલા રંગે હાથ પકડાયા હતા.આથી પોલીસે વાડીમાલીક કુમન વિઠ્ઠલભાઈ ભંડેરી, મોરબી ની મહિલા ફાતમાબેન સલીમભાઈ માજાઠી, ઉપરાંત જામનગર તાલુકાના વેરતીયા ગામના ખેડૂત દીપકભાઈ ઉર્ફે દિલીપ રમણીકભાઈ પાંભર, જામનગરના રાંદલનગરમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા શક્તિસિંહ મહિપતસિંહ જાડેજા, જામનગરમાં શાંતિનગર વિસ્તારમાં રહેતા વેપારી રજનીકાંતભાઈ વિઠ્ઠલભાઈ સાંગાણી, તેમજ જેતપુરમાં ખોડીયાર મંદિર પાસે રહેતા વેપારી અલ્તાફભાઈ જુસબભાઈ ડેલા વગેરેની અટકાયત કરી લીધી છે. પોલીસે બનાવના સ્થળેથી રૂપિયા ૪,૭૩,૨૦૦ ની રોકડ રકમ, રૂપિયા ૫ લાખ ની કિંમતની આર્ટિગા કાર તથા ચાર નંગ મોબાઈલ ફોન વગેરે સહિત કુલ રૂપિયા ૯,૮૮,૭૦૦ ની માલમતા કબજે કરી લીધી છે.

# ધ્રોલ નજીક બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ભેંસદડના ખેડૂત ગંભીર

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર નજીક ધ્રોલ વિસ્તારમાં ભેંસદડ પાસે એક બંધ પડેલા ટ્રક ની પાછળ બાઈક ઘુસી જતાં બાઈક સવાર ભેંસદડ ગામના ખેડૂત પ્રૌઢ ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકા ના ભેંસદડ ગામના વતની અને ખેતી કામ કરતા ભવાનભાઈ કાશીયાણી નામના ખેડૂત પ્રૌઢ, કે જેઓ ગત ૧૮ ફેબ્રુઆરીના સાંજે ૭.૩૦ વાગ્યાના અરસામાં ભેંસદડ ગામના મુખ્ય રોડ પર થી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં કોઈ પણ પ્રકારનું સાઈનિંગ કે નિશાની બતાવ્યા વગર એક એમ.એચ ૪૮ ડીસી ૨૯૨૯ નંબરનો ટ્રક રેઢો પડ્યો હતો. જે ટ્રકમાં બાઈક પાછળથી ઘુસી ગયું હતું, અને પોતે ગંભીર સ્વરૂપે ઘાયલ થયો હતો, તેથી તેઓને સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરાયા છે, અને હાલ ત્યાં તેઓની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવ અંગે ઇજા લગ્રસ્ત ના પુત્ર જીતેન્દ્ર ભવાનભાઈ કાસીયાણીએ કોઈ પણ નિશાની ટ્રક ડમ્પર રોડ પર રાખી દેના ટ્રક ચાલક સામે ધ્રોળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કોડીનારના પીજીવીસીએલ કર્મચારી દીપકભાઈ ગોહિલે દેવદૂત બની અકસ્માતગ્રસ્ત મહિલાનો જીવ બચાવ્યો

**અબતક રામસિંહ મોરી સુત્રાપાડા**

ગઈકાલે સાંજે ૫ કલાકે માઢવાડથી કોડીનાર આવી રહેલા એક દંપતીને કડોદરાના વળાંક પાસે અકસ્માત નડ્યો હતો. બમ્પ પાસે ઢોર આડું ઉતરતા સર્જાયેલા આ અકસ્માતમાં ૩૫ વર્ષીય મેનકાબેન કિશનભાઈ ડાલકીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા.

આ સમયે પીજીવીસીએલ કોડીનાર (૨) ના કર્મચારી દીપકભાઈ એમ. ગોહિલ પોતાની ફરજ પરથી પરત ફરી રહ્યા હતા. અકસ્માત જોતા જ તેમણે તુરંત ૧૦૮ ને ફોન કરી બોલાવી હતી. માનવતા દાખવી દીપકભાઈ પોતાની ગાડી સાથી કર્મચારીને સોંપી પોતે ઈજાગ્રસ્ત પરિવાર સાથે ૧૦૮ માં હોસ્પિટલ ગયા હતા. તેમણે હોસ્પિટલમાં જરૂરી કાગળિયાંની કાર્યવાહી કરાવી, લોહીલુહાણ હાલતમાં રહેલા બેનને સમયસર સારવાર અપાવી 'ગોલ્ડન અવર' માં જીવ બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.



પોતાની ફરજની સાથે નિઃસ્વાર્થ ભાવે માનવ સેવા કરી દીપકભાઈએ પીજીવીસીએલ વિભાગ અને ધોબી સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની આ કામગીરીની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

# જામનગરના વસઈમાં તરૂણીનો આપઘાત

## પિતાએ મોટરસાયકલ ચલાવવાની ના પાડતાં માઠું લાગી આવવાથી ૧૬ વર્ષની પુત્રીએ ગળાફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના વસઈ ગામમાં રહેતા અને મજૂરી કામ કરતાં શ્રમિક પરિવારના ૧૬ વર્ષ ના તરુણ ને તેના પિતાએ બાઈક ચલાવવાની ના પાડતાં માઠું લાગી આવ્યું હોવાથી તેણે ગળાફાંસો ખાઈ લઈ પોતાની જીવાદોરી ટૂંકાવી છે. જે બનાવને લઈને શ્રમિક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.આ બનાવની વિગત એવી છે, કે મૂળ મધ્યપ્રદેશના વતની, અને હાલ જામનગર નજીક વસઈ વિસ્તારમાં એક ટાઉનશિપમાં રહેતા તેમજ મજૂરી કામ કરતા પ્રતાપભાઈ નરસિંહભાઈ બામણીયા ના ૧૬ વર્ષના પુત્ર રાકેશ પ્રતાપભાઈ બામણીયાએ ગઈકાલે પોતાના ઘેર પંખા ના હુકમા ગળાફાંસો ખાઈ લઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવની પોલીસને જાણ કરાતાં સિક્કાના એએસઆઈ સી.ડી. ગાંભવા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને રાકેશ ના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક તરુણને મોટરસાયકલ ચલાવવું હતું, અને પિતાની જાણ બહાર મોટરસાયકલ ચૂપચાપ લઈને ફેરવવા નીકળી જતો હતો, જેથી પિતાએ ચાવી છીનવી લીધી હતી, અને ફરીથી આ ઉંમરે બાઈક નહીં ચલાવવાનું કહેતાં રાકેશ નારાજ થયો હતો, અને પોતાની જિંદગીનો અંત લાવી દેવા માટે ગળાફાંસો ખાઈ લીધો હતો. જેના દેહનું પોસ્ટમોર્ટમ કરાવાયા બાદ પરિવારજનો અંતિમ વિધિ કરવા માટે તેના વતનમાં લઈ ગયા છે.

# શાપર નજીક બાઈકનું ટાયર ફાટ્યા બાદ સર્જાયેલા અકસ્માતમાં ચાલકનું મોત

## બાઈક સ્લીપ થયા બાદ પીલોર સાથે અથડાયું'તું: એક ગંભીર

**અબતક, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરીમાર્ગ પર સાપર ગામના પાટીયા પાસે ડબલ સવારી બાઈકનું એકાએક આગલૂં ટાયર ફાટતાં અકસ્માત સર્જાયો હતો. જે બાઈક નજીકના એક પિલર સાથે ટકરાઈ ગયું હતું. જે અકસ્માતમાં સિક્કા-કારાભૂંગા ગામના વતની બાઈક ચાલક યુવાનનું ગંભીર ઈજા થવાથી સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે, જયારે પાછળ બેઠેલા અન્ય એક યુવાનને ઈજા થઈ છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના સિક્કા કારાભૂંગા વિસ્તારમાં રહેતો સન્ની કુમાર રામનરેશ પંડિત નામનો ૨૩ વર્ષનો યુવાન પોતાના મિત્ર કારાભુંગામાં રહેતા પરેશ નટવરભાઈ ડાભી (ઉંમર વર્ષ ૨૦) ને પોતાની સાથે બાઈકમાં પાછળ બેસાડીને જામનગર ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલી પંથી હોટલમાં ચપ્પલની ખરીદી કરવા માટે ગયા હતા, અને ખરીદી કરીને પરત આવી રહયા હતા.

જે દરમિયાન સાપર ગામના પાટીયા પાસે ગોઝારો અકસ્માત નડ્યો હતો. બાઈકનું આગલુ ટાયર એકાએક ફાટી જતાં ધડાકો થયો હતો, અને બાઈક સ્લીપ થઈને રોડની બાજુમાં આવેલા એક પીલોર સાથે ટકરાઈ ગયું હતું, જે અકસ્માતમાં બાઈકચાલક સન્ની રામનરેશ પંડિતને માથાના ભાગે હેડ એન્જરી સહિતની ગંભીર ઈજા થઈ હતી, ત્યારે પાછળ બેઠેલો યુવાન પરેશ નટવરભાઈ ડાભી પણ ઘાયલ થયો હતો, જે બંનેને જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, ત્યાં સારવાર દરમિયાન બાઈકચાલક સન્ની કુમાર પંડિતનું મૃત્યુ નીપજ્યું હતું.

# ગોંડલ શહેર ભાજપ સંગઠનમાં તમામ જ્ઞાતિને આવરી સમતળ માળખુ કરાયું જાહેર

## ભાજપ અગ્રણી જયરાજસિંહ ધારાસભ્ય ગીતાબાના માર્ગદર્શનની સાર્વત્રીક સરાહના

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં ભાજપના વિવિધ મોરચાની નિમણુંકોમાં તમામ જ્ઞાતિઓને આવરી લેવાના ભાજપ મોવડી જયરાજસિંહ જાડેજા, ધારાસભ્ય ગીતાબા અને આગેવાનોના માર્ગદર્શનથી જાહેર થયેલ સમતલ માળખાની સવર્ત્ર સરાહના થઇ છે. ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા તથા યુવા અગ્રણી ગણેશભાઈ એ તમામ જ્ઞાતિઓ ને પ્રાધાન્ય મળી રહે તે પ્રકારે સમતોલ સંગઠન ની જાહેરાત કરી છે. જેમાં શહેર ભાજપ યુવા મોરચામાં પ્રમુખ સચીન રમણીકભાઈ વ્યાસ,મહામંત્રી વિશ્વરાજ સિહ લગધીરસિહ જાડેજા મહીલા મોરચામાં અમૃતાબેન સંજયભાઈ બગથરીયા, મહામંત્રી રસીલાબેન કાંતિભાઈ રૈયાણી,



ધર્મીષ્ઠાબેન વિનેશભાઈ જોશી, બક્ષીપંચ મોરચામાં પ્રમુખ હરદેવભાઈ ચંદુભાઈ હુંબલ, મહામંત્રી દિપકભાઈ મંગુભાઈ શિયાળ, સાગરભાઈ રામચંદ્ કાચા કિશાન મોરચા માં પ્રમુખ ધિરજભાઈ પ્રાગજીભાઈ રામાણી, મહામંત્રી પંકજભાઈ વલ્લભભાઈ કાથરોટીયા, પારસભાઈ પ્રવિણભાઈ રૈયાણી અનુસૂચિત જાતી મોરચો-પ્રમુખ શૈલેષભાઈ વસંતભાઈ ગોરી, મહામંત્રી નાનુભાઈ હમીરભાઈ મકવાણા, પ્રકાશભાઈ ગીરધરભાઈ દાફડા પ્રેસ મિડીયા વિભાગ-કન્વીનર જીતેન્દ્રભાઈ આચાર્ય, સહકન્વીનર જીતુભાઈ પંડ્યા સોશિયલ મિડીયા વિભાગ-કન્વીનર વિપુલભાઈ જાદવ સહ કન્વીનર વિનેશભાઈ જોશી આઈ.ટી.વિભાગ-કન્વીનર ઉદયભાઈ મનસુખભાઈ પીપળીયા,સહ કન્વીનર જયભાઈ વાઘેલાની નિમણુંક કરાઈ છે.

વિવિધ મોરચાનાં તમામ હોદ્દેદારો ને શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયાએ શુભેચ્છાઓ પાઠવી સંગઠનને વધુ મજબુત કરી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા ને શહેર નાં ઘરેઘરે અને છેવાડાનાં વિસ્તાર સુધી પંહોચતી કરવાં જણાવ્યું હતું.ધારાસભ્ય કાર્યાલયે તમામ હોદેદારોને ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર, બીપીનભાઈ નિમાવતે નિમણુંક પત્રો આપી સંગઠન જાહેર કર્યુ હતું.

# વિધાનસભા ફરી ખંડિત: ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું નિધન

## લોકપ્રીય ધારાસભ્યની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા: મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષે શ્રધ્ધાંજલી અર્પી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ફરી એકવાર ખંડિત થઇ છે. આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઇ પરમારનું શુક્રવારે રાત્રે હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. આજે સવારે નિકળેલી લોકપ્રીય જનસેવકની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓએ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ગોવિંદભાઇ પટેલ ઉમરેઠ



પંથકમાં ખૂબ જ લોકપ્રીય નેતા તરીકેની નામના ધરાવતા હતા. નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે સત્તારૂઢ હતા ત્યારે તેઓ રાજ્ય સરકારના મંત્રી તરીકે જવાબદારી પણ નિભાવતા હતા. હાલ વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. જેમાં તેઓએ અંતિમ દિવસ સુધી હાજરી આપી હતી. તાજેતરમાં તેઓની તબિયત લથડતા આણંદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર કારગત ન નિવડતા તેઓનું શુક્રવારે નિધન થયું હતું. વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા હવે ૧૬૨થી ઘટી ૧૬૧ થઇ છે. રાજ્યમાં આગામી બે મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે તેની સાથે જ ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી પણ યોજાઇ જાય તેવી શક્યતા જણાય રહી છે. ગુજરાતની જનતાએ એક લડાયક લોકનેતા ગુમાવ્યા છે.

# ગાંધીધામ-કચ્છ જિલ્લામાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં વકીલોનું ઉત્સાહભેર મતદાન

**અબતક ભારતીમાખીજાણી, ગાંધીધામ**

વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી માટે કચ્છમાં૭૧.૮૯ ટકા જેટલું મતદાન નોંધાયાના સત્તાવાર આંકડા જાહેર કરાયા હતા. સવારથી જિલ્લામાં નવ સ્થળે હાથ ઈરાયેલી મતદાન પ્રક્રિયા અંતર્ગત વકીલમિત્રોએ ઉત્સાહપૂર્વક ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. કચ્છમાં કુલ નોંધાયેલા ૨૬૬૫માંથી૧૯૧૬ વકીલમિત્રોએ મતદાનની પવિત્ર ફરજ નિભાવી હતી. અબડાસામાં સૌથી વધુ ૮૫તો અંજારમાં સૌથી ઓછું ૬૭.૪૦ ટકા મતદાન નોંધાયું હતું. ભુજ સહિતના કોર્ટ પરિસરમાં ચૂંટણી પ્રક્રિયાને લઇ વકીલમિત્રોની મતદાન માટે લાંબી કતાર લાગેલી જોવા મળી હતી. કચ્છ જિલ્લાના મુખ્ય પોલિંગ ઓફિસર તરીકે એડવોકેટ જિતેન્દ્રભાઈ મૂલચંદ ઝવેરીની નિમણૂક કરવામાં આવી હતી. ભુજ મધ્યે તેમની સાથે સહાયક પોલિંગ ઓફિસર તરીકે એડવોકેટ મલ્હાર ડી. બૂચ, હર્ષદ જે. જરાદી હિતેશભાઈ વેગડ અને અલ્પેશ સલાટને નિયુક્ત કરાયા હતા. સહાયક તરીકે એડવોકેટ શિવપાલસિંહ વાઘેલા અને પ્રિયંકાબેન વ્યાસ ઉપરાંત જિતેન્દ્રભાઈ ભાટી અને સુલતાનઅલી ભાંભવાણીનો પણ વ્યવસ્થામાં સહાકાર મળેલો હતો. દરેક તાલુકામાં પણ પોલિંગ ઓફિસરોની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં અબડાસા બાર એસોસિયેશનમાં મુખ્ય પોલિંગ અધિકારી સચિન જોશી અને જગદીશ ગુંસાઇ, અંજાર બાર એસોસિયેશનમાં જયદીપ વરુ સાથે અલ્પેશ આર. બારોટ, ભચાઉ બાર એસોસિયેશનમાં નિરૂભા જાડેજા સાથે ચંદ્રકાંત વોરા, ગાંધીધામ બાર એસોસિયેશનમાં દિનેશ મહેશ્વરી અને સહાયક મહાદેવભાઈ ડાંગર, માંડવી બાર એસોસિયેશનમાં અલ્તાફ નારેજા અને સહાયક નારણ ગઢવી, મુંદરા બાર એસોસિયેશનમાં રેનિસભાઈ રાવ અને સહાયક ભૌમિક ભટ્ટ, નખત્રાણા બાર એસોસિયેશનમાં ફાલ્ગુનીબેન ભીમાણી અને સહાયક રેણુબેન ખેતાણી તથા રાપર બાર એસોસિયેશનમાં રમેશભાઈ ચાવડા અને સહાયક ભરતભાઈ ઠાકોર દ્વારા આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પાર પડાઈ હતી. કચ્છના પુનિત દુધરેજિયા અને મગનભાઈ રાજિયાભાઈ ગઢવીએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે, જ્યારે મૂળ ભચાઉના અનિલ કેલાએ પણ ચૂંટણી જંગમાં ઝુકાવ્યું હતું. મતગણતરી સોમવાર તા. ૯ના સવારથી અમદાવાદમાં હાથ ધરાશે.

(પહેલા પાનાનું ચાલું)

### નેપાળના વડાપ્રધાન...

સોશિયલ મીડિયાના શસ્ત્રથી સજ્જ છે અને હવે રાજકીય રીતે અત્યંત જાગૃત છે. નેપાળ જેવા દેશોમાં આ પેઢીના આક્રમણ અને આક્રોશને કારણે જ વર્ષો જૂની સત્તાબારીઓ પલટાઈ ગઈ. વિશ્વના રાજકારણ માટે આ એક સ્પષ્ટ સંકેત છે કે હવે યુવા માનસને અવગણવું અશક્ય છે; સત્તાના સિંહાસનોએ હવે ફરજિયાતપણે 'જેન ઝી'ના વિચારો અને તેમની કાર્યશૈલીને સ્વીકારવી જ પડી છે. નેપાળમાં હાલમાં જ યોજાયેલી સંસદીય ચૂંટણીમાં ભારે ઉલટફેર જોવા મળ્યો છે. ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં થયેલા યુવા આંદોલન બાદ યોજાયેલી આ પ્રથમ ચૂંટણીમાં, નેપાળના યુવાઓએ પરિવર્તનનો મજબૂત પક્ષ લીધો છે. કાઠમંડુના પૂર્વ મેયર અને પ્રખ્યાત રેપર બાલેન શાહના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી' (**RSP**) એ જૂના રાજકીય દિગ્ગજોનો સફાયો કરીને ભવ્ય વિજય તરફ કદમ વધાર્યા છે. આ આખા સત્તા પરિવર્તનમાં રવિ લામિછાને આધુનિક 'ચાણક્ય' સાબિત થયા છે, જેમણે જનતાની અધીરાઈ અને યુવાઓના અસંતોષને ઓળખીને તેને સંગઠિત કરી 'કિંગમેકર'ની ભૂમિકા ભજવી. જોકે, આ બદલાતા રાજકારણનો અસલી ચહેરો અને 'જેન ઝી'ની તાકાતનું પ્રતિનિધિત્વ બાલેન શાહ જેવા નેતાઓ કરી રહ્યા છે. બાલેન શાહે જે રીતે ટેકનોક્રેટ અને યુવા આઈકોન તરીકે લોકોના દિલ જીત્યા, તે દર્શાવે છે કે વિશ્વ હવે માત્ર અનુભવના ઓટલે નહીં, પણ યુવા પેઢીના સ્માર્ટફોન અને તેમના ક્રાંતિકારી વિઝનમાં કેદ છે. રવિ લામિછાનેની વ્યૂહરચના અને બાલેન શાહના નેતૃત્વનું આ મિલન સાબિત કરે છે કે લોકશાહી હવે નવા યુગના ઉંબરે ઉભી છે. તાજેતરના આંકડાઓ મુજબ, બાલેન શાહની પાર્ટી ૧૬૫ માંથી ૧૧૦ થી વધુ બેઠકો પર મજબૂત સરસાઈ ભોગવી રહી છે. ખાસ કરીને બાલેન શાહે ઝાપા-૫ મતવિસ્તારમાં પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી સામે વિશાળ મતોથી જીત મેળવીને રાજકીય પંડિતોને ચોંકાવી દીધા છે. નેપાળની આ ચૂંટણી માત્ર સત્તા પરિવર્તન નથી, પણ 'નવી વિચારધારા' અને 'ટેકનોલોજી' ના વિજય સમાન છે. બાલેન શાહે પરંપરાગત મીડિયાને બદલે ડિસકોર્ડ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના માધ્યમથી યુવાઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. કાઠમંડુના મેયર તરીકેની તેમની કામગીરી અને ભ્રષ્ટાચાર સામેના કડક વલણે તેમને રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બનાવ્યા છે નેપાળની ૧.૯ કરોડની જનતામાંથી મોટાભાગના યુવા મતદારોએ ૭૦-૮૦ વર્ષના જૂના નેતાઓને બદલે ૩૫ વર્ષીય બાલેન શાહ પર વિશ્વાસ મૂક્યો છે.

આ જીત સાથે બાલેન શાહ નેપાળના સૌથી યુવા વડાપ્રધાન બનવા તરફ આગળ વધી રહ્યા છે. જેન-ઝી ક્રાંતિએ સાબિત કરી દીધું છે કે હવે નેપાળમાં માત્ર જૂના સૂત્રો નહીં, પણ આધુનિક વિકાસ અને પારદર્શિતાનું શાસન ચાલશે.

### સોનું...

શિપમેન્ટમાં વિલંબ થયો છે, જેનાથી ભારતમાં ટૂંકાગાળા માટે ફિઝિકલ બુલિયનની અછત ઊભી થઈ છે. જોકે, મેટલ્સ ફોકસના પ્રિન્સિપલ કન્સલ્ટન્ટ ચિરાગ શેઠનું કહેવું છે કે જાન્યુઆરીમાં મોટી માત્રામાં સોનાની આયાત થઈ હોવાથી ભારતમાં હાલ પૂરતો સ્ટોક છે અને ખરીદદારો રાહ જોઈ શકે તેવી સ્થિતિમાં છે.

સામાન્ય રીતે સોનાનું પરિવહન પેસેન્જર એરક્રાફ્ટના કાર્ગો હોલ્ડમાં કરવામાં આવે છે.

પરંતુ, હાલમાં યુએઈથી આવતી-જતી ફ્લાઈટ્સ પર મોટા પાયે પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં ટ્રેડરો અને લોજિસ્ટિક્સ કંપનીઓ સાઉદી અરેબિયા અને ઓમાન જેવા દેશોના એરપોર્ટ પર જમીન માર્ગે આટલા કિંમતી કાર્ગોને મોકલવાનું ટાળી રહ્યા છે. સરહદો પાર કરતી વખતે રહેલા જોખમો અને અન્ય જટિલતાઓને કારણે જમીન માર્ગે સોનાનું પરિવહન કરવું સુરક્ષિત માનવામાં આવતું નથી.

વૈશ્વિક બજારની વાત કરીએ તો, આ વર્ષે અત્યાર સુધીમાં હાજર સોનાના ભાવમાં લગભગ ૨૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, અને તેણે ૫,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટી પણ વટાવી દીધી છે. જોકે, આ સપ્તાહે અમેરિકન ડોલર મજબૂત થતાં સોનાના ભાવ પર થોડું દબાણ જોવા મળ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં હાજર સોનું ૫,૦૯૫.૮૧ ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી ૮૩.૪૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહી છે. રોકાણકારો દ્વારા સતત પ્રોફિટ બુકિંગ કરવામાં આવી રહ્યું હોવાથી ભાવમાં વધઘટ જોવા મળી રહી છે.

આ ઉપરાંત, સોનાની સપ્લાય ચેઈન ખોરવાતા રિફાઈનરીઓને પણ સેમી-રિફાઈન્ડ ગોલ્ડ બાર્સ (ડોરે) મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ભૌગોલિક રાજકીય તણાવ અને હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાની આશંકા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ૮૦ ડોલરની ઉપર પહોંચી ગયા છે. બજારની આ અસ્થિરતા વચ્ચે રોકાણકારો સોના-ચાંદીને એક સુરક્ષિત રોકાણ વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે સોનાની માંગ સતત જળવાઈ રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઈરાન - ઈઝરાયેલ યુધ્ધથી...

રહ્યા છે કે આગામી દિવસોમાં પેટ્રોલ - ડીઝલની તિવ્ર અછત સર્જાશે. જથ્થો મળશે નહી જેના કારણે બે દિવસથી પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની લાઇનો જોવા મળે છે. દરમિયાન ગઇકાલે ઓઇલ કંપની દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ઇંધણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. ખોટી અફવામાં ન આવવા અપીલ કરી છે.

### યુપીએસસીના ટોપર...

જૂને જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં ૧૪,૧૬૧ ઉમેદવારો પાસ થયા હતા. તેમાં સ્પીપામાંથી ૨૭૨ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે પસંદ થયા હતા. નવેમ્બર માસમાં સમગ્ર દેશમાંથી ૨,૩૭૬ ઉમેદવારો પર્સનલ ઈન્ટરવ્યૂ માટે ક્વોલિફાય થયા હતા, જેમાં સ્પીપાના ૮૨ ઉમેદવારોનો સમાવેશ થયો હતો. યુપીએસસીની કુલ ૧૦૯૭ જગ્યા માટે ૯૫૮ ઉમેદવાર ક્વોલિફાય થયા છે. ગ્રેજ્યુએટ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ટોપ કરે છે, જેમાં વ્યાવસાયિકોનું વર્ચસ્વ છે.

અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસમાં મેડિકલ સાયન્સને વૈકલ્પિક વિષય તરીકે પાસ કર્યું. તેમણે એટોમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ શરૂ કર્યું, દસમું ધોરણ પૂર્ણ કર્યું, અને પછી બારમું ધોરણ માટે કોટાની એમબી પબ્લિક સિનિયર સેકન્ડરી સ્કૂલમાં ગયા હતા.તમિલનાડુના મદુરાઈની રાજેશ્વરી સુવે એમ.એ બીજો ક્રમ મેળવ્યો છે.અન્ના યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ, તેમણે રાજ્ય સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી હતી અને હાલમાં ડેપ્યુટી કલેક્ટર તરીકે સેવા આપી રહી છે.

હરિયાણાના એકાંશ ધુલ ત્રીજા ક્રમે આવ્યા છે. દિલ્હી યુનિવર્સિટીના શ્રી રામ કોલેજ ઓફ કોમર્સમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ કર્યું છે. તેમણે અગાઉ ૨૦૨૪ માં યુપીએસસી પરીક્ષામાં ૩૪૨ રેન્ક સાથે પાસ કર્યું હતું અને આ વર્ષે ટોચના ત્રણમાં સ્થાન મેળવ્યું હતું. દિલ્હી યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં બીએ (ઓનર્સ) ડિગ્રી ધરાવતા રાઘવ ઝુનઝુનવાલાએ ચોથો ક્રમ મેળવ્યો છે. જ્યારે નેશનલ લો યુનિવર્સિટી દિલ્હીમાંથી બીએ એલ એલ બી(ઓનર્સ) ગ્રેજ્યુએટ ઈશાન ભટનાગરે સમાજશાસ્ત્રને વૈકલ્પિક વિષય તરીકે પાંચમું સ્થાન મેળવ્યું છે. યુપીએસસીમાં અરજી કરનારા ૯,૩૭,૮૭૬ ઉમેદવારોમાંથી ૫,૭૬,૭૯૩ ઉમેદવારોએ ૨૫ મે, ૨૦૨૫ ના રોજ યોજાયેલી પ્રારંભિક પરીક્ષામાં હાજરી આપી હતી. કુલ ૧૪,૧૬૧ ઉમેદવારો ઓગસ્ટ ૨૦૨૫ માં યોજાયેલી લેખિત મુખ્ય પરીક્ષા માટે લાયક ઠર્યા હતા. ૨,૭૩૬ ઉમેદવારો ડિસેમ્બર ૨૦૨૫ અને ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે આયોજિત વ્યક્તિત્વ પરીક્ષણ તબક્કામાં આગળ વધ્યા હતા.તમામ તબક્કાઓ પૂર્ણ થયા પછી, કમિશને ગ્રુપ 'એ' અને ગ્રુપ 'બી' હેઠળ ભારતીય વહીવટી સેવા (આઈએએસ), ભારતીય વિદેશ સેવા (આઈ એફ એસ), ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અને અન્ય કેન્દ્રીય સેવાઓમાં નિમણૂક માટે ૯૫૮ ઉમેદવારોની ભલામણ કરી છે.સરકારે આ સેવાઓમાં ૧,૦૮૭ ખાલી જગ્યાઓ જાહેર કરી છે. આમાં આઈએએસ માં ૧૮૦, આઈએફએસમાં ૫૫ અને આઈપીએસમાં ૧૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે, જ્યારે સેન્ટ્રલ સર્વિસીસ ગ્રુપ એ'' માં ૫૦૭ જગ્યાઓ અને ગ્રુપ બી' માં ૧૯૫ જગ્યાઓ ખાલી છે.

દરેક સેવામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓની સંખ્યાના આધારે અને સંબંધિત અધિકારીઓ દ્વારા ઉમેદવારોના અનામત દાવાઓની ચકાસણી કર્યા પછી અંતિમ નિમણૂકો કરવામાં આવશે.

સ્પીપાના ૩૪ ઉમેદવારોએ પ્રથમ એક હજાર રેંકમાં સ્થાન મેળવ્યું છે. સ્પીપા-ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૬ ઉમેદવારો અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૭ ઉમેદવારો પર્સનલ ઈન્ટરવ્યૂ પાસ કરવામાં સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે ચાલુ વર્ષે સૌથી વધુ ૩૪ ઉમેદવારો સફળ રહ્યા છે. તેમાં ૩૨ પુરુષ અને ૨ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. સ્પીપા દ્વારા નવેમ્બર ૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ખાસ પર્સનાલિટી ટેસ્ટ માટે તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા. જેમાં ૧૫ મોક ઈન્ટરવ્યૂ અને ૪ લેક્ચર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. દરેક મોક ઈન્ટરવ્યૂની વિડીયોગ્રાફી પણ કરવામાં આવી હતી, જેથી ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યૂ દરમિયાન થતી ભૂલો વિશે જાણકારી મળી રહે અને તેઓ તેમાં સુધારો કરી શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું હતું.

### ગુજરાતના ૩૪ વિદ્યાર્થીઓ...

રાહુલકુમાર રેવર અને ઓન પટેલ યુપીએસસીની પરીક્ષામાં પાસ થયા છે. જો કે, આ ૨૪ છાત્રો પૈકી એકમાત્ર નિસાર દિશાંત ટોપ-૨૦માં સ્થાન પામ્યો છે. તેને ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૯મું સ્થાન મેળવ્યું છે.

### કેસર કેરી...

ઠંડીના દિવસો ઓછા રહેવાના કારણે કેરીના ઉત્પાદન પર થોડા ઘણા અંશે અસર ચોકકસ જોવા મળશે. આગામી દિવસોમાં કેરીની આવકમાં ક્રમશઃ વધારો થશે જો કે હજી એકથી દોઢ મહિનો સુધી કેરીના ભાવ થોડા ઉંચા રહેશે. એપ્રીલ માસના બીજા પખવાડીયાથી કેરીની આવકમાં સારો એવો વધારો થશે જેના કારણે ભાવ પણ ઘટશે.

# દુઃખદ અવસાન

**સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**


**રાજકોટ:** રાજકોટ નિવાસી ચંપાબેન ચંદ્રકાન્તભાઈ ટાંક (ઉ.વ.૬૩) તે ચેતનભાઈ, પ્રકાશભાઈ, દક્ષાબેન ધમેશકુમાર કાચાના માતાનું તા. ૬-૩ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯-૩ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન મિલન હોલ, હરીઘવા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા કાલે પશુ દવાખાનાનું લોકાર્પણ

## વઢવાણ મહાજન પાંજરાપોળ સંસ્થામાં ૪૨૦૦ જેટલા અબોલ પશુઓ કરી રહ્યા છે નિભાવ





**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા નિર્મિત પશુ દવાખાનાનું તા. ૮ માર્ચ રવિવારના રોજ સવારે ૯ કલાકે શ્રીવઢવાણ મહાજન પાંજરાપોળ શિયાણીપોળ, વઢવાણ (જી. સુરેન્દ્રનગર) ખાતે લોકાર્પણ સમારોહ યોજાશે. પશુ દવાખાનું બનવાથી હજારો અબોલ જીવોની સારવાર થશે.

સાથમાં જ દાતાઓનું બહુમાન, ઉદબોધન તેમજ મકર સંક્રાંતિ દાન સ્વીકાર કેન્દ્રના કાર્યકરોનું અભિવાદન દિગંબર જૈન મંદિર ગ્રાઉન્ડ મોતી ચોક, વઢવાણ ખાતે રાખેલ છે.

શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા નિમિત પશુ દવાખાનાનું ઉદઘાટન નલીનભાઈ કોઠારી (પૂજય ભાઈશ્રી) (આધ્યાત્મિક રાહબર, શ્રી રાજસૌભાગ આશ્રમ, સાયલા)ના હસ્તે કરાશે.

વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા પશુ દવાખાનાનું નિર્માણના મુખ્ય દાતા સદગુણાબેન સી.યુ. શાહ, મીનળબેન રોહિતભાઈ શાહ તથા આધારસ્તંભ દાતા શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર, ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવારના ઉદાર સહયોગથી કરવામાં આવ્યું છે.

શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળના પરેશભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, વઢવાણ વિસ્તારમાં અબોલ જીવો માટે પશુ દવાખાનું બનાવવાથી નિર્દોષ અબોલ જીવોને તાત્કાલીક સારવાર મળી રહે અને અકાળે મૃત્યુ પામતા બચી શકશે.

વઢવાણ મહાજન પાંજરાપોળ સંસ્થામાં ૪૨૦૦ જેટલા અબોલ પશુ પક્ષીઓ ગાય, બળદ, વાછડા વિગેરેનો સુંદર નિભાવ થઈ રહ્યો છે. જેમાં રસ્તે રઝડતા, બીનવારસી, અંધ, અપંગ, બીમાર, લૂલા-લંગડા માંદા પશુઓ સ્વીકારવામાં આવે છે અને જો કોઈ પશુ બીમાર હોય તો તેની સારવાર કરવામાં આવે છે અને તેની સેવાયા કરી કરવામાં આવે છે. સંસ્થાને કોઈ કાયમી ભંડોળ નથી.

વઢવાણ મહાજન પાંજરાપોળમાં પશુઓને નિભાવ સાથે શકય તેટલી સગવડતાઓ વઢવાણ ડેલામાં તથા વીડમાં સૌ જીવદયા પ્રેમીઓના સાથ સહકારથી થઈ રહી છે. વઢવાણ મહાજન પાંજરાપોળ સંસ્થાનો દૈનિક ખર્ચ રૂ. બે લાખ રૂપિયાનો છે. અત્યારની કારમી મોંઘવારીના સમયમાં ૪૨૦૦ જેટલા પશુઓને નિભાવ માટે સંસ્થાને ૭ કરોડ રૂપિયાની જરુરીયાત છે.

વઢવાણ મહાજન પાંજરાપોળની જીવદયા પ્રવૃતિમાં ઉદાર હાથે દાન આપવા બેંક ઓફ ઈન્ડિયા, સુ.નગર એકા. નંબર ૨૦૯૦૧૦૧૦૦૦૦૩૭૩૧- આઈ.એફ.સી.સી. - બીકેઆઈડી ૦૦૦૨૦૯૦ તથા એકસ બેંક લી. સુ.નગર એકા. નંબર ૩૨૬૦૧૦૧૦૦૦૧૩૫૧૮- આઈએફએસસી - યુટીઆઈબી૦૦૦૦૩૨૬ પર દાન મોકલવી સંસ્થાની જીવદયા પ્રવૃતિઓને સાથ સહકાર આપવા માટે વઢવાણ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી પરેશભાઈ શાહ મો. નં. ૯૮૨૪૪ ૮૪૬૨૯, ભરતભાઈ મઠીયા મો. નં. ૯૪૨૮૪ ૭૫૭૧૩ પર સંપર્ક કરવો.

વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા નિર્મિત પશુ દવાખાનાના લોકાર્પણ સમારોહના કાર્યને સફળ બનાવવા માટે શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીઓ પરેશભાઈ મણીલાલ શાહ, નવીનચંદ્ર તુલસીદાસ સોની, શૈલેશભાઈ ચંદુલાલ શાહ, દોલતસિંહ કનુભા ડોડીયા, જતીનભાઈ તલકશીભાઈ શેઠ, કિશોરભાઈ શાંતિલાલ વોરા, ગીરીશભાઈ સહીતની ટીમે જહેમત ઉઠાવી રહી છે.

# સાબરકાંઠા પંથકમાં બટેટા ભરેલા વાહનોની ઓવરલોડના નામે કરાતી કનડગત દુર કરવા માંગ

## ખેડૂતોને કનડગત ન કરવા જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે કલેક્ટરને કરી રજૂઆત



**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ખેડૂતોએ હોળી-ધૂળેટી પર્વ અગાઉ ખેતરમાં વાવેતર કરેલ બટાકા તૈયાર થઈ ગયા બાદ મોટાભાગના ખેડૂતો બટાકાનો જથ્થો વિવિધ ઠેકાણે આવેલ કોલ્ડ સ્ટોરેજમાં મોકલવા માટે વાહનોમાં ભરી લઈ જઈ રહ્યા છે ત્યારે જિલ્લાના મોટાભાગના સ્થળે સ્થાનિક પોલીસ અથવા તો આરટીઓના અધિકારીઓ આવા બટાકા ભરેલા વાહનોને અટકાવી ઓવરલોડ હોવાનું કહીને દંડનીય કાર્યવાહી કરી રહ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખે ગુરૂવારે જિલ્લા કલેક્ટર તથા પોલીસવડા રજૂઆત કરીને ખેડૂતોની થતી કનડગત સત્વરે દુર કરવાની માંગ કરી છે.

સાબરકાંઠા ભાજપના પ્રમુખ કનુભાઈ પટેલના જણાવ્યા મુજબ આ વર્ષે ઈડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય વિસ્તારોમાં રહેતા ખેડૂતોએ અગાઉથી જ વિવિધ કંપનીઓ સાથે બટાકાનું વાવેતર કરવા માટે ફાર્મિંગ કોન્ટ્રાકટ કરી કંપનીઓ પાસેથી વિવિધ જાતના બિયારણ ખરીદ્યા બાદ જમીનમાં વાવેતર કરી દીધું હતુ. દરમ્યાન હોળી-ધૂળેટી પર્વ પૂર્વે અનેક ખેડુતોએ બટાકા પાકીને તૈયાર થઈ જતાં તેને સાચવવા માટે વાહનો મારફતે જિલ્લામાં વિવિધ ઠેકાણે આવેલા કોલ્ડ સ્ટોરેજમાં મુકવા માટે લઈ જઈ રહ્યા છે. ત્યારે વધુ માલ ભરવાની ખેડૂતોની લાચારીનો લાભ લઈ આરટીઓ તથા પોલીસ તંત્ર વાહનોને અટકાવી ઓવરલોડના નામે દંડ વસુલી રહ્યું છે. આ અંગે યોગ્ય કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

# ધોરાજીઃ ઓલ ઈન્ડિયા રાઈફલ શૂટિંગમાં ધર્મ ઠેસિયાએ ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું

## સ્પોર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા રમતવીરનું ભવ્ય સન્માન કરાશે



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેરના ઉભરતા શૂટર ધર્મ સંજયભાઈ ઠેસિયાએ રાઈફલ શૂટિંગ ક્ષેત્રે રાષ્ટ્રીય ફલક પર ઝળકીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. સુરત ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા રાઈફલ શૂટિંગ કેમ્પમાં ધર્મએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમ અને ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સફળતાનું શિખર સર કર્યું છે.

ધર્મની આ સફળતા પાછળ તેની વર્ષોની મહેનત રહેલી છે. આદર્શ સ્કૂલમાં ધોરણ ૯માં અભ્યાસ દરમિયાન તેણે ગઈઈમાં પ્રવેશ મેળવ્યો હતો. ત્યારબાદ ભાવનગર અને જૂનાગઢ ખાતે વિવિધ કેમ્પમાં ભાગ લઈ ગઈઈ 'એ' સર્ટિફિકેટની પરીક્ષામાં પણ તેણે 'એ' ગ્રેડ મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી. હાલ રોયલ સાયન્સ સ્કૂલમાં અભ્યાસ કરતો ધર્મ સ્પોર્ટ્સ ફાઉન્ડેશનમાં ફિઝિકલ ફિટનેસની તાલીમ મેળવી રહ્યો છે.

# જસદણઃ ભાજપના નવ નિયુકત પદાધિકારીઓને મહિલા મોરચાના પ્રમુખ અનિતાબેને આવકાર્યા



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અનિતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયાએ જિલ્લાના તમામ ભારતીય જનતા પાર્ટીના નવા નિયુક્ત હોદ્દેદારોને આવકારી અભિનંદન પાઠવ્યા હતા રાજકોટ જિલ્લા ભારતીય જનતા પાર્ટીએ શહેર અને તાલુકામાં કાર્યકરોને વિવિધ હોદ્દાઓ ફાળવી પાર્ટીને વધુ વેગ આપ્યો છે ત્યારે યુવા, મહિલા, બક્ષીપંચ, કિસાન, અનુસુચિત જાતિ, આઈ ટી, સોશ્યલ મીડિયા, તમામ હોદ્દેદારોને અનિતાબેન એ આવકાર્યા હતા અને તેમને શુભકામના પાઠવી હતી અત્રે નોંધનીય છે કે હાલ રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અનિતાબેન ત્રણ વર્ષ પહેલા જસદણ નગરપાલિકાના પ્રમુખ પદે અઢી વર્ષ રહ્યાં અને આ દરમિયાન તેમણે શહેરમાં કરોડો રૂપિયાના વિકાસ કાર્યો કરી પ્રજા માટે રાહતરૂપ પુરવાર થયા હતા.

# મોડાસામાં એનએસએસનું યોજાયું મહાસંમેલન



**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

હેમુ ઉત્તર ગુજરાત યુનિ. પાટણ અને લો કોલેજ મોડાસા દ્વારા બે દિવસીય એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સના વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનનું ઉદ્ઘાટન સંસદ સભ્ય શોભનાબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન હેમ.ઉ.ગુજ. યુનિ. ના કુલપતિ પ્રો. ડો. કે. સી. પોરિયા, એનએસએસ ના પ્રાદેશિક નિયામક ડો. કમલકુમાર કર અને હેમ. ઉ. ગુજ. યુનિ.ના પ્રોગ્રામ કો ઓર્ડિનેટર કમલેશ ઠક્કર અને પ્રિ. રાજેશ વ્યાસ હાજર રહ્યાં હતા. પ્રકાશભાઈ પરમાર, પ્રેમલભાઈ દેસાઈ, રોહિતભાઈ વોરા, હિતેશભાઈ પટેલે વક્તવ્ય આપ્યું હતું. રાષ્ટ્રીય સેવાને સમર્પિત આ સંમેલનના આયોજક તરીકે ડો.અશોક શ્રોફની સરાહનીય કામગીરી રહી હતી. આ સંમેલનમાં ૧૫૦ થી વધુ પીઓ અને આચાર્યોએ ભાગ લીધો હતો.

# સુરેન્દ્રનગર અને વઢવાણમાં ૬૬૮ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ સહાય એનાયત કરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલ ખાતે નાયબ મુખ્ય દંડકની અધ્યક્ષતામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગ સહાય યોજનાના લાભાર્થીઓને હુકમ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વઢવાણ અને સુરેન્દ્રનગર વિસ્તારના કુલ ૬૬૮ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૯૭ ગંગા સ્વરૂપા બહેનોને સહાય, ૧૬ લાભાર્થીઓને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ રૂ. ૨૦,૦૦૦ના ચેક અને ૪૪૫ નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગોને માસિક રૂ. ૧,૦૦૦ની સહાય મંજૂર કરવામાં આવી છે. આ તકે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા સહિત જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન તાલુકા પંચાયત ચેરમેન, રાજકીય આગેવાનો, પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સાબર ડેરીમાં કથિત નકલી દૂધ મામલે તટસ્થ તપાસની કોંગ્રેસની માંગઃ આવેદન અપાયું

## ડેરીમાં ભેળસેળયુક્ત દૂધ આવ્યું ન હોવાનું એમ.ડી.નો બચાવ



**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કથિત નકલી દૂધો મામલે જિલ્લા કોંગ્રેસે સાબર ડેરીના એમ.ડી.ને આવેદન પત્ર આપી ડેરીમાં નકલી દૂધ ભરવાના કૌભાંડની તપાસ કરવા માંગ કરી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટર સુભાષ પટેલને આવેદનપત્ર આપ્યું હતું આ આવેદનપત્ર નકલી દૂધના કથિત કૌભાંડ અને ડેરીમાં થતી ભેળસેળ અંગેની રજૂઆત માટે આપવામાં આવ્યું હતું. જો કે સાબરડેરીના એમ.ડી એ દાવો કર્યો હતો કે ડેરીમાં કોઈ પણ પ્રકારનું ભેળસેળયુક્ત દૂધ આવ્યું નથી.

ગુરુવારના રોજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિનું પ્રતિનિધિમંડળ સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટર સુભાષ પટેલને મળ્યું હતું જેમાં કોંગ્રેસના આગેવાનોએ સાબરડેરી દ્વારા ખરીદવામાં આવતા દૂધમાં ભેળસેળ થતી હોવાના અને ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાના આક્ષેપો કર્યા હતા તેમણે ડેરી દ્વારા કેટલું દૂધ સંપાદન કરવામાં આવે છે અને વિવાદ શરૂ થયા બાદ કેટલું દૂધ સંપાદિત થઈ રહ્યું છે તેની આંકડાકીય વિગતો પણ માંગી હતી કોંગ્રેસે ચેતવણી આપી હતી કે જો આગામી દિવસોમાં યોગ્ય જવાબ અને કાર્યવાહી નહીં થાય તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

સાબરડેરીના એમ.ડી સુભાષ પટેલે જણાવ્યું હતું કે સાબરકાંઠા અને અરવલ્લી કોંગ્રેસ પ્રમુખ અરુણ પટેલ અને રામભાઈ સોલંકી સાથે પ્રતિનિધિ મંડળ નકલી દૂધ બાબતે આવેદનપત્ર આપવા આવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે બનેલા બનાવ અંગે હાલ તપાસ ચાલી રહી છે અને તપાસ પૂર્ણ થયા બાદ સંપૂર્ણ વિગત રજૂ કરવામાં આવશે એમ.ડી એ વધુમાં જણાવ્યું કે હાલમાં સાબરડેરી, ફેડરેશન અને સરકાર એમ ત્રણ અલગ અલગ વિભાગો દ્વારા તપાસ ચાલી રહી છે આ મામલે બે જવાબદાર સુપરવાઈઝરો સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે.

### દશાબ્દી મહોત્સવ અંતર્ગત

# ઉપલેટાના બીએપીએસ મંદિરે માનવ ઉત્કર્ષ મહોત્સવમાં હરિભકતોના ઘોડાપૂર









## એએસપી ભારદ્વાજ, મામલતદાર મહેતા, પીઆઈ પટેલ ધારાસભ્ય પાડલીયા સહિતના રહ્યા ઉપસ્થિત

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા બીએપીએસ મંદિરના ૧૦ વર્ષ પૂરી થતાં ભવ્ય અને દિવ્ય દશાબ્દી મહોત્સવનું અંતર્ગત માનવ ઉત્કર્ષ મહોત્સવનું ૧૦ દિવસ બાદ સાધુ સંતો રાજકીય સામાજીક સંસ્થાના હોદેદારો હરિભકતોની હાજરીમાં સમાપન કરાયું હતું.

માનવ ઉત્કર્ષ મહોત્સવમાં ૧૦ દિવસ સુધી સતત વ્યસન મુકિત, બ્લડ ડોનેશન કેમ્પ સહીત માનવતાવાદી લોક ઉપયોગી કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવ દરમ્યાન સમગ્ર મંદિર પરિષદને રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમ્યાન બીએપીએસ ગોંડલના દિવ્ય પુરૂષ સ્વામી, જુનાગઢના ધર્મ વિનય સ્વામી, રાજકોટના બ્રહ્મતીર્થ સ્વામી, ભાદરાના ધર્મકુંવર સ્વામી, જામનગરના ધર્મનીધી સ્વામી, ધારાના દિનબંધુ સ્વામી, ઉનાના અખંડ મંગલ સ્વામી માનવ સેવાના કે.ડી. સિણોજીયા, લાલજીભાઈ રાઠોડ, મહેશભાઈ સુવા, નિમિત પાનેસરા, અશ્વિનભાઈ લાડાણી, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, નગર સેવકો જયશ્રીબેન સોજીત્રા, અસ્મીતાબેન મુરાણી, દિપકભાઈ સુવા, અજયભાઈ જાગાણી, શૈલેશભાઈ સુવા, અમિતભાઈ વસવેલીયા શૈલેષભાઈ બારૈયા, કોંગ્રેસ શહેર પ્રમુખ લક્ષ્મણભાઈ, મહામંત્રી કમલેશભાઈ વ્યાસ ભારતીબેન બાબરીયા સહિત સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી સાધુ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ સમગ્ર મહોત્સવમાં મીડીયા કન્વીનર તરીકે બીએપીએસ ના હરિભકત જસ્મીનભાઈ હિરાણીએ જવાબદારી ઉઠાવી હતી.

# ધારી પંથકની જીવાદોરી એવી સિવિલ હોસ્પિટલમાં ખૂટતી સુવિધાથી દર્દીઓ પરેશાન

## દરરોજની ૫૦૦ દર્દીઓની ઓપીડી છતાં મોટા ભાગના સાધનો બંધ



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી પંથકની જીવા દોરી સરકારી સિવિલ હોસ્પિટલમાં દરરોજના ૫૦૦ દર્દીઓનીના ઓપીડીના ઘસારા છતાં સ્ટાફ અને જરૂરી સંસાધનો ની અછત થી દર્દીઓને ભારે મુશ્કેલી પડતી હોવાની ફરિયાદ ઉઠી છે.

તાલુકા મથકની મુખ્ય હોસ્પિટલ તરીકે સિવિલમાં લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, પણ મોટાભાગના સાધનો અત્યારે બંધ હાલતમાં અથવા તો ઉપયોગમાં લેવાતા નથી ,લેબોરેટરીમાં સીઆરસી રિપોર્ટ તૈયાર થતા નથી, સોનોગ્રાફી મશીન બંધ હાલતમાં છે અને અવારનવાર પીબીસી મશીન પણ બંધ થઈ જાય છે સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓનો ભારે ઘસારો રહે છે પરંતુ સાધનોના અભાવે સારવાર શક્ય બનતી નથી પૂરતા પ્રમાણમાં સ્ટાફ ન હોવાથી ભારે મુશ્કેલી પડે છે, દર્દીઓના સતત ધસારા વચ્ચે નર્સની સંખ્યા પણ ઘટે છે મોટી રકમ નો ખર્ચો છતાં ધારી હોસ્પિટલ અત્યારે શોભાના ગાંઠિયા જેવી બની ગઈ હોવાની ફરિયાદ ઉઠી છે. તાલુકા કક્ષાની મુખ્ય ધારી સિવિલ હોસ્પિટલ ની ખૂટતી સુવિધાઓ સત્વરે પૂરી કરવા માંગ ઉઠી છે.

# બોટાદના રાણપુરમાં હિન્દુ સંમેલનમાં સેવાભાવી પ્રકૃતિ પ્રેમીઓનું સન્માન

## સંતોના સ્વાગત સન્માન સાથે હિન્દુ ધર્મજીવન અંગે અપાય સમજણ




**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

સનાતન ધર્મના સંસ્કારો પ્રત્યેક હિન્દુ પરિવારમાં ઉજાગર કરવા રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના શતાબ્દી વર્ષ નીમીતે હિન્દુ સંમેલનોની ઉજવણીના ભાગરુપે બોટાદના રાણપુરના સુંદરિયાણા ગામે હિંદુ સંમેલનનું આયોજન નીલકંઠ મહાદેવ શિવાલય ખાતે કરવામાં આવ્યું હતું. ભારતમાતા ના ફોટા પાસે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ હનુમાન ચાલીસા અને વૈભવરાજસિંહજી પલાણીયા (બાપજી ધામ રજવાડું - સુંદરીયાણા) સહિત ગામોથી પધારેલ સંતોનું સન્માન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ ભારતને વિશ્વના સર્વોચ્ચ સ્થાન ઉપર લઈ જવા માટે એકતા અને સામાજિક ઊન્નતિના વિચારો સાથે આયોજન કરવામાં આવેલું હતું. આ સંમેલનનો આશય દરેક સમાજે ભેદભાવ ભૂલીને હિન્દુ તરીકે એક થઈને રહે.

હિંદુ સંમેલનના વકતા ગીરીશભાઈ સોલંકી એ હિંદુ ધર્મ હિંદુ સંસ્કૃતિ અને પંચ પરિવર્તની વાત કરી હતી જેમાં કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, સ્વદેશી, સામાજિક સમરસતા અને નાગરિક કર્તવ્ય મુખ્ય વિષય હતા. અંતમાં સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થા, વ્યક્તિગત સેવા કરતા વ્યક્તિઓ અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું આ સંમેલન સમિતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અંતમાં ભારત માતાની આરતી કરવામાં આવી હતી.

### સવા લાખથી વધુ દર્શકો વચ્ચે કાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આખરી જંગ

# દર્શકોનો ઉત્સાહ પ્રેશર ન બને તો ભારત- ન્યુઝીલેન્ડને હરાવી કપ અંકે કરી શકશે?

**ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ૩૦ ટી૨૦ મેચમાં ભારતે ૧૮માં જીત મેળવી છે જયારે ૧૧માં હારનો સામનો કરવો પડ્યો છે: ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ના મેચમાં બન્ને ટીમો અમદાવાદમાં સફળ થઈ નથી**

## ફાઈનલ પહેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે મેગા શો

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ગણાતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મુકાબલો રમાનાર છે. આ મહામુકાબલા પહેલા ભવ્ય ક્લોઝિંગ સેરેમની અને મેગા કલ્ચરલ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશ-વિદેશના જાણીતા ગાયકો પ્રદર્શન કરશે. આ ભવ્ય કાર્યક્રમમાં પ્રખ્યાત ગાયક અરિજીત સિંહ, ગુજરાતની લોકપ્રિય ગાયિકા ફાલ્ગુની પાઠક અને આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મન્સ આપશે. અંદાજે ૧.૨૫ લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં યોજાનાર આ કાર્યક્રમ ટી૨૦ વર્લ્ડ કપના સમાપનને યાદગાર બનાવશે. સંગીત, લાઈટિંગ અને ભવ્ય સ્ટેજ શો સાથે ક્રિકેટ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે.




**અબતક, રાજકોટ**

ભારતીય ટીમ કાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની ફાઈનલ મેચ ન્યુઝીલેન્ડ સામે રમવા માટે મેદાનમાં ઉતરશે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાએ ફરી એકવાર ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ફાઈનલમાં પહોંચતી વખતે, ભારત ફક્ત એક જ મેચ હારી ગયું હતું, એક સુપર ૮ મેચ દક્ષિણ આફ્રિકા સામે. ત્યારબાદ, ટીમ ઈન્ડિયાએ શાનદાર વાપસી કરી અને ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. ત્યારે સવા લાખ દર્શકોનો ઉત્સાહ પ્રેસર ન બને તો ભારત ન્યુઝીલેન્ડને હરાવી કપ અંકે કરી શકશે?

ભારતીય ટીમે અત્યાર સુધી ૩૦ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ન્યૂઝીલેન્ડનો સામનો કર્યો છે.ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં, ભારતીય ટીમે તેમાંથી ૧૮ જીતી છે, ૧૧ હારનો સામનો કર્યો છે અને એક ટાઈ રહી છે. વધુમાં, ન્યૂઝીલેન્ડ સામે ટીમ ઈન્ડિયાનો ઘરઆંગણેનો રેકોર્ડ દર્શાવે છે કે બંને ટીમો વચ્ચે ૧૬ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જેમાં ટીમ ઈન્ડિયા ૧૧ જીતી છે અને ફક્ત પાંચ હારનો સામનો કરી છે.

વર્લ્ડ કપ ૨૦૨૬ માં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન અત્યાર સુધી ખૂબ જ મજબૂત રહ્યું છે. જોકે, ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવવું સરળ રહેશે નહીં. હકીકતમાં, ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડ સામે એક પણ મેચ જીતી શકી નથી.ટી૨૦ વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચે કુલ ૩ મેચ રમાઈ છે, અને ટીમ ઈન્ડિયા ત્રણેય વખત હારી ગઈ છે.ટીમ ઈન્ડિયાએ બાઉન્ડરી ફટકારવામાં ચોક્કસપણે ન્યૂઝીલેન્ડને પાછળ છોડી દીધું. ભારતે ૮૮ છગ્ગા અને ૧૨૮ ચોગ્ગા ફટકાર્યા. કિવી ટીમ ૫૭ છગ્ગા અને ફક્ત ૧૦૯ ચોગ્ગા જ ફટકારી શકી. ભારતે ટુર્નામેન્ટમાં ૩ વખત ૨૦૦ +નો સ્કોર પણ બનાવ્યો, જ્યારે કિવી ટીમનો શ્રેષ્ઠ સ્કોર ફક્ત ૧૮૩ રન જ છે. જોકે, આ સ્કોર પણ રન ચેઝમાં આવ્યો હતો.

## સેમિફાઈનલમાં અભિષેકની ‘‘હેડલેસ’’બેટીંગ: અશ્વિન

ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં અભિષેક શર્મા ૭ બોલમાં ૯ રન બનાવીને આઉટ થયો. અભિષેક ફરી એકવાર મોટો શોટ મારવાનો પ્રયાસ કરતા કેચ આઉટ થઈ ગયો હતો. તેની વિકેટ ઓફ સ્પિનર વિલ જેક્સે લીધી હતી. રવિચંદ્રન અશ્વિને અભિષેક શર્માની બેટીંગ ‘‘હેડલેસ‘‘ ગણાવી છે.

## ફાઈનલ મેચમાં ૨૦૦૦ પોલીસ બજાવશે ફરજ

અમદાવાદમાં આવતીકાલે ઈન્ડિયા-ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી૨૦વર્લ્ડ કપ ફાઈનલ મેચ યોજાવા જઈ રહી છે અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત રહેશે. સ્ટેડિયમમાં બીડીડીએસ અને એનડીઆરએફની ટીમ તૈનાત રહેશે અને ૭ ડીસીપી, ૧૦ એસીપી સહિત ૨૫ પીઆઈ રહેશે હાજર જેમાં ૭૮ પીએસઆઈ, ૧૪૭૦ પોલીસકર્મીઓ બંદોબસ્તમાં રહેશે અને સ્ટેડિયમમાં બીડીડીએસ ૪, એનડીઆરએફની ૧ ટીમ રહેશે તૈનાત રહેશે, ટ્રાફિક સંચાલન માટે ૭૪૪ અધિકારી-કર્મીઓ તૈનાત રહેશે, ૧ જેંસેપી, ૩ ડીસીપી, ૪ એસીપી, ૧૧ પીઆઇ, ૨૫ પીએસઆઇ રહેશે હાજર. પોલીસકર્મી, ટીઆરબી સહિત ૭૦૦ જવાનો ટ્રાફિક નિયમન કરશે.

## ભારત માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એકમાત્ર દાવેદાર સેમસન

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા શુક્રવારે વર્તમાન ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ માટે ‘પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ’ના આઠ દાવેદારોની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ભારતીય ઓપનર સંજુ સેમસનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતી ટીમ ફાઈનલમાં પહોંચી છે અને રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે તે ફાઈનલ મુકાબલો કરશે.ટુર્નામેન્ટની શરૂઆતમાં ટીમમાં સ્થાન ન મળવા છતાં સેમસને તક મળતા જ શાનદાર પ્રદર્શન કર્યું છે. સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે તેણે ૪૨ બોલમાં ૮૯ રન ફટકારીને ભારતને સફળતા અપાવી હતી. ભારતની છેલ્લી બે મેચમાં તે જીતનો હીરો બન્યો હતો. આ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ સામેની ક્વાર્ટર ફાઈનલમાં પણ તેણે ૫૦ બોલમાં ૯૭ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ

ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અત્યાર સુધીમાં ૧૦ ટી૨૦ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, ભારતે ૭ મેચ જીતી છે અને ૩ હારી છે. ભારતે આ ટુર્નામેન્ટમાં અહીં ૨ મેચ રમી છે. ટીમ ઈન્ડિયાએ નેધરલેન્ડ્સને ૧૭ રનથી હરાવ્યું હતું, પરંતુ દક્ષિણ આફ્રિકા સામે ૭૬ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો, જે આ આવૃત્તિમાં ભારતનો એકમાત્ર હાર પણ છે.

# પત્રકારની હત્યાના કેસમાં સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમ નિર્દોષ જાહેર

### રામ રહીમના કહેવાથી પત્રકારને ગોળી મારીને હત્યા કરવાનો હતો આરોપ

**અબતક ,ચંદીગઢ**



સીબીઆઈ માટે એક મોટા ફટકા સમાન ચુકાદામાં, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે શનિવારે ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમને પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુ અને જસ્ટિસ વિક્રમ અગ્રવાલની બેન્ચે નીચલી અદાલત દ્વારા વર્ષ ૨૦૧૯માં ફટકારવામાં આવેલી આજીવન કેદની સજાને રદ કરી છે.

રામ રહીમ તરફથી હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૨માં હરિયાણા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રથમ ચાર્જશીટમાં તેમનું નામ ક્યાંય નહોતું. સીબીઆઈએ બાદમાં રાજકીય દબાણ અથવા બદલાની ભાવનાથી તેમનું નામ ઉમેર્યું હતું. વકીલોએ જણાવ્યું હતું કે મુખ્ય સાક્ષી ખટ્ટા સિંહનું નિવેદન ઉપજાવી કાઢેલું હતું અને રામ રહીમ સામે કોઈ સીધા પુરાવા નહોતા. હાઈકોર્ટે આ દલીલોને ધ્યાને રાખીને ડેરા પ્રમુખને નિર્દોષ જાહેર કર્યા છે, જોકે આ કેસના અન્ય ત્રણ આરોપીઓની સજા યથાવત રાખવામાં આવી છે.

ભલે પત્રકાર હત્યા કેસમાં રામ રહીમને મોટી રાહત મળી હોય, પરંતુ તેઓ હજુ જેલમુક્ત થશે નહીં. રામ રહીમ હાલમાં બે મહિલા અનુયાયીઓ પર બળાત્કારના ગુનામાં ૨૦ વર્ષની જેલની સજા કાપી રહ્યા છે અને રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. આ ઉપરાંત અન્ય એક હત્યા કેસમાં પણ તેમની સજા ચાલુ છે.

## શું હતો સમગ્ર કેસ?

વર્ષ ૨૦૦૨માં સિરસાના પત્રકાર અને 'પૂરા સચ' અખબારના સંપાદક રામચંદ્ર છત્રપતિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આરોપ હતો કે પત્રકારે ડેરામાં સાધ્વીઓના યૌન શોષણ અંગેના અહેવાલો પ્રકાશિત કર્યા હોવાથી રામ રહીમના ઈશારે તેમની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં જાન્યુઆરી ૨૦૧૯માં પંચકુલાની વિશેષ સીબીઆઈ કોર્ટે રામ રહીમ અને અન્ય ત્રણ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી

# જૂનાગઢના નવા રેન્જ વડા આઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા મુકાયા, સોમવારે ચાર્જ સંભાળશે

**અબતક, દર્શન જોશી જુનાગઢ**



જૂનાગઢના નવા રેન્જ વડા આઈપીએસ રાજેન્દ્રસિંહ ચુડાસમા સોમવારે તેઓને સોંપાયેલી જુનાગઢ રેન્જની નવી જવાબદારીનો કાર્યભાર સંભાળશે.

રાજયના ૩૭ આઈપીએસની બદલી એકી સાથે કરવામાં આવી છે જેમાં જૂનાગઢ રેન્જના વડાની પણ બદલી કરવામા આવી છે. તથા જુનાગઢ રેંજના ડીઆઈજીપી તરીકે ૨૦૧૧ની બેચના આઈપીએસ રાજેન્દ્રસિંહ ચુડાસમાને જુનાગઢ રેંજના ડીઆઈજીપી તરીકે મૂકવામાં આવ્યા છે. રાજેન્દ્રસિંહ ચુડાસમા વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં હતા. આખરે આઈપીએસની સરકાર દ્વારા બદલી કરવામાં આવતા તેમાં ચુડાસમાને જુનાગઢ રેન્જની પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

તા.૧ ઓગસ્ટ ૨૦૨૩ થી જૂનાગઢ રેન્જના આઈજીપી તરીકે ફરજ બજાવતા ૨૦૦૬ની બેચના આઈપીએસ. નિલેશ બી. જાજડિયાની વડોદરા સેક્ટર ૨, ક્રાઈમ અને લો એન્ડ ઓર્ડરના જેસીપી તરીકે નિયુકિત કરવામાં આવી છે.

જૂનાગઢના નવા રેન્જ વડા આઈપીએસ રાજેન્દ્રસિંહ ચુડાસમા સોમવારે તેઓને સોંપાયેલી જુનાગઢ રેન્જની નવી જવાબદારીનો કાર્યભાર સંભાળશે તેવું પોલીસ વિભાગમાંથી જાણવા મળી રહ્યું છે.

### બાપા સીતારામના ૧૪માં પાટોત્સવની ઉજવણી

# ધોરાજીમાં મહાલક્ષ્મી મંદિર ખાતે મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન

**અબતક, રમણીક ટોપીયા ધોરાજી**

### બજરંગદાસ બાપાના જયઘોષ સાથે ભક્તો ઉમટયા



ધોરાજી શહેરના મહાલક્ષ્મી મંદિર પાસે બિરાજમાન પૂજ્ય બાપા સીતારામના ૧૪મા પાટોત્સવની શ્રદ્ધાભેર અને ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલ પ્રસંગે વહેલી સવારથી જ બાપાના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનું કીડિયારું ઉમટી પડ્યું હતું અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

પાટોત્સવના ઉપલક્ષમાં વિશેષ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બાપા સીતારામ' અને 'બજરંગ બાપા'ના જયઘોષ સાથે આરતીની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો. ભક્તિભાવના આ અવસરે નાની બાળાઓનું હાર-તોરા પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ધાર્મિક વિધિઓ બાદ વિશાળ સંખ્યામાં ભકતો માટે મહાપ્રસાદ (ભંડારા)નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ભાવિકોએ પંગતમાં બેસી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ ૧૪મા પાટોત્સવને સફળ બનાવવા માટે સ્થાનિક દાતાઓ અને સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા રાત-દિવસ ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને મંદિર સમિતિ દ્વારા વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

# લોકસભાના સ્પીકર ઓમ બિરલાને હટાવવા વિપક્ષ સોમવારે પ્રસ્તાવ મૂકશે

### એનડીએ પાસે બહુમત હોય બીજી તરફ ટીએમસી સહિતના કેટલાક પક્ષો અવિશ્વાસની દરખાસ્તના સર્મથન આપી રહ્યા ન હોય બિરલાને ઉની આંચ નહીં આવે

**અબતક, રાજકોટ**



ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. લોકસભામાં સોમવારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના સાંસદો દ્વારા સમર્થિત ઠરાવ પર ચર્ચા કરશે જેમાં સ્પીકર ઓમ બિરલાને તેમના કથિત પક્ષપાતી વર્તન બદલ દૂર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવશે.

ગૃહમાં હાલના ૫૪૧ સભ્યોમાં શાસક પક્ષના ૨૯૩ સાંસદો છે જે વિપક્ષના પ્રસ્તાવની હાર આપવવા માટે પર્યાપ્ત છે.પરંતુ તે વિપક્ષની રેન્કમાં એકતાની કસોટી કરશે. ટીએમસી સહિત તેના કેટલાક પક્ષોએ ઠરાવને સમર્થન આપ્યું ન હતું. જેના કારણે ટ્રેઝરી બેન્ચના સભ્યોમાં વિશ્વાસ જાગ્યો કે બિરલા બ્લોકની બહારથી પણ સમર્થન મેળવી શકે છે.બિરલાને હટાવવા માટે મતદાન પહેલા ભાજપ અને કોંગ્રેસે વ્હીપ જારી કર્યો છે.ભાજપ અને કોંગ્રેસ બંનેએ પોતપોતાના લોકસભા સભ્યોને વ્હીપ જારી કર્યો છે, જેમાં તેમને ગૃહમાં તેમની હાજરી સુનિશ્ચિત કરવા જણાવ્યું છે કારણ કે તેઓ મત વિભાજનની અપેક્ષા મુજબ મહત્તમ સંખ્યા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વ્હીપમાં પહેલા બે દિવસ તેના સાંસદોની ફરજિયાત હાજરી માટે કહેવામાં આવ્યું છે, જ્યારે કોંગ્રેસના નિર્દેશ પહેલા ત્રણ દિવસ માટે છે. નિયમો બિરલાને અધ્યક્ષ સ્થાને ન રહીને ગૃહમાં હાજર રહેવા અને પોતાનો બચાવ કરવાની મંજૂરી આપે છે. સોમવારના લોકસભાના કાર્યસૂચિમાં કોંગ્રેસના ત્રણ સાંસદો દ્વારા રજૂ કરાયેલા ઠરાવનો ઉલ્લેખ છે. ઠરાવ માટેની નોટિસને કોંગ્રેસ, સપા અને ડીએમકેના ૧૧૮ સાંસદો ઉપરાંત કેટલાક અન્ય સભ્યોએ ટેકો આપ્યો હતો.

વિપક્ષના ઠરાવમાં બિરલાના લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય લોકોને બોલવાની મંજૂરી ન આપવા, મહિલા સાંસદો સામે ‘‘અયોગ્ય આરોપો‘‘ લગાવવા, આઠ વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવા અને ભૂતપૂર્વ વડા પ્રધાનો વિરુદ્ધ ‘‘વાંધાજનક અને અપમાનજનક ટિપ્પણી કરવા બદલ શાસક પક્ષના સભ્યોને ઠપકો ન આપવા‘‘ના નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છેતેમણે (બિરલા) ગૃહના તમામ વર્ગોના વિશ્વાસને કાબુમાં રાખવા માટે જરૂરી નિષ્પક્ષ વલણ જાળવવાનું બંધ કરી દીધું છે; કે તેમના પક્ષપાતી વલણમાં તેઓ સાંસદોના અધિકારોનો અનાદર કરે છે અને આવા અધિકારોને અસર કરવા અને નબળા પાડવા માટે ઘોષણાઓ કરે છે અને ચુકાદા આપે છે; કે તેઓ તમામ વિવાદાસ્પદ બાબતો પર શાસક પક્ષના સંસ્કરણને ખુલ્લેઆમ સમર્થન આપે છે,‘‘ વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા ઠરાવમાં એજન્ડા મુજબ જણાવાયું છે.આ ઉપરાંત, કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાના આરોપમાં આઠ વિપક્ષી સાંસદોના સસ્પેન્શન અને નહેરુ-ગાંધી પરિવારના સભ્યો પર હુમલો કરતા ભાજપના સાંસદ નિશિકાંત દુબેના ભાષણને બિરલા પ્રત્યે અવિશ્વાસ વ્યક્ત કરવા માટે વિરોધ પક્ષે મન બનાવી લીધું છે.

# હવે ૧૬ વર્ષથી નીચેના કુમળા બાળકોને સોશિયલ મીડિયાથી દુર રાખવા રાજ્ય સરકારો સક્રિય

**કર્ણાટકમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકાશે : અન્ય રાજ્યો પણ આ મુદ્દે સક્રિય**

**અબતક, નવી દિલ્હી**

કર્ણાટક સરકારે બાળકોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાની તૈયારી દર્શાવી છે. શુક્રવારે વિધાનસભામાં પોતાના બજેટ ભાષણ દરમિયાન, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો પર વધી રહેલા મોબાઈલના વપરાશ અને તેની નકારાત્મક અસરોને અટકાવવાનો છે. હવે મુદ્દે અન્ય રાજ્યો પણ સક્રિય હોવાનું જાણવા મળી રહ્યું છે.

જોકે, આ પ્રતિબંધ ક્યારથી લાગુ કરવામાં આવશે તેની કોઈ ચોક્કસ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ કાયદાને અમલમાં મૂકવામાં અનેક બંધારણીય અને વ્યાવહારિક પડકારો આવી શકે છે. ઓનલાઈન પ્લેટફોર્મ્સનું નિયમન મુખ્યત્વે કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવતું હોવાથી રાજ્ય સરકાર માટે આનો કડક અમલ કરાવવો આસાન નહીં રહે.નોંધનીય છે કે આ અગાઉ આંધ્રપ્રદેશ અને ગોવા પણ કિશોરો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર નિયંત્રણો લાવવા અંગે વિચારણા કરી ચૂક્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, ઓસ્ટ્રેલિયાએ ગત ડિસેમ્બરમાં ૧૬ વર્ષથી નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો હતો અને આવું કરનાર તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.આ નિર્ણય પર ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની માલિકી ધરાવતી કંપની મેટાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. મેટાનું કહેવું છે કે આવા પ્રતિબંધોથી બાળકો અજાણતા જ અન્ય અસુરક્ષિત સાઈટ્સ તરફ વળી શકે છે. કંપનીનું માનવું છે કે બાળકો કઈ એપનો ઉપયોગ કરે તે નક્કી કરવાનો અધિકાર માતાપિતાનો હોવો જોઈએ. મેટાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘જ્યાં પણ આવા કાયદા લાગુ થશે ત્યાં અમે તેનું પાલન કરીશું, પરંતુ આજકાલ બાળકો દર અઠવાડિયે ૪૦થી વધુ એપ્સનો ઉપયોગ કરે છે, ત્યારે માત્ર અમુક જ કંપનીઓને નિશાન બનાવવાથી તેઓ સુરક્ષિત નહીં રહે. આવા પ્રતિબંધો તમામ એપ્સ પર સમાન રીતે લાગુ થવા જોઈએ.‘‘ ભારત આ અમેરિકન કંપની માટે સૌથી મોટું માર્કેટ છે.

નિષ્ણાતો અને બાળ મનોચિકિત્સકો લાંબા સમયથી બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર સોશિયલ મીડિયાની પડતી ગંભીર અસરો અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સાયબર બુલિંગ, વધુ પડતો સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વ્યસનના કારણે બાળકોમાં ડિપ્રેશન, અનિદ્રા અને એકાગ્રતાના અભાવના કિસ્સાઓ વધી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કર્ણાટક સરકારનું આ કદમ વાલીઓ માટે રાહતરૂપ સાબિત થઈ શકે છે, જેઓ પોતાના બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે સતત ચિંતિત રહે છે.

## નિયમને અમલમાં મુકવામાં અનેક સમસ્યાઓ

જોકે, જમીની સ્તર પર આ કાયદાનો અમલ કઈ રીતે થશે તે એક મોટો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર ઉંમરની સચોટ ચકાસણી કરવી તકનીકી રીતે ખૂબ જ જટિલ પ્રક્રિયા છે. બાળકો સરળતાથી ખોટી ઉંમર દર્શાવીને અથવા વીપીએન નો ઉપયોગ કરીને આ પ્રતિબંધોને બાયપાસ કરી શકે છે. શું સરકાર આ માટે ફરજિયાત કેવાયસી જેવી કોઈ સિસ્ટમ લાવશે કે પછી એપ ડેવલપર્સ પાસે કોઈ નવી ટેકનોલોજીની માંગ કરશે, તે આવનારા સમયમાં જ સ્પષ્ટ થશે. આ ઉપરાંત, યુઝર્સની ડેટા પ્રાઈવસી અને કાયદાના પાલન વચ્ચે સમતુલા જાળવવી પણ સરકાર માટે એક કઠિન પરીક્ષા બની રહેશે.

# સરકારી યોજનાઓના લાભ દરેક માનવી સુધી પહોંચાડવા સરકાર કટિબધ્ધ: મંત્રી અર્જુન મોઢવાડિયા

## ટાઉન હોલ ખાતે ‘ સેવા સેતુ’ કાર્યક્રમ યોજાયો; પ્રભારી મંત્રીએ સ્ટોલ્સની મુલાકાત લઈ અરજદારોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કર્યો





જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના એમ.પી. શાહ ટાઉન હોલ ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ વિશેષ ઉપસ્થિત રહીને જનસેવાના આ મહત્વપૂર્ણ પ્રકલ્પને ખુલ્લો મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મંત્રીએ વિવિધ સરકારી વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે આરોગ્ય તપાસ, આધાર કાર્ડ, રેશનકાર્ડ, આવકના દાખલા અને સામાજિક સુરક્ષાની વિવિધ યોજનાઓની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીએ સ્થળ પર ઉપસ્થિત અરજદારો સાથે સીધો સંવાદ કરી તેમની રજૂઆતો સાંભળી હતી અને અનેક નાગરિકોને યોજનાકીય લાભોનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે ઉદબોધન આપતા અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, 'સેવા સેતુ' કાર્યક્રમ એ વહીવટી તંત્રને લોકોના ઘર સુધી લઈ જવાનો એક સબળ પ્રયાસ છે. સામાન્ય નાગરિકને પોતાના કામો માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને એક જ સ્થળે પાયાની સેવાઓ મળે તે માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પારદર્શક વહીવટ અને પ્રશ્નોનો ઝડપી નિકાલ એ વર્તમાન સરકારની ઓળખ છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમન નિલેશભાઈ કગથરા, શાસકપક્ષ નેતા આશિષભાઈ જોશી, કલેક્ટર કેતન ઠક્કર, ડેપ્યુટી કમિશનર ઝાલા સહિતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ:ધોરાજી રોડ પર ૬ ઝૂંપડામાં ભીષણ આગ, રમતા બાળકોનો આબાદ બચાવ

## ઝૂંપડા સહિત ઘરવખરી અને વાહનો બળીને ખાક; કાલાવડ ફાયર બ્રિગેડે આગ પર મેળવ્યો કાબૂ




જામનગર જિલ્લાના કાલાવડમાં ધોરાજી રોડ પર આવેલા શ્રમિકોના ઝૂંપડામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૬ જેટલા ઝૂંપડાઓ આગની લપેટમાં આવી ગયા હતા. આગ લાગી તે સમયે ઝૂંપડામાં નાના બાળકો રમી રહ્યા હતા, પરંતુ આગની જ્વાળાઓ જોતા જ બાળકોએ સમયસૂચકતા વાપરી તુરંત બહાર દોડી આવતા એક મોટી જાનહાનિ ટળી હતી અને તમામ બાળકોનો ચમત્કારિક બચાવ થયો હતો.

આ ભીષણ આગમાં ઝૂંપડામાં રહેલા શ્રમિક પરિવારોની ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. એટલું જ નહીં, ઝૂંપડા પાસે રાખેલા ૨ બાઈક અને ૩ સાયકલ પણ અગ્નિની લપેટમાં આવી જતા સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. ઘટનાની જાણ થતા જ કાલાવડ ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગને બુઝાવી હતી. ગરીબ પરિવારોની ઘરવખરી અને વાહનો બળી જવાથી શ્રમિકો મુશ્કેલીમાં મુકાયા છે.

# દ્વારકા: સલાયાના જહાજમાં દુબઈ નજીક આગ ભભૂકી

## જહાજમાં સવાર ૧૧ ક્રૂ-મેમ્બરોનો આબાદ બચાવ



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા।**

દુબઈથી જનરલ કાર્ગો ભરીને નીકળેલા દેવભૂમિ દ્વારકા જિલાના સલાયા ગામના જહાજમાં બોસાસો બંદર નજીક અકસ્માતે ભીષણ આગ લાગી હતી. સલાયાના સલીમ ઈસ્માઈલ ભાયા ની માલીકીના આ ૧૨૦૦ ટન કેપીસીટી ધરાવતા જહાજમાં સવાર ૧૧ ક્રૂ-મેમ્બરોનો આબાદ બચાવ થયો છે. આગને કારણે જહાજને મોટાપાયે નુકશાની થયા હોવાના સમાચાર છે.

# જોગર્સ પાર્કમાં રહેણાંક મકાનમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી સદનસીબે કોઈ જાનહાની નહીં

## ફ્રીઝમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી; શાસક પક્ષના નેતા અને ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ પર મેળવ્યો કાબૂ




જામનગરના પોશ ગણાતા જોગર્સ પાર્ક વિસ્તારમાં ગઈકાલે સાંજે એક રહેણાક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વિસ્તારમાં આવેલા 'સમકિત' નામના મકાનમાં રહેતા પરેશભાઈ જૈનના નિવાસસ્થાને સાંજના સાડા છ વાગ્યાના અરસામાં રેફ્રિજરેટરમાં અચાનક શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. આગના ધુમાડા અને જ્વાળાઓ દેખાતા જ આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી.આ બનાવની જાણ થતાં જ સ્થાનિક કોર્પોરેટર અને મહાનગરપાલિકામાં શાસક પક્ષના નેતા આશિષ જોશી સહિતના અન્ય આગેવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તુરંત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર શાખાની ટુકડી પાણીના ટેન્કર સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ટૂંકા ગાળામાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સદભાગ્યે, સમયસર આગ પર કાબૂ આવી જતાં વધુ નુકસાની થતી અટકી હતી અને આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જેથી પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

# રોટરી ક્લબ છોટી કાશી દ્વારા રક્તદાન કેમ્પમાં ૩૨૫ યુનિટ રક્ત એકત્રિત

## દરેડ-કનસુમરા ઔદ્યોગિક વિસ્તારમાં ઉદ્યોગકારો અને શ્રમિકોએ ભારે ઉત્સાહ સાથે રક્તદાન કરી માનવતા મહેકાવી

જામનગરના ઔદ્યોગિક હબ ગણાતા દરેડ-કનસુમરા વિસ્તારમાં ગત રવિવારે સેવા અને સમર્પણનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રોટરી ક્લબ છોટી કાશી દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં રેકોર્ડબ્રેક ૩૨૫ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

મહાવીર સર્કલ પાસે આવેલા બી.એમ.આઈ. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કોમ્યુનિટી હોલમાં યોજાયેલા આ કેમ્પમાં વહેલી સવારથી જ રક્તદાતાઓનો પ્રવાહ શરૂ થયો હતો. ઔદ્યોગિક જગત સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ અને શ્રમિક ભાઈઓએ મોટી સંખ્યામાં ઉમટી પડી આ જીવનરક્ષક કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવામાં કનસુમરા-દરેડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ જી.આઈ.ડી.સી. ફેઈસ-૨ અને ફેઈસ-૩ એસોસિએશન દ્વારા વિશેષ સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો. જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાતમંદ દર્દીઓને લોહીની અછત ન સર્જાય તેવા ઉમદા હેતુથી આ કેમ્પનું આયોજન કરાયું હતું. રોટરી ક્લબ છોટી કાશી દ્વારા તમામ રક્તદાતાઓ અને સહયોગી સંસ્થાઓનો આભાર માનવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે, આ પ્રકારના આયોજનોથી સમાજમાં સેવાકીય ભાવના વધુ પ્રબળ બને .



# દ્વારકા જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ ૨૫ માર્ચે યોજાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

લોકોના પ્રશ્નો, ફરીયાદો કે રજુઆતો સ્થાનીક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ થાય તે હેતુથી જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાનો માર્ચ માસનો સ્વાગત કાર્યક્રમ તા.૨૫-૩-૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જિલ્લા કલેકટર કચેરી, ખંભાળીયા ખાતે યોજાશે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા પહેલા અરજદારે ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ અરજી કરેલી હોય અને તે અનિર્ણિત હોય તો અરજી કરી શકાશે. અરજદારે ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ અરજી કરેલ હોવાના આધાર પુરાવા સાથે જિલ્લા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ અરજી કરવાની રહેશે. અરજીમાં મોબાઈલ નંબર અચૂક દર્શાવવાના રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો રજુ કરી શકાશે. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લઈ રજુઆત કરી શકશે. અરજદારો કચેરીમાં તા.૧૩-૩-૨૦૨૬ સુધી પ્રશ્નો રજુ કરી શકશે તેમ કલેકટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ભાણવડ તાલુકા પેન્શનર મંડળ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા।**

ભાણવડ તાલુકા પેન્શનર મંડળ દ્વારા સ્નેહમિલન સમારોહ સંસ્થાના પ્રમુખ ડો.રમેશભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સાથે સંસ્થાની સાધારણ સભા તેમજ દાતાઓના સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટય અને પ્રાર્થના પછી દિવંગત પેન્શનરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સમારંભમાં ૬૫ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનરોનું તથા અગ્રણી દાતાઓનું શાલ અને ભેટ આપીને સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા નરેન્દ્રભાઈ વિઠલાણી તથા જામનગર પેન્શનર મંડળના પ્રમુખ અતુલભાઈ બુચ દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરીને પેન્શનરોને લગતા વહીવટી પ્રશ્નો તથા જુદા-જુદા મુદાઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા મંડળના વાષિર્ક હિસાબો રજુ કરી નવી કારોબારી રચના જાહેર કરવામાં આવી હતી.

# બાર કાઉન્સિલની ચૂંટણીમાં જામનગરમાં શાંતિપૂર્ણ માહોલમાં ધીગું મતદાન





## વર્તમાન સભ્ય મનોજ અનડકટ સહિત સ્થાનિક પાંચ વકીલોના જીતના દાવા

**અબતક, જામનગર**

કાઉન્સિલ ઓફ ગુજરાતની તા. ૬ માર્ચના રોજ યોજાયેલી ચૂંટણીનુ જામનગર સહિત રાજ્યભરના જિલ્લા અને તાલુકા મથકોની અદાલતના પરિસરમાં મતદાન યોજાયું હતું.જેમાં વકીલ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૩ સભ્યોને ચુંટવા માટે ચુંટણીનું મતદાન યોજાયું છે. જેમાં બાર કાઉન્સિલની ચુંટણીની ગાઈડલાઈન મુજબ બાર કાઉન્સિલના આવેલા ઓબ્ઝર્વર્સ અને પોલીંગ ઓફીસરોની દેખરેખ હેઠળ વોટીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.બાર કાઉન્સિલની કારોબારીના ૨૩ સભ્યોની બેઠકો માટે જામનગરના પાંચ સહિત કુલ ૯૯ ઉમેદવારો મેદાનમાં છે. નિયમ મુજબ પ્રચાર કાર્ય સંપન્ન થયા બાદ જામનગર બાર એસોસિએશનના હોલ ખાતે આજે કુલ નોંધાયેલા ૧૮૩૪ મતદારોએ નિયત સમય મર્યાદામાં મતદાન પૂર્ણ થયું હતું. પ્રક્રિયા મુક્ત અને ન્યાયી રીતે સંપન્ન થાય તે માટે મુખ્ય પોલીંગ ઓફીસર તરીકે એડવોકેટ કિશોરભાઈ ડી. ચૌહાણ તેમજ મદદનીશ પોલીંગ ઓફીસરો તરીકે મયૂરભાઈ ભટ્ટ, નરેન્દ્રસિંહ સોઢા, ભાવેશભાઈ ધ્રુવ. કિશોરભાઈ મકવાણા. મિહિર નંદા, ભરતગીરી ગોસાઈ, ઈશાકભાઈ કુરેશી, ગિરિશભાઈ સરવૈયા નિયુક્ત થયા હતા.

### ઈરાન – ઈઝરાયેલ યુદ્ધથી

# લોકો પેનિક થવા માંડયાઃ પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની કતાર


તસવીરઃ હર્ષ ઠાકર, અમરેલી

## ઈંધણનો પુરતો જ ઉપલબ્ધ છે. લોકોને અફવામાં ન દોહરાવવા ઓઈલ કંપનીઓની અપીલઃ અમરેલીમાં ત્રણ દિવસનો ડીઝલનો જથ્થો માત્ર ચાર કલાકમાં ખાલી થઇ ગયો

**અબતક, રાજકોટ**

ઈરાન – ઈઝરાયેલા અમેરિકા વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલી રહેલા ભીષણ યુધ્ધની અસર હવે ભારત પર દેખાવા લાગી છે. ગેસની અછતના કારણે મોરબીમાં ૧૦૦ થી વધુ સિરામીક યુનિટને તાળા લાગી ગયા છે. બીજી તરફ પેટ્રોલ - ડીઝલની તિવ્ર અછત સર્જાવાની અફવાએ અફરા તફરી સર્જી દીધી છે. પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની કતારો લાગી જવા પામી છે. અમરેલી પંથકમાં ત્રણ દિવસ સુધી ચાલનારો ડીઝલનો જથ્થો માત્ર ત્રણ કલાકમાં પૂર્ણ થઈ ગયો છે.

અમરેલી જિલ્લામાં અફવાને પગલે ગઈકાલે રાત્રિના સમયે પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

આ અફવાએ જોર પકડતા જ અમરેલી શહેર સહિત હાઈવે પરના તમામ પેટ્રોલ પંપો પર લોકો ડીઝલ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા.

પંપ માલિકોના જણાવ્યા અનુસાર, જે સ્ટોક સામાન્ય રીતે બે થી ત્રણ દિવસ ચાલતો હોય છે, તે ગભરાટમાં આવેલા લોકોના ઘસારાને કારણે માત્ર ચાર કલાકમાં જ ખાલી થઈ ગયો હતો.

ડીઝલનો સ્ટોક પૂરો થઈ જતાં શહેર અને હાઈવેના મોટાભાગના પંપો પર ડીઝલ નથી ના બોર્ડ લાગી ગયા હતા, જેના કારણે ખાસ કરીને ટ્રક અને અન્ય ભારે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા કરતા પેટ્રોલ પંપ એસોસિએશન અને માલિકોએ જણાવ્યું હતું કે, ડીઝલની કોઈ અછત નથી. આ માત્ર અફવાના કારણે સર્જાયેલી કૃત્રિમ અછત હતી. લોકોએ ગભરાઈને જરૂરિયાત કરતાં વધુ જથ્થો એકસાથે ખરીદવાનો પ્રયાસ કરતા વ્યવસ્થા પર ભારણ વધ્યું હતું.

તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે આવી કોઈ પણ અફવાઓથી દૂર રહેવું અને ગભરાટમાં આવીને સંગ્રહખોરી ન કરવી.

હાલ અમરેલી જિલ્લામાં ડીઝલ પેટ્રોલની કોઈ કમી નથી, તમામ કંપનીઓના પેટ્રોલપંપ ઉપર પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જેથી લોકોએ અફવાઓને લઈ ગેરમાર્ગે નહીં દોરવા અને સંગ્રહ ખોરી પણ નહીં કરવા જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ અપીલ કરી છે.

મોરબી ડિસ્ટ્રીકટ પેટ્રોલિયમ એસોસીએશનના પ્રમુખ વિનોદભાઈ ડાભીએ જણાવ્યું હતુ કે, જીલ્લામાં ઈંધણનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. લોકોએ અફવાઓમાં આવવું નહીં. જરુરીયાત પુરતુ જ ઈંધણ પુરાવવું બીનજરુરી સ્ટોક કરવાનું જોખમ ઉઠાવવું નહીં. સોશિયલ મીડીયા પર એવા ખોટા અહેવાલો ફરી

(અનુ. આઠમા પાને)

# ભુજના આકાશમાં તારાની ટ્રેન દેખાતા લોકો ભારે રોમાંચિત

## એલેન મસ્કના સેટેલાઇટ નીકળતા તારા જેવી ટ્રેન જેવું અદભુત દ્રશ્ય દેખાયું



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

ભુજના આકાશમાં ગઈકાલે રાત્રે એક અદભુત અને રોમાંચિત કરી દેતું દ્રશ્ય જોવા મળ્યું હતું. તારા જુથની એક ચમકતી ટ્રેન આકાશમાંથી પ્રસાર થતાં લોકો ભારે આશ્ચર્ય સાથે રોમાંચિત થઈ ગયા હતા. અનેક લોકોએ આ ક્ષણને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધી હતી. અનેક તર્ક વિતર્કો પણ સર્જાયા હતી.આકાશમાં દેખાયેલા આ અદભુત દ્રશ્ય બાદ એવું જાણવા મળી રહ્યું છે. કે એલેન મસ્કના સેટેલાઈટ આકાશમાં નીકળવાના કારણે તારાઓની ટ્રેન જઈ રહી હોય તેવું અલૌકિક દ્રશ્ય જોવા મળ્યું હતું.ખરેખર આ દ્રશ્ય અને ઘટના તમામને રોમાંચિક કરી દેનારી હતી કેમ્પ એરિયા અને રાજેન્દ્રનગર વિસ્તારમાં આ ઘટનાનો લોકોએ વીડીયો ઉતાર્યા હતો.૧૫ મીનીટ પહેલા આકાશમાં દેખાયેલો આ નજારો કોઈ સેટેલાઈટ ટ્રેન છે કે કેમ એ બાબતે પણ થઈ રહી છે. તપાસ અગાઉ પણ એલેન મસ્કના સેટેલાઈટ હારબધ રીતે નીકળતા આકાશમાં જાણે તારાઓની ટ્રેન જઈ રહી હોય તેવા દ્રશ્ય સર્જાયા હતા.

# આજથી ગરમીનું જોર વધશેઃ યલો એલર્ટ

## દરિયા કાંઠા વિસ્તારોમાં હિટવેવની અસર જોવા મળશે

**અબતક, રાજકોટ**

રાજયભરમાં આજથી ગરમીનું જોર વધશેઃ આગામી મંગળવાર સુધી હિટવેવની આગાહી વચ્ચે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરિયા કાંઠા વિસ્તારમાં હીટવેવની અસર અનુભવાશે, ભાવનગર, પોરબંદર, વેરાવળ, દિવ, દમણ, સુરત, નવસારી અને વલસાડ, ભરૂચ જિલ્લામાં મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

આ વર્ષ ગુજરાત સહિતના દેશના અનેક રાજયોમાં ઉનાળો આકરો રહેવાના સ્પષ્ટ એંધાણ વર્તાય રહ્યા છે. રાજયના ૭ જિલ્લામાં આગામી મંગળવાર સુધી હિટવેવની આગાહી આપવામાં આવી છે.

આજે ભાવનગર જીલ્લામાં હિટવેવની અસર દેખાવા લાગશે. પોરબંદર, વેરાવળ, ભાવનગર સહિતના વિસ્તારોમાં ગરમીનું જોર દેખાશે આજે સવારે અમદાવાદમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. ગાઢ ધુમ્મસનું આવરણ છવાયું હતું. રાજકોટમાં આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો.

શુક્રવારે ભુજ ૩૭.૨ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જયારે અમદાવાદનું તાપમાન ૩૬.૩ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૬ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૩.૨ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૪.૫ ડીગ્રી, દમણનું તાપમાન ૩૨ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૫.૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૫.૩ ડિગ્રી, દિવનું તાપમાન ૩૦ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૮.૪ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૦.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૧.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૬.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૨ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૦.૨ ડિગ્રી નોંધાયું હતું.

આજથી ચાર દિવસ રાજયના સાત જીલ્લામાં ગરમીનો પારો ઉંચકાશે, આકરા ઉનાળાનો આરંભ થઈ જશે.

રાજયમાં માર્ચ મહિનાના આરંભે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી ગયો હતો.આ વર્ષે ઉનાળો તમામ રેકોર્ડ બ્રેક કરે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા અગાઉ જ વ્યકિત કરવામાં આવી છે. મેં મહિનામાં તાપમાન ૪૭ ડિગ્રી પહોંચી જાય તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. રાજયના સાત જિલ્લાઓમાં આજથી ચાર દિવસ માટે હીટવેવની આગાહી આપવામાં આવી છે. બીજી તરફ આજે સવારે અમદાવાદના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ગાઢ ધુમ્મસ છવાયું હતું રાજકોટમાં પણ સવારે થોડી ઠંડક રહી હતી ધુળેટીને દિવસે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી પહોંચી ગયું હતું.

# બ્રેવો...યુપીએસસીના ટોપર બની રહ્યા છે ખેડૂતોના મહેનતું પુત્રો



## રાજસ્થાનના કોટાનો અનુજ અગ્નિહોત્રી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે ચમક્યો

**અબતક, રાજકોટ**

યુપીએસસીની પરીક્ષામાં હવે નામી શૈક્ષણિક સંસ્થઓના નહીં પરંતુ ખેડૂતોના મહેનતું પુત્રો ટોપર બની રહ્યા છે.યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ગત ડિસેમ્બરથી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા પર્સનલ ઈન્ટરવ્યૂમાં સ્પીપામાંથી સૌથી વધુ ૩૪ ઉમેદવારો સિવિલ સર્વિસ માટે પસંદગી પામ્યા છે. ૮૨ ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યૂ આપ્યા હતા. રાજસ્થાનના કોટાના ઉમેદવાર અનુજ અગ્નિહોત્રી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યા છે.

યુપીએસસી દ્વારા ગત મે માસમાં લેવાયેલી સિવિલ સર્વિસ પ્રિલિમ પરીક્ષાનું પરિણામ ૧૧

(અનુ. આઠમા પાને)

## યુપીએસસીની પરીક્ષામાં ગુજરાતના ૩૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ

### દિશાંત નિસારે ટોપ-૨૦માં સ્થાન મેળવ્યુંઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શૂભકામના પાઠવી





યુપીએસસીની પરીક્ષાનું પરિણામ ગઇકાલે જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત માટે સૌથી ગૌરવની વાતએ છે કે ગુજરાતના ૩૪ ઉમેદવારો ઉતીર્ણ થયા છે. નિસાર દિશાંત અમૃતભાઈ ઓલ ઈન્ડિયા રેન્કિંગમાં ૧૯માં ક્રમે ઝળકયો છે. યુપીએસસીની પરીક્ષામાં સફળ થયેલા તમામ છાત્રોને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્ય માટે શૂભકામના પાઠવી છે.

સ્પીપા થકી ગુજરાત સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પૂરી પાડવામાં આવતી ઉત્તમ તાલીમ, પ્રોત્સાહક વાતાવરણ અને રાજયના યુવાનોની અથાગ મહેનત સફળતાના શિખરો સર કરી રહી છે.

યુપીએસસીની પરીક્ષામાં નિસાર દિશાંત અમૃતલાલ ઉપરાંત વિપુલભાઈ ચૌધરી, ભાવેશ જગલાણ, પંકજ સોની, સૌરભ શર્મા, તુષાર મેંદપરા, કિર્તન ભટ્ટ, અનિકેત પટેલ, જીતેન્દ્ર પ્રજાપતિ, સવન સરવદિયા, કોમલ માવી, રાહુલ, શ્રેય, પ્રિયદર્શી, કિશનકુમાર રામ, સૌરભ, મહમદ હાસ્મી, નિશાંત પ્રિયદર્શી, પ્રવિણ કોલાપે, અશુંલ યાદવ, જૈનીશ્રી ચૌહાણ, જીતકુમાર નામ્હા, આદિત્ય અમરાણી, સત્યમ પાંડે, પ્રદિપભાઈ પરમાર, મીહિરભાઈ પટેલ, અભિષેક મીણા, હિમાંશુ વર્મા, સ્નેહ પટેલ, સાગર જાદવ, વિરેન પરમાર, નરેન્દ્રભાઈ રાઠોડ, પંથ રાજપાલ,

(અનુ. આઠમા પાને)

# સુરતના ડીંડોલીમાં સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળતાં ખળભળાટ

## કોલેજ જવા નીકળેલી બંને યુવતીઓની મંદિર પરિસરમાંથી લાશ મળતા અનેક સવાલઃ અકસ્માત, આપઘાત કે અન્ય કંઈ? પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા સણીયા કણદે રોડ પર સ્થિત આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના બાદ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે.


ઘટના અંગે મળતી માહિતી મુજબ, ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થિનીઓ સવારે કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. મૃતક યુવતીઓની ઓળખ ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોસના અતુલ ચૌધરી તરીકે થઈ છે.

કોલેજ ગયા બાદ બંને યુવતીઓ મોડે સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. પરિવારના સભ્યો સતત ફોન કરી રહ્યા હતા પરંતુ કોઈ જવાબ મળી રહ્યો નહોતો. અંતે, મંદિર પરિસરના બાથરૂમમાંથી બંનેની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.

ઘટનાની જાણ થતા જ ડીંડોલી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બંને યુવતીઓના મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. આ મોત આકસ્મિક છે, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ, તે જાણવા માટે પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે. મંદિર જેવા પવિત્ર પરિસરમાં બે યુવાન દીકરીઓના રહસ્યમય મોતે અનેક સવાલો ઉભા કર્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ આ મૃત્યુ પાછળનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# સ્વાદ રસિકો આનંદોઃ ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવક

## પ્રથમ આવકમાં કેરીના ચાર બોકસ આવ્યાઃ મુહુર્તમાં એક કિલોના ભાવ રૂ. ૫૦૧ બોલાયા



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

કેરીનો સ્વાદ માણવા માટે તલ પાપડ થઈ રહેલા સ્વાદ રસિકો માટે આનંદના સમાચાર મળી રહ્યા છે. ગોંડલ માકેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવકના શ્રી ગણેશ થયા છે.

સૌરાષ્ટ્રનું અગ્રીમ ગણાતું ગોંડલ માકેટીંગ યાર્ડ જણસી સાથે ફળ ફ્રુટમાં પણ અવ્વલ દરજજો ધરાવે છે. ફળોના રાજા ગણાતા કેસર કેરીનું વિધિવત આગમન ગોંડલ યાર્ડમાં થતાં કેરી રસિકો માટે સારા સમાચાર છે. ગોંડલ માકેટીંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે પ્રથમ કેસર કેરીના ૪ બોકસ ની આવક થઈ હતી. જેના હરરાજીમાં મુહુર્ત ના ભાવ એક કિલોના ૫૦૧ રૂપિયા ભાવ બોલાયા હતા.

આ વર્ષે શિયાળાની સિઝનમાં

(અનુ. આઠમા પાને)

# પાંડેસરા જીઆઈડીસીમાં ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર શ્રમીકોના ગુંગળામણથી મોત

## ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા જતાં ગેસ લિકેજ ચાર યુવકોએ સારવારમાં દમ તોડી દેતાં અરેરાટી



**અબતક, રાજકોટ**

સુરતના પાંડેસરા જીઆઈડીસી ખાતે આવેલા ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર શ્રામિકોને ગૂંગળામણ થતાં તમામ સારવાર માટે તમામને હોસ્પિટલ ખસેડાયા હતા. ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચારેય યુવકના મોત નિપજ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાંડેસરા ગણેશનગર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય સોનુકુમાર ઉર્ફે ધનજંય કમલેશ પાસવાન, દિનુકુમાર ઉર્ફે અંકિત રવિન્દ્ર પાસવાન (ઉં.વ.૨૦), મહેન્દ્ર મેસર પાસવાન અને સંદીપ સંતોષ પાસવાન ગુરૂવારે(૫ માર્ચ, ૨૦૨૬) રાત્રે પાંડેસરા જીઆઈડીસીમાં આવેલા ન્યુ પારસ ડાઈંગ મિલમાં આવેલી કેમિકલની ટાંકીમાંથી ઈલેક્ટ્રિક મોટરની મદદથી પાણી બહાર કાઢવા અને ટાંકીમાં જમા થયેલો કચરો સાફ કરવા માટે શ્રમિકો ઉતર્યા હતા. આ દરમિયાન ટાંકીમાં રહેલી ગેસની પાઈપમાંથી અચાનક કેમિકલનો ગેસ લીકેજ શરૂ થતા ટાંકીની અંદર ગેસ ફેલાઈ ગયો હતો.

ગેસ લીકેજના કારણે ચારેય શ્રામિકને ગૂંગળામણ થવા લાગી હતી અને થોડા જ સમયમાં તેઓ ટાંકીની અંદર બેભાન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં મિલના મેન્ટેનન્સ વિભાગના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને જહેમત બાદ ચારેય શ્રામિકને ટાંકીમાંથી બહાર કાઢયા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન સોનુકુમાર ઉર્ફે ધનજંયનું ગુરૂવારે મોડી રાત્રે જ મોત થયું હતું.

ત્યારબાદ શુક્રવારે(૬ માર્ચ) સવારે દિનુકુમાર ઉર્ફે અંકિત રવિન્દ્રનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે શુક્રવારે સાંજે મહેન્દ્ર અને સંદીપનું પણ ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતક ધનંજયના પાંચ વર્ષ પહેલા જ લગ્ન થયા હોવાનું પરિવારે જણાવ્યું હતું.

આ બનાવ અંગે પાંડેસરા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ચારેય મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક ચારેય યુવક કંપનીના કર્મચારી નહોતા. તેમને કોન્ટ્રાક્ટ હેઠળ બહારથી કેમિકલની ટાંકી સાફ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા.

### શ્રમીકોની સુરક્ષામાં બેદરકારી? પોલિસ તપાસનો ધમધમાટ

સમગ્ર મામલે પોલીસે ગેસ લીકેજ કેવી રીતે થયો તેમજ સુરક્ષા વ્યવસ્થામાં કોઈ બેદરકારી હતી કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. મૃતક સંદીપ સંતોષ પાસવાનનો પરિવાર વતનમાં રહેતો હતો અને તે શહેરમાં પાંડેસરાના ગણેશનગરમાં વતનના અન્ય લોકો સાથે રહી મજૂરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો.